Saturday 03, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ-સુરત વચ્ચે નવી મેમુ ટ્રેનને લીલી ઝંડી અપાઈ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ લોકસભા મતવિસ્તારના દૈનિક મુસાફરો, નોકરિયાતો, વેપારીઓ અને વિદ્યાર્થીઓની લાંબા સમયની માંગણીને ધ્યાને રાખીને રેલવે બોર્ડ દ્વારા વલસાડથી સુરત વચ્ચે નવી મેમુ ટ્રેન મંજૂર કરવામાં આવી છે. આજે વલસાડ રેલવે સ્ટેશન પર આયોજિત એક કાર્યક્રમમાં વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ તથા વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ દ્વારા સંયુક્ત રીતે લીલી ઝંડી આપી આ નવી મેમુ ટ્રેનની પ્રારંભિક યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વલસાડ અને સુરત વચ્ચે દરરોજ હજારોની સંખ્યામાં નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને પાસ હોલ્ડરો આવન-જાવન કરે છે. આ નવી મેમુ ટ્રેન શરૂ થવાથી મુસાફરોના સમયની બચત થશે અને દૈનિક આવાગમન વધુ સરળ, ઝડપી અને સુવિધાજનક બનશે, સાંસદે વધુમાં ઉમેર્યું હતું કે પ્રજાના હિત અને દૈનિક પ્રવાસીઓની સુવિધા માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. આ નવી શરૂ થયેલી મેમુ ટ્રેનનો સમય કોરોના મહામારી પહેલાં દોડતી લોકપ્રિય 'વિરાજ શટલ' મુજબ સવારે ૧૧:૦૦ વાગ્યાનો કરવામાં આવે, જેથી મુસાફરોને મહત્તમ લાભ મળી શકે, તે અંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવજીને ખાસ રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત વલસાડ સંસદીય વિસ્તારના વિવિધ રેલવે સ્ટેશનો પર પ્રવાસી સુવિધાઓ વધારવા સંદર્ભે પણ રેલવે મંત્રાલય સમક્ષ સક્રિય રજૂઆતો કરવામાં આવી છે કાર્યક્રમ દરમિયાન વલસાડ રેલવે વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ, કાર્યકરો તથા મોટી સંખ્યામાં દૈનિક મુસાફરો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા અને નવી ટ્રેનની શરૂઆત બદલ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી

## વલસાડ જિલ્લામાં પીએમ-સેતુ યોજનાના અમલીકરણની જાહેરાત

# વલસાડ જિલ્લાની પાંચ ITI ની કાયાકલ્પ થશે

### 'PM-SETU' યોજના હેઠળ રૂ. ૨૪૦ કરોડનું થશે રોકાણ : કેન્દ્ર સરકાર રૂ. ૧૨૦ કરોડ, રાજ્ય સરકાર રૂ. ૮૦ કરોડ અને સ્થાનિક ઉદ્યોગો રૂ. ૪૦ કરોડનું ફંડ ફાળવશે

### આવનાર ૫ વર્ષમાં તાલીમાર્થીઓને આધુનિક કૌશલ્ય તાલીમ સાથે ઓન-ધ-જોબ ટ્રેનિંગ અને ૧૦૦% રોજગારીની તકો મળશે : મેરિલ લાઈફ સાયન્સ, શ્રીમદ્ રાજચંદ્ર ટ્રસ્ટ અને હુબર ગ્રૂપ અત્યાર સુધીમાં મુખ્ય સહભાગીદાર બન્યા



(દમણગંગા ટાઈમ્સ)

**વાપી-વલસાડ, તા. ૦૨ :** રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને અને જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનની ઉપસ્થિતિમાં વાપીના વીઆઈએના કોન્ફરન્સ હોલ ખાતે પીએમ- સેતુ યોજનાના અમલીકરણની જાહેરાત અંગે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પત્રકાર પરિષદને સંબોધન કરતા મંત્રી કનુભાઈએ જણાવ્યું કે, ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે વલસાડ જિલ્લામાં કૌશલ્ય વિકાસ અને રોજગારી ક્ષેત્રે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. જિલ્લાના યુવાનોને વર્તમાન સમયની ઉદ્યોગ જગતની જરૂરિયાતો મુજબ સક્ષમ બનાવવા માટે PM-SETU' (Pradhan Mantri Skilling and Employability Transformation through Upgraded ITIs) યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં રૂ. ૨૪૦ કરોડના વિશાળ રોકાણ સાથે વલસાડ જિલ્લાની ૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) નું આધુનિકીકરણ (અપગ્રેડેશન) કરવામાં આવશે.

આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૨૦ કરોડ અને ગુજરાત સરકાર દ્વારા રૂ. ૮૦ કરોડનું ફંડ ફાળવવામાં આવશે. જ્યારે બાકીનું રૂ. ૪૦ કરોડનું ફંડ વલસાડ જિલ્લાના અગ્રણી ઉદ્યોગોના ભાગીદારી સહયોગથી એકત્રિત કરવામાં આવશે. યોજનાના સફળ અમલીકરણ માટે જિલ્લાની નામાંકિત સંસ્થાઓ અને ઉદ્યોગો સાથે વિશેષ કરાર કરવામાં આવ્યા છે. જેમાં મેરિલ લાઈફ સાયન્સ દર વર્ષે રૂ. ૨ કરોડ (૫ વર્ષમાં કુલ રૂ. ૧૦ કરોડ), શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટ દર વર્ષે રૂ. ૧ કરોડ (૫ વર્ષમાં કુલ રૂ. ૫ કરોડ) અને હ્યુબર ગ્રૂપ દર વર્ષે રૂ. ૧ કરોડ (૫ વર્ષમાં કુલ રૂ. ૫ કરોડ) આપશે. આ ઉપરાંત આગામી સમયમાં જિલ્લાના અન્ય ખ્યાતનામ ઉદ્યોગો જેવા કે યુ.પી.એલ. (UPL), વારી એનર્જીસ, ડોમ્સ (DOMS), આરતી ઈન્ડસ્ટ્રીઝ, પીડીલાઈટ, બાયર, સ્કોટ પુનાવાલા, મેક્લોઈડ અને વેસ્ટર્ન રેફ્રીજરેશન પણ આ યોજનામાં જોડાવા તત્પર છે.

મંત્રી કનુભાઈએ વધુમાં જણાવ્યું કે, આઈટીઆઈમાં નવા કોર્સ જેવા કે, એ.આઈ., એરો સ્પેસ, સેમી કન્ડક્ટર, સોલાર એનર્જી, ડ્રોન, રોબોટીક્સ સહિતના અનેક નવા કોર્સની તાલીમ અપાશે.

જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને જણાવ્યું કે, સમગ્ર ગુજરાતમાં સુરત બાદ બીજા નંબરે વલસાડ જિલ્લામાં પીએમ સેતુ યોજનાનો અમલ થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓને નવા કોર્સ શીખવવામાં આવશે. આ યોજના હેઠળ જિલ્લાના પારડી ITIને મુખ્ય તથા હબ અને અન્ય ચાર ITIને સ્પોક તરીકે વિકસાવવામાં આવશે. હબમાં ચાર અને સ્પોક સંસ્થાઓમાં બે નવા કોર્સ શરૂ થશે, જ્યારે અન્ય અભ્યાસક્રમોને પણ અપગ્રેડ કરવામાં આવશે. આ હબ આઈટીઆઈમાં નવા ચાર કોર્સ અને સ્પોક આઈટીઆઈમાં બે કોર્સ નવા શીખવાશે. બાકીના કોર્સ અપગ્રેડ કરાશે. સ્થાનિક ઈન્ડ્રસ્ટીઝની જરૂરીયાત મુજબ કોર્સ ડિઝાઈન કરાશે.જેનાથી રોજગારી વધશે, પગાર ધોરણ સારૂ મળશે. અત્યાર સુધી આવી કોઈ યોજના આવી નથી કે જેમાં સ્કિલ પર આટલો બધો ભાર મુકાયો હોય.આ યોજનાથી વિકાસને પણ વધુ વેગ મળશે અને સ્કિલ કર્મચારીઓ માટે બહારના રાજ્યો પર નિર્ભરતા ઘટશે. તમામ સંસ્થાઓ વચ્ચે આધુનિક સાધન-સામગ્રી, લેબોરેટરી અને સંસાધનોનું સુચારુ આદાન-પ્રદાન થઈ શકશે. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લાના અગ્રણી ઉદ્યોગોના સંયુક્ત પ્રયાસથી વલસાડ જિલ્લાના હજારો યુવાનોને સ્થાનિક કક્ષાએ જ ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમ અને રોજગારી-સ્વરોજગારની ઉત્તમ તકો પ્રાપ્ત થશે. આ પ્રેસ કોન્ફરન્સમાં વાપી વીઆઈએના પ્રેસિડેન્ટ સતિષભાઈ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ મગન સાવલિયા, સેક્રેટરી કલ્પેશ વોરા, ખજાનચી રાજુલ શાહ, પારડી પ્રાંત અધિકારી નિરવ પટેલ, એસઆઈએના પ્રેસિડેન્ટ કૌશિક પટેલ, વીઆઈએના એડવાઈઝરી બોર્ડ મેમ્બર સર્વ યોગેશ કાબરીયા, શીરિષ દેસાઈ, પ્રકાશ ભદ્રા, પારડી આઈટીઆઈના ઈન્ચાર્જ આચાર્ય ધ્રુવ પટેલ સહિત મોટી સંખ્યામાં જિલ્લાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા કર્મીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### યુવાનોને કયો લાભ મળશે?

અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવીન કોર્સ : ITI માં નવીનતમ મશીનરી અને ઉદ્યોગ જગતની જરૂરિયાત મુજબના નવા અભ્યાસક્રમો શરૂ થશે.

ઓન-ધ-જોબ ટ્રેનિંગ (OJT): પુસ્તકીય જ્ઞાન સાથે યુવાનોને ઉદ્યોગોમાં રૂબરૂ કામ કરવાનો અનુભવ અને એપ્રેન્ટિસશીપ આપવામાં આવશે. પ્લેસમેન્ટ અને કરિયર ગાઈડન્સ : ખાસ પ્લેસમેન્ટ સેલ, સોફ્ટ સ્કિલ તાલીમ અને ઉદ્યોગ સાહસિકોના સીધા માર્ગદર્શન હેઠળ તાલીમ પૂર્ણ થતાં જ તાત્કાલિક રોજગારીની તકો ઉપલબ્ધ કરાવાશે.

## મોગરાવાડીમાં મંજુરી વગર રસ્તો ખોદી નાંખ્યો

### જેસીબી ઓપરેટરને રૂા. ૧૧.૭૬ લાખની નોટીસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ નગરપાલિકા દ્વારા પાલિકાની પરવાનગી વગર મનસ્વી રીતે સરકારી રસ્તો ખોદી નાખવાના મામલે પાલિકાની મિલકતને નુકસાન પહોંચાડવા બદલ 'સાઈ કૃપા અર્થ મૂવર્સ'ના સંચાલકને નોટિસ ફટકારી રૂા. ૧૧.૭૬ લાખ રૂપિયાનો દંડ ભરવા જણાવતા પાલિકાના સભ્યોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

વલસાડ નગર પાલિકા હદ માં આવતાં વોર્ડ નં ૩ અને ૪ માં મણિનગરમાં તા. ૨૨-૦૭-૨૦૨૬ના રોજ મોગરાવાડી વિસ્તારમાં આવેલા સનરાઈઝ રેસિડન્સીથી મોટા તળાવ તરફ જતા રોડ પર અંદાજે ૧૨૦ મીટર જેટલો રસ્તો પાલિકાની જાણ બહાર ખોદી નાખવામાં આવ્યો હતો. આ કામગીરી માટે જીજે-૧૫-એસ.વી.-૦૩૯૯ નંબર વાળું જેસીબી થી રસ્તો ખોદી કાઢવામાં આવતાં પાલિકાને ભરે આર્થિક નુકસાન પહોંચાડવામાં આવત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૧૮૮ મુજબ, ચીફ ઓફિસરની લેખિત મંજૂરી વગર કોઈપણ જાહેર રસ્તો ખોદી શકાતો નથી તેમજ કલમ ૨૪૮ હેઠળ મિલકતને થયેલા નુકસાનની ભરપાઈ કરવાની રહે છે.

આ નિયમો હેઠળ સરકારની મંજૂર થયેલા SOR મુજબ ખોદાયેલા રોડને રીસ્ટોર કરવા માટે ૧૧,૭૬,૧૦૦ રૂપિયાનું નુકસાન કર્યું છે. જે બદલ પ્રિયાંક આહીર રહે. મિશન કોલોની, હાલર વલસાડને નોટિસ ફટકારતા પાલિકાના સભ્યો માં ફફડાટ ફેલાઈ ગયો છે.

પાલિકાના ચીફ ઓફિસર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે આ રકમ ૭ દિવસમાં કચેરી માં જમા કરાવવી. જો નિર્ધારિત સમયમાં રકમ ભરપાઈ કરવામાં કસૂર થશે, તો સંબંધિત વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે તેમજ રેવન્યુ રાહે મિલકત પર બોજો દાખલ કરવા સુધીનાં કડક પગલાં લેવામાં આવશેની ચીમકી આપી છે. નોટિસ આપી અને બે મહિના થવા તેમ છતાં આજદિન સુધી દંડની રકમ નહીં ભરવામાં આવી તેમ છતાં નગરપાલિકા માત્ર નોટિસ આપી સંતોષ માની રહી છે. વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસર સાઈકૃપા અર્થ મૂવર્સના જેસીબી માલિક પાસેથી દંડ વસુલાત કરશે કે તેની સામે પોલીસ ફરિયાદ ફરિયાદ કરશે. તેવી ચર્ચાઓ નગરપાલિકા સભ્યોમાં ઉઠી છે.

**દમણગંગા ટાઈમ્સ**

**દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com

### પશ્ચિમ લક્ષદ્વીપ વિસ્તારમાં પાકિસ્તાની બોટ ૩૦૦૦ કરોડના ડ્રગ્સ સાથે ઝડપાઈ હતી

# પાકિસ્તાની બોટને નારગોલ લવાતાં કુતુહલ



(દમણગંગા ટાઈમ્સ)

**ઉમરગામ, તા. ૦૨ :** વલસાડમાં ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત ATSએ ઝડપેલ ડ્રગ્સનો મામલો સામે આવ્યો છે. પકડાયેલી બોટને ઉમરગામના નારગોલ દરિયાકિનારે લાવવામાં આવી છે. ગુજરાત મરીન પોલીસ બોટને નારગોલ જેટી પર લાવી છે. ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે બોટને કિનારે લાવવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે બોટને નારગોલ લવાઈ હોવાનું પ્રાથમિક અનુમાન છે.

અરબસાગરના પશ્ચિમ લક્ષદ્વીપ વિસ્તારમાં પાકિસ્તાની બોટ ઝડપાઈ હતી. પકડાયેલી બોટનું નામ આઝાદ હોવાનું સામે આવ્યું છે. ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ૩ હજાર કરોડ હોવાનો અંદાજ છે. બોટમાં ૪થી ૫ પાકિસ્તાની નાગરિકો સવાર હોવાની માહિતી પણ સામે આવી છે. તમને જણાવી દઈએ કે, અરબી સમુદ્રમાં લક્ષદ્વીપ નજીકથી પાકિસ્તાની બોટ ઝડપાઈ હતી. આ ઝડપાયેલી બોટનું નામ 'આઝાદ' હોવાનું સામે આવ્યું છે.

૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ લક્ષદ્વીપ નજીક અરબી સમુદ્રમાં સુરક્ષા એજન્સીઓને મોટી સફળતા મળી છે. ગુજરાત ATS, સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી અને ભારતીય કોસ્ટ ગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધરી શંકાસ્પદ ઈરાની ધોને અટકાવી હતી.

ગુપ્તચર માહિતીના આધારે હાથ ધરાયેલા આ ઓપરેશન દરમિયાન ધોની હિલચાલ પર નજર રાખવામાં આવી હતી.ઓપરેશન દરમિયાન ધોમાંથી કુલ ૫૨૬ કિલો હેરોઈન અને મેથામ્ફેટામાઈન જપ્ત કરવામાં આવ્યું હતુ. જપ્ત કરાયેલા ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય ગેરકાયદેસર બજાર કિંમત ૩ હજાર કરોડથી વધુ હોવાનો અંદાજ છે.

આ જથ્થો દરિયાઈ માર્ગે ભારતમાં લાવવામાં આવી રહ્યો હતો કે અન્ય કોઈ સ્થળે પહોંચાડવાનો હતો તે અંગે એજન્સીઓ તપાસ કરી રહી છે. ડ્રગ્સ સાથે ધોમાં સવાર પાંચ પાકિસ્તાની ક્રૂ મેમ્બરની ધરપકડ કરવામાં આવી હતી.

**દમણગંગા ટાઈમ્સમાં**

**શ્રદ્ધાંજલિ અને બેસણું**

તમારા આત્મીયજનોના શોક સંદેશ તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરવું એકદમ સરળ

નીચે દર્શાવેલ નંબર પર તમારી મેટર વોટસએપ કરો

ઓફિસ : ૯૮૨૫૧ ૨૨૫૦૫

| સાઈઝ | કિંમત |
|---|---|
| ૫ X ૨(૧૦ સીસી) | રૂા. ૩૫૦ /- (ફિક્સ) વધારાના પ્રતિ સીસી રૂા. ૬૦/- |

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S

**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary

SPECIAL OFFERS

Early Bird Discount — Till 31st March

FREE Textbooks — From Nursery to Std 10

Special Concession — On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191



દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


## ગણદેવીમાં '૭૭મો વન મહોત્સવ' ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૨ :** ગણદેવી તાલુકા કક્ષાનો ૭૭મો વન મહોત્સવ ગુરુવાર સવારે ગણદેવી નગરપાલિકા અટલજી હોલમાં યોજાયો હતો. પર્યાવરણ ની સમસ્યાના ઉપાય માટે વન, વૃક્ષ ઉછેર સમયની માંગ છે એવી હૃદયસ્પર્શી હાકલ કરાઈ હતી.

નવસારી સામાજિક વનીકરણ વિભાગના ગણદેવી (રેંજ) તાલુકા કક્ષાનો ૭૭માં વન મહોત્સવમાં વન વિભાગની ઉત્કૃષ્ટ કામગીરી ને બિરદાવવામાં આવી હતી. વન વિભાગના ફોરેસ્ટર ચેતન પટેલ એ સૌને આવકારી વર્ષભરની કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. સામાજિક વનીકરણ કાર્યક્રમ અંતર્ગત ઉજજડ તથા બિન ઉપજાઉ જમીનમાં મોટાપાયે વનીકરણ કરવું, રાજ્ય અને તાલુકાનું ગ્રીન કવર વધારવું તેમજ લોકોને જાગૃત કરી જનભાગીદારી વધારી વૃક્ષો થકી લોકોની આજીવિકા માં વધારો કરવા સરકાર કટિબદ્ધ છે. ગણદેવી રેન્જ માં ચાલુ વર્ષે જુદી જુદી યોજના હેઠળ અનેક વિસ્તારોમા ૮૨,૭,૧૧ વૃક્ષોનું વાવેતર કરાયું છે,

એંધલ, અજરાઈ, ખાપરવાડા ખાતાકીય નર્સરી તેમજ જુદા જુદા ગામો માં ડીસીપી અને એસએચજી ગ્રુપ નર્સરી મળી ૭ લાખ જેટલા રોપા નો ઉછેર કરાયો હતો. તેમજ રોપા વિતરણ કરાયા હતા. તદઉપરાંત ચાલુ વર્ષે ગણદેવી તાલુકાના ગામો અને ગણદેવી શહેરમાં ૧૦૦ થી વધુ વિવિધ જાતો નાં રોપા વાવેતર કરી વન કવચ નાં નિર્માણ કરાયા છે. ગણદેવી નગરપાલિકા સ્મશાન ભૂમિ નજીક ૧૦ હજાર રોપા ઉછેરી અર્બન વન કવચ નું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે પર્યાવરણ અને વન્ય જીવો માટે શ્રેષ્ઠ કામગીરી કરનારા ૮ પ્રકૃતિ પ્રેમીઓને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. સમારંભનાં અધ્યક્ષ ગણદેવી પાલિકા પ્રમુખ અનિતા ભંડારી, અતિથિ વિશેષ ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ, તુષાર પટેલ, ઉપપ્રમુખ મહેશ હળપતિ, પાર્થિવ નાયક, રાજેશ પટેલ, શૈલેષ હળપતિ, સીઓ પ્રાચી દોશી એ વૃક્ષરથ ને લીલીઝંડી આપી હતી. આ પ્રસંગે પ્રાણલાલ પટેલ, મનોજભાઈ પટેલ, ભાનુબેન પટેલ, જિજ્ઞા વૈદ્ય, ડૉ. હાર્દિક વૈદ્ય, સરસ્વતી પટેલ, નટુભાઈ પટેલ વન વિભાગના ચેતન પટેલ, અંકિતા પટેલ, ભાવિન પટેલ, કિશોર પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### વઘઈ પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા

## નડગખાડીમાં પશુ સારવાર કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૨ :** પશુ વિજ્ઞાન કેન્દ્ર (પી.વી.કે.), વઘઈ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ વિશ્વવિદ્યાલય, વઘઈ અને વેટરનરી પોલિક્લિનિક-આહવા, જી. ડાંગના સંયુક્ત ઉપક્રમે તા.૨૯/૦૯/૨૦૨૬ના રોજ નડગખાદી ગામે ખાતે પશુ સારવાર અને કૃમિનિવારણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં પશુપાલકો દ્વારા મોટી સંખ્યામાં ભાગ લેવામાં આવ્યો હતો. ગામના કુલ ૩૦ પશુપાલકો પોતાનાં ૪૦ પશુઓ સાથે હાજર રહેલ હતા. કેમ્પમાં નિષ્ણાંત તરીકે ડૉ. એમ. એમ. ઈસ્લામ, ડૉ. એસ. બી. કાપડી અને ડૉ. યશ પટેલ તથા પશુ માદા રોગ નિષ્ણાંત તરીકે ડૉ. એચ. સી. શર્મા એ ભાગ લીધો હતો. આ પશુ સારવાર કેમ્પમાં વિવિધ પ્રકારની પશુઓને લગતી સમસ્યાઓ જોવા મળી હતી, જેવી કે રીપીટ બ્રીડીંગ, ખસીકરણ, એનિસ્ટ્રસ, અપચો, ગાંઠનું, ઘા, મસ્ટાઈટીસ/ બાવલા નો સોજો વગેરે. આ સમસ્યાઓની સારવાર નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. તદ-ઉપરાંત, પશુઓમાં કૃમિનિવારણ પણ કરવામાં આવ્યું હતું.

નિષ્ણાતો દ્વારા પશુપાલકોને પશુપાલનમાં ઉદ્ભવતા સ્વાસ્થ્યને લગતા વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી તેમના પ્રશ્નોનું નિરાકરણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ડાંગ વિસ્તારમાં જોવા મળતા પશુરોગના પ્રસારને અટકાવવા માટે અગાઉથી લેવાય તેવા પ્રતિરોધાત્મક ઉપાયો અંગે પણ પશુપાલકોને સમજણ પણ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન પશુપાલકોને પ્રોત્સાહનના ભાગરૂપે પશુને જરૂરિયાત મુજબ મિનરલ મિક્ષ્ચરનું પણ વિતરણ કરવામાં આવ્યું, જે પશુપાલકો માટે ખુબજ લાભદાયી સાબિત થશે.

આ સમગ્ર કાર્યક્રમ ડૉ. એમ. એમ. ઈસ્લામ (ઇન્ચાર્જ, પી.વી.કે.), ડૉ. વી. એસ. ડબાસ (આચાર્ય, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ વિશ્વવિદ્યાલય, નવસારી) તથા ડૉ. જે. એસ. પટેલ (વિસ્તરણ શિક્ષણ નિયામક, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર) ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. પશુ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ દ્વારા કરવામાં આવતી આવી પ્રવૃત્તિઓ ગ્રામ્ય વિસ્તારોમાં વસતા પશુપાલકોને પશુપાલન તરફ પ્રોત્સાહન આપીને આત્મનિર્ભરતાની દિશામાં પ્રેરણા આપે છે.

## આહવામાં આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૨:** વિકસિત ભારત-જન સેવા અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે રાજ્યકક્ષાના મંત્રી વ ડાંગના પ્રભારી મંત્રી ડો.જયરામભાઇ ગામીત સહિતના મહાનુભાવોના અધ્યક્ષ સ્થાને આહવા ઘટકના મિશનપાડા આંગવાડી કેન્દ્ર ખાતે 'આંગણ મિલન સેવા' નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોના પોષણ, વિકાસ અને ઉજ્જવળ ભવિષ્યની વાતો કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રભારી મંત્રી ડો.જયરામભાઇ ગામીત, વલસાડ-ડાંગના સાંસદ સભ્ય ધવલભાઇ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતુ.

આ પ્રસંગે મંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મિશનપાડા આંગણવાડી કેન્દ્રના લાભાર્થીઓને ટેક હોમ રાશન, બાળકોને ફળ અને લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડીના તંદુરસ્ત બાળક સ્પર્ધાના વિજેતા બાળકોને ‐ત્સાહન ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. આંગણવાડી કાર્યકર, તેડાગર અને આશા વર્કરનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલ, ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઇ ગામીત, જિલ્લા કલેક્ટર એન.ડી. પરમાર, જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, સુરત ઝોન કક્ષાના અધિકારી તેમજ ડાંગ ભાજપા પાર્ટીના પ્રભારી શિલ્પેશભાઇ દેસાઇ, પાર્ટી પ્રમુખ સુરેશભાઇ ચૌધરી સહિત આઈ.સી.ડી.એસ. વિભાગના અધિકારી-કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો, તેડાગરો, આશા વર્કરો તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વ. બી. એચ. પટેલની સ્મૃતિમાં

## ઓઝરડાના ૨૩૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ-બ્લેન્કેટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૨ :** સેવાભાવના પ્રતીક સમાન સ્વ. બી. એચ. પટેલ સાહેબના સેવાકાર્યોને જીવંત રાખવા બીલીમોરાની ચાર અગ્રણી સેવાભાવી સંસ્થાઓ,જય જલારામ માનવ સેવા ટ્રસ્ટ, જાયન્ટ્સ ગ્રુપ, લાયન્સ ક્લબ અને હરિયાળી ગ્રુપ ટ્રસ્ટ દ્વારા કપરાડા તાલુકાના અતિ અંતરિયાળ ઓઝરડા પ્રાથમિક શાળા ખાતે પ્રેરણાદાયી સેવા યજ્ઞ યોજાયો હતો. આ ઉપક્રમે ધોરણ ૧ થી ૮ ના ૨૩૦ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, યુનિફોર્મ, નોટબુક્સ તથા આગામી શિયાળાની ઋતુને ધ્યાને રાખી બ્લેન્કેટનું વિતરણ કરી સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આદિવાસી વિસ્તારના ભૂલકાઓ નવી શૈક્ષણિક સામગ્રી મેળવી ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા. સંસ્થાના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે સ્વ. બી. એચ. પટેલ સાહેબનું સ્વપ્ન છેવાડાના માનવી સુધી શિક્ષણ પહોંચાડવાનું હતું, જેને સાકાર કરવાનો આ પ્રયાસ છે. આ પ્રસંગે ચારેય સંસ્થાના પ્રમુખઓ, સભ્યો, શાળા પરિવારે અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તથા શાળાના આચાર્યએ તમામ દાતા સંસ્થાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## ભીનારમાં સરપંચનું 'ટીબી મુકત પંચાયત એવોર્ડ'થી સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૨ :** વાંસદા તાલુકા ના ભીનાર ગામને 'TB મુક્ત પંચાયત એવોર્ડ'થી આરોગ્ય વિભાગ અધિકારી સ્નેહલ પટેલ દ્વારા ભીનાર ગામના સરપંચ જિતેન્દ્ર ભાઈ પટેલ ને ભીનાર ગ્રામપંચાયત ખાતે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા. ભીનાર ગામને TB મુક્ત પંચાયત એવોર્ડ પ્રાપ્ત થવો એ સમગ્ર ગ્રામજનો માટે ગૌરવની બાબત છે. આ સિદ્ધિ ગામના લોકો, ગામના આગેવાનો, સરપંચ તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓના સહિયારા પ્રયાસો અને સતત જનજાગૃતિના પરિણામે ‐પ્ત થઈ છે. ગામમાં ક્ષયરોગ (TB) અંગે જનજાગૃતિ, શંકાસ્પદ દર્દીઓની વહેલી ઓળખ, સમયસર તપાસ તથા યોગ્ય સારવાર અંગે સતત કામગીરી કરવામાં આવી હતી. આ સમગ્ર અભિયાનમાં ગ્રામજનોના સક્રિય સહયોગ અને આરોગ્ય ટીમની પ્રતિબદ્ધ કામગીરીનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.TB મુક્ત પંચાયતના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં ભીનાર ગામની આ સિદ્ધિ સમગ્ર ગામ માટે પ્રેરણારૂપ છે.સહિયારા પ્રયાસો અને જનજાગૃતિથી – TB મુક્ત ભીનાર

## બીલીમોરાની જે.જે. મહેતા હાઈસ્કૂલ વક્તૃત્વ સ્પર્ધામાં ઝળકી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૨ :** 'વિકસિત ભારત-૨૦૪૭ સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં બીલીમોરાની જે.જે. મહેતા સાર્વજનિક હાઈસ્કૂલે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. શાળા કક્ષાએ વિજેતા બન્યા બાદ ગડત ખાતે યોજાયેલી તાલુકા કક્ષાની સ્પર્ધામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી પાંડે રાજરાણી શેષનાથે '૨૦૪૭નું વિકસિત ભારત' વિષય પર પ્રભાવશાળી વક્તવ્ય આપી સમગ્ર ગણદેવી તાલુકામાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે માધ્યમિક વિભાગમાં ભંડારી ટ્રીશાએ શાળાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.આ ઝળહળતી સિદ્ધિ બદલ શાળા ટ્રસ્ટના પ્રમુખ ડૉ. સૂર્યકાંત પટેલ, મંત્રી નીનાબેન મહેતા તેમજ સમગ્ર ટ્રસ્ટી મંડળે વિજેતા વિદ્યાર્થીની પાંડે રાજરાણી, આચાર્ય પંકજભાઈ તથા માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## ડાંગના ૨૬૨૦ વિદ્યાર્થીઓએ ૨૦ શ્લોકોનું મુખપાઠ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૨ :** ડાંગ જિલ્લાના સુબીર, વઘઈ અને આહવા તાલુકાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં યોગી સ્વામી અરુણાનંદ મુનિ, આનંદ આશ્રમ, ડાંગની પ્રેરણાથી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ગીતા પરિવાર (સુરત) અને સંસ્કૃત ભારતી દ્વારા વિશેષ અભિયાન હાથ ધરાયું છે.

આ અભિયાન અંતર્ગત તા. ૨૮/૦૯/૨૦૨૬ ના રોજ ભેંસકાતરી, કાલીબેલ, ખાતળ, મહાલ અને શિંગાણા ખાતે શાળા સંપર્ક કરાયો હતો. શાળાઓમાં તૈયારીઓ નિહાળીને ગીતા પરિવાર ખૂબ જ પ્રભાવિત થયો છે.

૧૨મો અધ્યાય (ભક્તિયોગ) ૩૭ શાળાઓ, ૨,૫૭૦ વિદ્યાર્થીઓ - ૧૫મો અધ્યાય (પુરુષોત્તમયોગ) ૧ શાળા, ૫૦ વિદ્યાર્થીઓ - કુલ ૨,૬૨૦ વિદ્યાર્થીઓએ ૨૦ સંસ્કૃત શ્લોકનું મુખપાઠ કર્યું. ડાંગની કુલ ૬૫ શાળાઓમાંથી ૪૦ શાળાઓ સંપર્ક હેઠળ છે, જેમાંથી ૩૭ શાળાના ૨,૬૨૦ વિદ્યાર્થીઓ સુધી આ સંસ્કાર પહોંચ્યો છે. ૮ શાળાઓએ ૧૦૦ થી ૪૦૦ વિદ્યાર્થીઓ તૈયાર કર્યા છે.

ગીતા પરિવાર વતી માલાબેન દેસાઈએ જણ

ાવ્યું કે, ૧૫મા અધ્યાયની પણ આવી જ સુંદર તૈયારી કરો, ગીતા મૈયા તમને ૧૮ અધ્યાય શીખવાની શક્તિ આપે.

આ યાત્રાને સફળ બનાવવા દત્તાત્રેયજી, જિલ્લા શિક્ષણાધિકારી જિગ્નેશભાઈ ત્રિવેદી, આચાર્ય દિપ્તિબેન, માલાબેન તથા રવિન્દ્રભાઈ દવે, શીતલબેન શાહ, દયાબેન જરીવાલા, હિરલબેન વૈદ્ય, અલ્કાબેન દવે અને તમામ આચાર્ય-શિક્ષકોનો ખૂબ ખૂબ આભાર. અપીલ તમામ શિક્ષકો ૧૨મા અને ૧૫મા અધ્યાયનો વિડીયો PDF જોઈને મોકલે જેથી સર્ટિફિકેટ આપી શકાય.

## ગડત હાઈસ્કૂલમાં નશાબંધી જાગૃતિ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨ :** ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ હેઠળ નશાબંધી અને આબકારી અધિક્ષકની કચેરી, નવસારી દ્વારા 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત સોમવારે ગણદેવી તાલુકાની ધી અંબિકા હાઈસ્કૂલ, ગડત ખાતે યુવાનોમાં જાગૃતિ લાવવા માટે વિશેષ જન-જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નશાબંધી પ્રચાર, પોસ્ટર પ્રદર્શન, શપથ ગ્રહણ તેમજ વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધા યોજી વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતર

ણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નશાબંધી ખાતાના સબ-ઈન્સ્પેક્ટર એન.આર. વસાવા, કોન્સ્ટેબલ એચ.ડી. વસાવા, બ્રહ્માકુમારીઝ નવસારીના સ્ટાફ તેમજ શાળાના પ્રિન્સિપાલ અને શિક્ષકગણની ઉપસ્થિતિમાં ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## વઘઈ પોલીસે ગુમ મોબાઈલ શોધી મૂળ માલિકને પરત સોંપ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૨ :** ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકા પંચાયત કચેરી ખાતે નોકરી કરતા રજનીશભાઈ એસ.પટેલ, રહે. ચીકટીયા, તા. વાંસદા, જિ. નવસારીનો Samsung Galaxy મોબાઈલ ફોન તા. ૧૮/૦૬/૨૦૨૬ના રોજ નોકરી પૂર્ણ કરી ઘરે જતા સમયે રસ્તામાં ક્યાંક પડી જતા ગુમ થઈ ગયો હતો.આ અંગે મોબાઈલ ફોન શોધી આપવા માટે અરજદારે તા. ૨૪/૦૬/૨૦૨૬ના રોજ વઘઈ પોલીસ સ્ટેશન ખાતે અરજી આપી હતી. આ અરજીના આધારે વઘઈ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી એ.એ.ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા ગુમ થયેલા મોબાઈલ ફોન અંગે ટેકનિકલ એનાલિસિસ હાથ ધરવામાં આવ્યું હતું. વઘઈ પોલીસ દ્વારા મોબાઈલની ટેકનિકલ વિગતો તેમજ ઉપલબ્ધ ટેકનિકલ સોર્સ અને માહિતીનું વિશ્લેષણ કરી સઘન તપાસ હાથ ધરવામાં આવતા ગુમ થયેલો Samsung Galaxy મોબાઈલ ફોન શોધી કાઢવામાં સફળતા મળી હતી.

મોબાઈલ ફોન મળી આવ્યા બાદ જરૂરી ઓળખ-ખાતરી તથા કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી વઘઈ પોલીસે અરજદાર રજનીશભાઈ એસ. પટેલને તેમનો ગુમ થયેલો મોબાઈલ ફોન પરત સોંપ્યો હતો.

લાંબા સમય બાદ પોતાનો ગુમ થયેલો મોબાઈલ ફોન પરત મળતા અરજદારે વઘઈ પોલીસની કામગીરીની પ્રશંસા કરી પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. વઘઈ પોલીસની આ કામગીરીથી પોલીસ પ્રત્યે નાગરિકોમાં વિશ્વાસ વધુ મજબૂત થયો છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૩-૧૦-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** ભાદરવો વદ, આઠમ, **સૂર્યોદય :** ૦૬ : ૩૫ **સૂર્યાસ્ત** ૦૬ : ૨૧, **ચંદ્રોદય** - ૧૨:૦૧ **ચંદ્રાસ્ત** - ૦૧:૨૧ **ચંદ્ર રાશિ :** મિથુન, **નક્ષત્ર** - આર્દ્રા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** લાંબા ગાળાની આર્થિક યોજનાઓ માટે ધીરજ રાખવાની જરૂર છે.

**વૃષભ (બ, વ, ઉ) :** ભાગીદારીના વ્યવસાયમાં અને વિવાહિત જીવનમાં સંબંધો સુધરશે. નવોન્મેષી વિચારો કામમાં મદદરૂપ થશે.

**મિથુન (ક, ઘ, ચ) :** ઘરનું વાતાવરણ ખુશનુમા રહેશે અને મિત્રો સાથે ચર્ચા-વિચારણા વધશે.

**કર્ક (ડ, હ) :** વ્યવસાયના વિસ્તરણ માટે કરવામાં આવેલા પ્રયાસો સફળ થશે.

**સિંહ (મ, ટ) :** કાર્યસ્થળ પર તમારે થોડી સાવધાની રાખવી પડશે.

**કન્યા (પ, ઠ, ણ) :** વાતચીત અને સંવાદની દ્રષ્ટિએ આજનો દિવસ ઉત્તમ છે.

**તુલા (ર, ત) :** આર્થિક મોરચે મોટો સુધારો જોવા મળશે અને તમારો પૂરો ભાર બચત કરવા પર રહેશે.

**વૃશ્ચિક (ન, ય) :** તમારી જ રાશિમાં બુધ બિરાજમાન હોવાથી તમે સાચા નિર્ણયો અને યોગ્ય આયોજન કરી શકશો.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** ભાગ્યનો પૂરો સાથ મળવાથી તમારા ચારેય તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થશે.

**મકર (ખ, જ) :** તમારી રાશિમાં સૂર્ય, ચંદ્ર અને કેતુની યુતિ હોવાથી દિવસના બીજા ભાગમાં માનસિક મૂંઝવણ કે થોડી આક્રમકતા રહી શકે છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આજે કામની જવાબદારીઓ થોડી વધુ લાગી શકે છે, પરંતુ ધીરજપૂર્વક કામ લેવું.

**મીન (દ, ચ, થ, ઝ) :** વ્યાપારીઓ અને નોકરીયાત વર્ગ માટે આજનો દિવસ નવા અવસરો અને મોટો લાભ લઈને આવ્યો છે.

## દમણ રેડિયો

**102.3 FM**

आकाशवाणी

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | 9 | | 4 | 2 | |
| 9 | | | 7 | | | 8 | | |
| | 1 | | | 3 | | | | 5 |
| | | | | | 8 | 9 | | |
| | 2 | 6 | | | | 1 | 4 | |
| | | 4 | 2 | | | | | |
| 6 | | | | 8 | | | 7 | |
| | | 3 | | | 2 | | | 4 |
| | 7 | 8 | | 4 | 1 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૮૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | 2 |
| 5 | 2 | 1 | 4 | 7 | 8 | 9 | 3 | 6 |
| 6 | 4 | 9 | 2 | 3 | 1 | 8 | 5 | 7 |
| 7 | 3 | 2 | 9 | 4 | 6 | 5 | 8 | 1 |
| 1 | 8 | 5 | 3 | 2 | 7 | 6 | 9 | 4 |
| 9 | 6 | 4 | 1 | 8 | 5 | 7 | 2 | 3 |
| 3 | 9 | 7 | 8 | 1 | 4 | 2 | 6 | 5 |
| 2 | 1 | 8 | 6 | 5 | 3 | 4 | 7 | 9 |
| 4 | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | 8 |


**દમણગંગા ટાઈમ્સ**

દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

VAPI PAGE - 03

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Saturday 03, October 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

## કરવડની કે.કે. હરિયા હાઈ.માં જિલ્લા આચાર્ય સંઘનું સ્નેહમિલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ જિલ્લા આચાર્ય સંઘનુ અધિવેશન અને સ્નેહમિલન કાર્યક્રમ શ્રી કે.કે. હરિઆ હાઈસ્કૂલ કરવડ વાપી ખાતે વલસાડ જિલ્લા આચાર્ય સંઘના અધ્યક્ષ સ્થાને યોજાયો કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને શાળાની વિદ્યાર્થીઓના સ્વાગત ગીત થી કરવામાં આવી શાળાના આચાર્ય દીપક કુમાર એન પટેલે ઉપસ્થિત મહેમાનોનુ પુષ્પગુચ્છ અને શબ્દોથી હાર્દિક સ્વાગત કરી આવકાર્યા કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અધિકારી ડો.રાજેશ્રીબેન ટંડેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી સૌ આચાર્ય મિત્રોને શૈક્ષણિક અને વહીવટી માર્ગદર્શન આપ્યું નિવૃત થયેલા આચાર્ય વિશિષ્ટ કામગીરી કરેલ આચાર્ય તથા જિલ્લામાં શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામેલ શાળાના આચાર્યને જિલ્લા શિક્ષણ અધિકારી અને આચાર્ય સંઘ દ્વારા શિલ્ડ આ પી સન્માનિત કરવામાં આવ્યાં તથા ઉપસ્થિત દરેક આચાર્યને આચાર્ય સંઘ દ્વારા અને નવનીત પ્રકાશન દ્વારા સ્મૃતિ ભેટ આપવામાં આવી પ્રસંગિક પ્રવચન પ્રમુખ દિનેશભાઈ પટેલ. તથા અન્વેસક પંકજભાઈ પરમાર. મહિલા ઉપ પ્રમુખ ચેતનાબેન પટેલ આચાર્ય ભગિની સમાજ હાઈસ્કૂલ દ્વારા કરવામાં આવ્યું સંઘના પ્રમુખ દ્વારા વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ શૈક્ષણિક અને વહીવટી સેમિનારો. પરીક્ષાનુ સુચારું આયોજન. રાજ્ય અધિવેશન માં સો ટકા ડેલિગેસનતથા કલ્યાણ નીધિ મંત્રી ધર્મેશભાઈ પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ કોપરલી દ્વારા દરેક સભ્યોનુ કલ્યાણ નીધીમાં સો ટકા રજીસ્ટ્રેશન કરાવવા બદલ એમના કાર્ય નીનોંધ લઇ બીરદાવામાં આવ્યા ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ થી ૨૦૨૮ સુધી નવા વરાયેલ પ્રમુખઓ દિપક ભાઈ આર પટેલ એસ.એમ.એસ હાઈસ્કુલ ધરમપુર અને દિપકકુમાર એન પટેલ આચાર્ય કે કે હરિઆ હાઈસ્કૂલ કરવડની પ્રમુખ તરીકે વરણીં કરવામાં આવી તથા કેતનભાઇ પટેલ આચાર્ય જોરાવાસણ હાઈસ્કુલ અને સંજય સિંહ ડોડીયા સાર્વજનિક હાઈસ્કૂલ સાવરમાળ ની મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી અને હોદ્દેદારો તથા કારોબારી સભ્યો નીમવામાં આવ્યા સંઘના પ્રમુખ દિનેશભાઈ પટેલ દ્વારા નવા વરાયેલ કમિટી સભ્યોને સંઘની એકતા જળવાઈ રહે અને આચાર્યના જે કોઈ પ્રશ્નો હોય એમને વળી કચેરીના સંકલનમાં રહી નિરાકરણ કરવાનું સૂચન કર્યું

અને નવા વરાયેલ દરેક મિત્રોને સંઘ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી કાર્યક્રમનું સંચાલન સ્મૃતિબેન દેસાઈ આચાર્ય પરીઆ હાઈસ્કૂલ દ્વારા કામ આવ્યું યજમાન શાળાના આચાર્ય એ કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો રાષ્ટ્રગીત બાદ સુરુચી ભોજન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતુ.

## ઉમરસાડી દેસાઈવાડના દરિયા કિનારે શ્રમદાન કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૨ :** બીજી ઓક્ટોબર ગાંધીજયંતી નિમિત્તે પારડીના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા પોતાના મતવિસ્તાર પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈ વાડ ગામેં આવેલ અટલ બ્રિજ પાસેના દરિયા કિનારે શ્રમ દાન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો

ઉંમરસાડી દેસાઈ વાડ ના દરિયા કિનારે આવેલ અટલબ્રિજ તેમજ દરિયા કિનારે સ્વચ્છતા અભિયાનને કાર્યક્રમ કરવામાં આવ્યો હતો પારડીના લોકપ્રિય ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત સ્વચ્છતા અભિયાન અંતર્ગતના કાર્યક્રમોના આયોજન બદલ તમામને અભિનંદન આપ્યા હતા અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ના જન્મદિવસે ઉમરસાડી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પોતે સફાઈ કરી હતી અને એમની સાથે વિશાળ સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા તાલુકા આંગણવાડીના બહેનો તાલુકા પંચાયતના સદસ્ય કર્મચારીઓ પારડી મામલતદાર કચેરીના અધિકારીઓ કર્મચારીઓ જાલવિકાજી સ્મારક હાઈસ્કુલના વિદ્યાર્થીઓ શિક્ષકો ઉંમર સાડી દેસાઈ વાડ ગ્રામ પંચાયતના સરપંચ રાજેશભાઈ નાયકા ઉપસરપંચ ભુપેન્દ્રભાઈ પરમાર તલાટી મંત્રી સલોની બેન કોટલાવ ગામના સરપંચ દિનેશભાઈ માછીવાડ ગામના સરપંચ ખુશબુબેન ટંડેલ સાથે ગ્રામ પંચાયતના સંપૂર્ણ સ્ટાફ આર એન બી ના પારડી શાખાના એન્જિનિયર ભાવિનભાઈ અને એમની સંપૂર્ણ ટીમ માછીવાડ -ાથમિક શાળાના નાના ભૂલકાઓ સાથે સમગ્ર ટીમ માંગેલવાડ સ્વાધ્યાય પરિવારના બહેનો ખાનગી કંપનીના કર્મચારીઓ તથા ગ્રામજનો વિશાળ સંખ્યામાં સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

અને અટલ બ્રિજ સાથે દરિયા કિનારાની સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી સાથે પારડી તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પુનિતભાઈ પટેલ પૂર્વ પ્રમુખ મહેશભાઈ દેસાઈ ઉપપ્રમુખ રવિન્દ્રભાઈ પટેલ શંકરભાઈ પટેલ મંત્રી ધવલભાઈ દેસાઈ જિલ્લા યુવા મોરચાના અભી ભાઈ ભંડારી અંકિતભાઈ પટેલ સાથે એમને તાલુકાની ભારતીય જનતા પાર્ટીની સંપૂર્ણ ટીમ ઉપસ્થિત રહી હતી જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ જિલ્લા પંચાયત સભ્ય નરેશભાઈ પટેલ તાલુકા પંચાયતના પ્રમુખ કિન્નરીબેન પટેલ કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ સાથે તાલુકા પંચાયતના તમામ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

એમના સાથે જિલ્લા કલેકટર નીતિનભાઈ સાંગવાન પારડીના ડેપ્યુટી કલેક્ટર નિરવભાઈ પટેલ જિલ્લા બાંધકામ વિભાગના જતીનભાઈ પટેલ એન્જિનિયર જીગરભાઈ પટેલ મામલતદાર કાંતિભાઈ પટેલ ટીડીઓ ભગોરા સાથે જિલ્લા પંચાયતના સદસ્યો, શાળા અને આંગણવાડીના સ્ટાફ, વિદ્યાર્થીઓ, પંચાયતના સદસ્યો, સંગઠનના સદસ્યો, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ ગ્રામજનો આ સેવા સ્વચ્છતા કાર્યક્રમમાં સાથે જોડાયા હતા સ્વચ્છતા અભિયાન બાદ દેસાઈવાડ પટેલ ફળિયા પાસે ના તળાવની પાળ પર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ બંને કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો અને કાર્યકર્તાઓ જોડાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

## વાપીના કાંતિ પટેલનું 'મહારાષ્ટ્ર સ્પોટલાઈટ એવોર્ડ ૨૦૨૬' માટે નામાંકન થયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા. ૦૨ :** ૬૦ વર્ષની ઉંમર બાદ સાહસિક સફર શરૂ કરનાર વાપીના કાંતિ પટેલનું India Republic Times – Leadership Conclave Mumbai 2026 અંતર્ગત Maharashtra Spotlight Awards 2026 માટે નામાંકન થયું છે.

છેલ્લા નવ વર્ષમાં કાંતિ પટેલે ૪૯ ટ્રેકિંગ અભિયાન, ૪૦ મેરેથોન અને સાઈકલ પર ૭૦,૦૦૦ કિમીથી વધુનું અંતર કાપ્યું છે. તેમની સિદ્ધિઓમાં ૨,૮૪૯ કિમીની નર્મદા પરિક્રમા પગપાળા પૂર્ણ કરવાનો પણ સમાવેશ થાય છે.

તેઓ કૈલાસ માનસરોવર સહિત પંચ કૈલાસ, પંચ કેદાર, પંચ બદ્રી અને ૧૨ જ્યોર્તિલિંગની યાત્રા કરી ચૂક્યા છે. અમરનાથ યાત્રા ત્રણ વખત તથા ગિરનાર લીલી પરિક્રમા પાંચ વખત પૂર્ણ કરી છે. પર્વતારોહણ ક્ષેત્રે તેમણે માઉન્ટ કિલિમંજરો (૧૯,૩૪૧ ફૂટ) અને માઉન્ટ એલબ્રસ (આશરે ૧૮,૫૧૦ ફૂટ) સર કર્યા છે. આ ઉપરાંત એવરેસ્ટ બેઝ કેમ્પ અને લેહ-લદાખના ચાદર ટ્રેક સહિતના પડકારજનક ટ્રેક પણ પૂર્ણ કર્યા છે.

સાઈકલિંગમાં તેમની નોંધપાત્ર યાત્રાઓમાં શ્રીનગરથી પુણે ૨,૭૦૦ કિમીનું અંતર ૧૨ દિવસમાં પૂર્ણ કરવું તથા મનાલી-લેહ માર્ગનો સમાવેશ થાય છે.

કાંતિ પટેલની સિદ્ધિઓને વિવિધ રેકોર્ડ અને સન્માન પ્લેટફોર્મ પર સ્થાન મળ્યું છે. તેમની આ સતત સાહસિક સફરને ધ્યાનમાં રાખીને મળેલું Maharashtra Spotlight Awards 2026નું નામાંકન વાપી અને ગુજરાત માટે નોંધપાત્ર બાબત બની છે.

## વલસાડમાં વિડિયો-ફોટોગ્રાફીના વર્કશોપ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :**૨ ઑક્ટોબર ગાંધીજયંતી ને દિવસે વલસાડ જિલ્લા વિડિયો-ફોટોગ્રાફર એસોસિયેશન અને સોનાલી ફોટો ગુડ્સ દ્વારા વિડિયો-ફોટોગ્રાફી ના વર્કસ શોપનું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપની શરૂઆત સ્વામીનારાયણ સંસ્થાના પૂ. કોઠારી સ્વામી મહારાજ, જિલ્લા એસોસિયેશનના પ્રમુખ નિલેશ મોદી વલસાડ એસોસિયેશનના પ્રમુખ દિલીપ ટંડેલ અને સોનાલી ફોટો વાળા નીલુભાઈ દ્વારા દીપ પ્રગટ્યા કરી વર્કશોપ ની શરૂઆત કરવામાં આવી. આ દિને જણાવતા આનંદ થાય કે સુરત ના મિસ્ટર ધ્રુવીન જૈન ફિલ્મ્સ એન્ડ એકેડેમી તરફથી વલસાડ માં તિથલ ખાતે અક્ષર હોલ સ્વામીનારાયણ મંદિર ખાતે સવારે ૧૦ થી સાંજે ૪.૩૦ સુધી વર્કશોપ કરવામાં આવ્યો હતો. વિકાસ માટેની બિઝનેસ વ્યૂહરચનાઓનું માર્ગદર્શન ધ્રુવિન જૈન, જાણીતા વેડિંગ ફોટોગ્રાફર દ્વારા આપવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લા ના ૨૦૦ થી ઉપર વિડિયો- ફોટોગ્રાફરોએ એ ભાગ લીધો, આ વર્કશોપને સફર બનાવવામાં દિલીપ ટંડેલ, દિવ્યેશ ભુવા, નરેશ મૈસરી, શૈલેષ ટંડેલ, કેતન ટંડેલ અને નીલું ભાઈ એ ભારે જહેમત ઉઠાવી હતી.

## વાપી મનપા વોર્ડ નં. ૮ અને ૯ માં સફાઈ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ અને ૯માં 'એક દિન, એક ઘંટા, એક સાથે'ના સંકલ્પ સાથે સફાઈ અભિયાન 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત વાપી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ અને ૯માં નાણામંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં સફાઈ અને શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો.

વહેલી સવારે વાપી ટાઉનના દેસાઈવાડા ખાતેના હનુમાન મંદિર તેમજ નામધા-ખડકલા ખાતેના હનુમાનજી મંદિર પરિસરમાં 'એક દિન, એક ઘંટા, એક સાથે'ના સ્લોગનને સાર્થક કરતાં શ્રમદાન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતીશભાઈ પટેલ, ડાંગ જિલ્લા ભાજપના પ્રભારી શિલ્પેશભાઈ દેસાઈ, ચૂંટાયેલા કાઉન્સિલરો, વાપી મનપાના મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા, વિશાલભાઈ પટેલ સહિત વિભાગીય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વાપીના નાગરિકોને જાહેર સ્થળોએ કચરો ન નાખવા તેમજ સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી.

## વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળનું ૪૪- મુ વાર્ષિક અધિવેશન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના પ્રમુખ ગણપતભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવે છે કે, વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળનું ૪૪- મુ વાર્ષિક અધિવેશન તારીખ ૪/ ૧૦/ ૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિમંડળ સંચાલિત મણિલાલ પટેલ સમાજની સમાજવાડી, તિથલ સરકારી વસાહતની સામે, વલસાડ મુકામે મંડળના પ્રમુખ ગણપતભાઈ પટેલની અધ્યક્ષતામાં મળશે. સમારંભના પ્રમુખ ભરતભાઈ કે. પટેલ, ધારાસભ્ય વલસાડ, સમારંભના ઉદઘાટક ચંદુલાલ વી. જોશી, પ્રમુખ-ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળ, વડોદરા. બિપિનચંદ્ર બી. પટેલ, ડાયરેક્ટર-પ્રમુખ મહલ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ, આશીર્વચનો આપવા વિશ્વ વિખ્યાત કથાકાર શરદભાઈ વ્યાસ ખાસ ઉપસ્થિત રહેશે. માટે જ સૌ સભાસદોને અવશ્ય સમયસર ઉપસ્થિત રહેવા મંડળનાં પ્રમુખ ગણપતભાઈ પટેલ સૌને ખાસ અનુરોધ કર્યો છે.

## અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટરમાં આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** અતુલમાં આવેલ અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટર ખાતે જનરલ મેડિકલ કેમ્પ તેમજ આંખની તપાસ માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ (ARDF) અને RNC Hospital, Valsadના સંયુક્ત સહયોગથી કરવામાં આવ્યું હતું.

કેમ્પનો મુખ્ય હેતુ લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા તેમજ જરૂરી તબીબી તપાસ અને માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. આ કેમ્પનો લાભ અતુલ તેમજ આસપાસના ગામના લોકોએ લીધો હતો. કેમ્પ દરમિયાન તબીબો દ્વારા ઉપસ્થિત લોકોની સામાન્ય આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. તેમજ આંખના નિષ્ણાત તબીબો દ્વારા આંખોની તપાસ કરી જરૂરી માર્ગદર્શન અને સલાહ આપવામાં આવી હતી. જરૂરિયાત મુજબ લોકોને આગળની સારવાર અંગે પણ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. ગ્રામજનોને તેમના ઘરઆંગણે ગુણવત્તાસભર આરોગ્ય તપાસ અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી યોજાયેલ આ કેમ્પને સારો પ્રતિસાદ મળ્યો હતો.

કેમ્પના સફળ આયોજન બદલ આયોજકો, તબીબો, આરોગ્યકર્મીઓ તથા સહયોગી તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## રોલા પ્રા. શાળમાં બાળકોને 'હનુમાન અંશ' ફિલ્મ બતાવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ તાલુકાના રોલા ગામમાં છેલ્લા કેટલાક વર્ષોથી વિવિધ લોકઉપયોગી અને સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવતા રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ અને સંસ્કારસિંચનના ભાગરૂપે એક સુંદર પહેલ કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખ ચિંતનભાઈ પટેલ તેમજ તેમની સમગ્ર ટીમ દ્વારા સ્થાનિક પ્રાથમિક શાળાના કુલ ૧૭૮ બાળકોને 'હનુમાન અંશ' ફિલ્મનું નિ:શુલ્ક નિહાળીઓ હતું બાળકોને મનોરંજનની સાથે સાથે ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક મૂલ્યો અને પૌરાણિક કથાઓ અંગે રસપ્રદ માહિતી મળી રહે તેવા શુભ આશય સાથે આ આયોજન હાથ ધરાયું હતું. ફિલ્મ નિહાળ્યા બાદ બાળકોના ચહેરા પર અનોખો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટના હોદ્દેદારો-સભ્યો તેમજ -ાથમિક શાળાના આચાર્ય અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોના ઉત્સાહમાં સહભાગી બન્યા હતા. ટ્રસ્ટની આ સંસ્કારલક્ષી પ્રવૃત્તિને સ્થાનિક ગ્રામજનો અને વાલીઓએ પણ બિરદાવી હતી.

દમણગંગા ટાઈમ્સ
સંપર્ક:સંપાદક,દમણગંગા ટાઈમ્સ, વિજ્ઞાન વિભાગ ને.હા.નં.૮ દમણગંગા ટાઈમ્સ કાર્યાલય,વાપી
Email: editor.dgt@gmail.com
Whatsapp : 9825122505

## દમણમાં ઉદ્યોગો માટે પ્રદૂષણ નિયંત્રણ સમિતિ દ્વારા ઈ-સેવા અભિયાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા. ૦૨ :** પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રદૂષણ નિયંત્રણ સમિતિ, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ દ્વારા ઉદ્યોગોની સુવિધા માટે ઈ-સેવા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. દમણના સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ અભિયાનમાં ૭૦થી વધુ ઉદ્યોગોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન અનંતતવ પ્રાઈવેટ લિમિટેડના સહયોગથી કરવામાં આવ્યું હતું. અભિયાનનો મુખ્ય ઉદ્દેશ જૂના પ્લાસ્ટિક EPR પોર્ટલમાંથી નવા સાંઝા EPR પોર્ટલ (Common EPR Portal) પર ઉદ્યોગોની નોંધણી અને સ્થળાંતર પ્રક્રિયામાં સહાયતા કરવાનો તેમજ વાર્ષિક રિટર્ન ભરવા અંગે જરૂરી માર્ગદર્શન આપવાનો હતો.કાર્યક્રમમાં પ્લાસ્ટિક અપશિષ્ટ -સંસ્કર્તાઓ (PWP) માટે વાર્ષિક રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬, જ્યારે ઉત્પાદકો, આયાતકારો અને બ્રાન્ડ (PIBO) માટે અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ હોવાની માહિતી આપવામાં આવી હતી.આ ઈ-સેવા અભિયાન Ease of Doing Business અંતર્ગત ઉદ્યોગો માટે EPR સંબંધિત પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે યોજાયું હતું. પ્રદૂષણ નિયંત્રણ સમિતિ દ્વારા ઉદ્યોગો સાથે સીધો સંવાદ સ્થાપિત કરીને EPR સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું અને પર્યાવરણીય નિયમોના પાલન અંગે જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી.

## પારડીમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

(દમણગંગ ટાઈમ્સ પ્રતિનિધિ)



**પારડી, તા. ૦૨ :** સરકારના સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત પારડી કિલ્લા ઉપર તા. ૦૧-૧૦-૨૦૨૬ ના રોજ સવારે ૮:૪૫ કલાકે સ્વચ્છતા શ્રમદાન એક દિન, એક કલાક, એક સાથે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જે કાર્યક્રમ દરમિયાન કિલ્લા ના વિવિધ સ્થળોની સફાઈ કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં ચીફ ઓફિસર કોમલબેન ધિન્નેયા પ્રમુખ ચેતનભાઈ નાયકા ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ કારોબારી ચેરમેન ચેતનભાઈ ભંડારી,આરોગ્ય ચેરમેન કિરણભાઈ પટેલ, બાધકામ ચેરમેન પ્રણવ દેસાઈ, મેઘાબેન ભાવસાર, જાગૃતિબેન શાહ, સેનેટરી ઈસ્પેક્ટર મેહુલભાઈ પરમાર, સિટી મેનેજર ભૂમિબહેન પટેલ, સુપરવાઈઝર પંકજકુમાર ગરણીયા નિવેદિતા પટેલ સ્વચ્છતા માર્શલ સાથે મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. વહેલી સવારના ભેગા મળી તમામ પાલિકાના હોદ્દેદારો તથા સદસ્યો અને કર્મચારીઓએ કિલ્લા પર સફાઈ કરી સરકારના સ્વચ્છતા અભિયાન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## થ્રીડીમાં મતદારયાદીમાં નામ ઉમેરવા સ્પેશિયલ ડ્રાઈવ શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા. ૦૨ :** સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવમાં સ્થળાંતરિત વસ્તીના કારણે મતદારોમાં ઘટાડો નોંધાયો છે. ચૂંટણી પંચ દ્વારા એસઆઈઆરની કામગીરી પૂર્ણ થયા બાદ હવે મતદાર જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. મુખ્ય ચૂંટણી અધિકારી અરુણ ટી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, સંઘ-દેશમાં અંદાજે ૧૦ હજાર જેટલા યુવા વિદ્યાર્થીઓ એવા છે, જેઓ મતદાર યાદીમાં નોંધાયેલા નથી. આવા યુવાનોને મતદાર યાદીમાં સામેલ કરવા શિક્ષણ વિભાગના સહયોગથી સ્પેશિયલ ડ્રાઈવ યોજવામાં આવશે.

ચૂંટણી અધિકારીઓના જણાવ્યા મુજબ, દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવમાં સ્થળાંતરિત વસ્તીનું પ્રમાણ આશરે ૫૦ ટકા હોવાથી મતદાર યાદીમાં પણ ઘટાડો નોંધાયો છે. સંઘપ્રદેશમાં સૌથી વધુ મતદારોના નામો ઘટવા અંગે ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે પ્રદેશમાં ૫૦ ટકા સ્થળાંતરિત વસ્તી હોવાના કારણે આ પ્રમાણ ઊંચું છે.

ચૂંટણી અધિકારીએ વધુમાં જણાવ્યું કે, રાજકીય પક્ષોની નિષ્ક્રિયતા પણ જવાબદાર હોવાનું જણાયું છે. મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે લોકોને જાગૃત કરવામાં આવશે અને પાત્ર યુવાનોને મતદાર તરીકે નોંધણી કરાવવા વિશેષ અભિયાન હાથ ધરાશે.

## દમણના રક્તદાન કેમ્પમાં ૧૫૭ યુનિટ રક્ત એકત્ર થયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા. ૦૨ :** સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬ ના ભાગ રૂપે, દમણ જિલ્લા વહીવટીતંત્રે આંબાવાડી અને ભીમપોરમાં રક્તદાન શિબિરો અને અંગદાન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કર્યું. બંને સ્થળોએ નાગરિકો, યુવાનો, મહિલાઓ, ઔદ્યોગિક કામદારો, જનપ્રતિનિધિઓ અને સરકારી કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આંબાવાડીની મહારાણા પ્રતાપ ઉચ્ચ પ્રાથમિક શાળામાં આયોજિત શિબિરમાં ૭૩ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું અને ૫૪ નાગરિકોએ અંગદાન માટે સંમતિ આપી હતી. ભીમપોરની સરકારી ઉચ્ચ માધ્યમિક શાળામાં ૮૪ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું અને ૪૬ લોકોએ અંગદાન માટે સંમતિ આપી હતી. આ રીતે, બંને કેમ્પમાં કુલ ૧૫૭ યુનિટ રક્ત એકત્રિત થયું હતું અને ૧૦૦ નાગરિકોએ અંગદાન માટે સંમતિ આપી હતી. જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગે રક્તદાતાઓ અને અંગોનું દાન કરવા સંમતિ આપનારા નાગરિકોનો આભાર માન્યો હતો. વહીવટીતંત્રે ભવિષ્યમાં આવા જન કલ્યાણકારી અભિયાનોમાં સક્રિયપણે ભાગ લેવા જનતાને અપીલ કરી હતી.

## વાપીમાં આકાશની ANTHE-2026 પરીક્ષા લોન્ચ થઈ

### છેલ્લા ૧૬ વર્ષમાં લાખો વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા.૦૨ :** આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ (AESL)એ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષમતા અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે આકાશ નેશનલ ટેલેન્ટ હન્ટ પરીક્ષા (ANTHE) ૨૦૨૬ શરૂ કરી છે. છેલ્લા ૧૬ વર્ષમાં ૧૦ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓએ ANTHE માટે નોંધણી કરાવી છે. ANTHE વિદ્યાર્થીઓની વિષયવાર શક્તિઓ, નબળાઈઓ, વિશ્લેષણાત્મક ક્ષમતાઓ અને પરીક્ષા લેવાની પેટર્નને સમજવા માટે રચાયેલ છે, ફક્ત પરીક્ષાના પરિણામોનું મૂલ્યાંકન કરવાને બદલે. પરીક્ષા પછી, વિદ્યાર્થીઓને વિગતવાર ANTHE ઈન્ટેલિજન્સ રિપોર્ટ પ્રાપ્ત થશે, જે તેમના પ્રદર્શન અને વધુ તૈયારીની જરૂર હોય તેવા ક્ષેત્રો વિશે માહિતી પ્રદાન કરશે. AESL ના MD અને CEO ચંદ્રશેખર ગરીસા રેડ્ડીએ જણાવ્યું હતું કે ANTHEનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક યાત્રામાં ક્યાં ઊભા છે અને કયા ક્ષેત્રો પર વધુ ધ્યાન આપવાની જરૂર છે તે સમજવામાં મદદ કરવાનો છે. ANTHE ૨૦૨૬ ધોરણ ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ખુલ્લું છે. આ પરીક્ષા ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે લેવામાં આવશે. પાત્ર વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા સુધીની શિષ્યવૃત્તિ મળશે, જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાઓને કુલ રૂા.૨.૫ કરોડ સુધીના રોકડ ઈનામો મળશે.

ઓનલાઈન પરીક્ષા ૨૭ ઓક્ટોબરથી ૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે, જ્યારે ઓફલાઈન પરીક્ષા ૧૧, ૨૫ ઓક્ટોબર અને ૧ નવેમ્બરના રોજ યોજાશે. પરીક્ષા માટે નોંધણી ANTHEના સત્તાવાર પોર્ટલ અને દેશભરના આકાશ કેન્દ્રો પર શરૂ થઈ ગઈ છે.

# હરિ પર્વત – શ્રીનગરની પવિત્ર ટેકરી

(આ સ્થળોને પોતાની આંખે ન જોઈ શકેલી અમારી યંગ પેઢી માટે કેટલાક પ્રશ્નો હજુ અનુત્તર છે. વડીલોને વિનંતી છે કે તેઓ પોતાના જ્ઞાન, સ્મૃતિ અને અનુભવો દ્વારા માર્ગદર્શન આપે અને શક્ય હોય ત્યાં સુધારો કે સ્પષ્ટતા કરે.)

શ્રીનગરના જૂના શહેર ઉપર ઊભેલો હરિ પર્વત કાશ્મીરના મહત્વપૂર્ણ ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોમાંનું એક છે.

કાશ્મીરી પંડિત પરંપરામાં હરિ પર્વતનો વિશેષ સંબંધ માતા શારિકા સાથે જોડાય છે, જેમને શ્રીનગરની અધિષ્ઠાત્રી દેવી તરીકે માનવામાં આવે છે. આ ટેકરી માત્ર પૂજાનું સ્થળ નથી, પરંતુ અનેક મંદિરો, સ્થાપનાઓ, પવિત્ર શિલાઓ, ઝરણાં અને સદીઓ જૂની પરંપરાઓ સાથે જોડાયેલું એક વિશાળ પવિત્ર ભૂદૃશ્ય છે.

**માતા શારિકા અને શ્રીચક્ર**

હરિ પર્વત પરનું મુખ્ય ધાર્મિક કેન્દ્ર માતા શારિકાને સમર્પિત છે.

પરંપરા અનુસાર દેવીનું સ્વરૂપ અહીં સ્વયંભૂ શ્રીચક્ર, જેને મહાશ્રી યંત્ર પણ કહેવામાં આવે છે, સાથે જોડાયેલું છે. તેને પવિત્ર શિલા પર રહેલા રહસ્યમય અને ભૌમિતિક ચિહ્નો ધરાવતું પવિત્ર સ્વરૂપ તરીકે વર્ણવવામાં આવે છે.

હરિ પર્વતની પરંપરાથી પરિચિત લગભગ દરેક વ્યક્તિ માતા શારિકા અને જલોદ્ભવ દૈત્ય સાથે જોડાયેલી કથા જાણે છે. પરંપરાગત કથા અનુસાર, કાશ્મીર ખીણને જલોદ્ભવથી મુક્ત કરવામાં દેવીની મહત્વપૂર્ણ ભૂમિકા હતી અને ત્યારથી હરિ પર્વત તેમનાં પવિત્ર સ્થાન સાથે જોડાયો.

ભક્તો માટે શ્રીચક્ર માત્ર પથ્થર પર કોતરાયેલું કોઈ પ્રતીક નથી. તે દેવીના જીવંત સ્વરૂપ તરીકે માનવામાં આવે છે અને હરિ પર્વતના આધ્યાત્મિક કેન્દ્રનું સ્થાન ધરાવે છે.

ઈતિહાસના વિવિધ સ્તરોમાં હરિ પર્વત

હરિ પર્વતનો લાંબો રાજકીય અને સ્થાપત્ય ઈતિહાસ પણ છે.

ઈ.સ. ૧૫૯૦માં મુઘલ બાદશાહ અકબરે ટેકરીની આસપાસ એક વિશાળ રક્ષણાત્મક દીવાલ બંધાવી હતી. તેમણે અહીં એક નવા વસવાટની પણ યોજના બનાવી હતી, જેને પરંપરાગત રીતે નાગર નગર તરીકે ઓળખવામાં આવે છે.

આ ઐતિહાસિક દીવાલના કેટલાક ભાગો અને પ્રવેશદ્વારો આજે પણ જોવા મળે છે. તેમાં કાઠી દરવાજાનો સમાવેશ થાય છે.

ટેકરીની ટોચ પર આવેલો કિલ્લો તેના કરતાં ઘણો પાછળના સમયનો છે. તે ૧૯મી સદીની શરૂઆતમાં અફઘાન શાસનકાળ દરમિયાન કાશ્મીરના ગવર્નર અત્તા મુહમ્મદ ખાન દ્વારા બનાવવામાં આવ્યો હતો.

આ રીતે હરિ પર્વત પર પ્રાચીન ધાર્મિક પરંપરાઓથી લઈને મુઘલ અને અફઘાન સમયગાળાની સ્થાપત્ય પરંપરાઓ સુધીના ઈતિહાસના અનેક સ્તરો જોવા મળે છે.

**એક સહિયારો સાંસ્કૃતિક વારસો**

હરિ પર્વત કાશ્મીરના વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓના સહઅસ્તિત્વ સાથે પણ જોડાયેલો છે.

ટેકરીની આસપાસ વિવિધ ધાર્મિક પરંપરાઓ સાથે સંકળાયેલા પવિત્ર સ્થળો આવેલાં છે. તેમાં સૂફી સંત હમઝા મખદૂમ સાથે જોડાયેલું મખદૂમ સાહિબનું દરગાહ-સ્થળ અને ગુરુ હરગોબિંદ જી સાથે જોડાયેલું ગુરુદ્વારા છઠ્ઠી પાતશાહી પણ સામેલ છે.એક જ ઐતિહાસિક ટેકરીની આસપાસ આવેલા આ વિવિધ ધાર્મિક સ્થળો શ્રીનગરના અનેક સદીઓથી વિકસતા ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનની વિવિધતા દર્શાવે છે.

**હરિ પર્વતની પરિક્રમા**

હરિ પર્વત માત્ર મુખ્ય શારિકા મંદિર પૂરતો મર્યાદિત નથી.

પરંપરા અનુસાર ભક્તો હરિ પર્વતની પરિક્રમા પણ કરતા આવ્યા છે. આ પરિક્રમા દરમિયાન માર્ગમાં આવેલી અનેક નાની સ્થાપનાઓ,





મંદિરો અને પવિત્ર શિલાઓની મુલાકાત લેવામાં આવતી હતી.

આ પૈકી કેટલીક સ્થાપનાઓ આજે પણ જાણીતી છે, જ્યારે કેટલીક છુપાઈ ગઈ છે, ઉપેક્ષિત છે અથવા ત્યાં પહોંચવું મુશ્કેલ બન્યું છે.

આ તમામ સ્થળો મળીને હરિ પર્વતનું એક પવિત્ર નકશા જેવું સ્વરૂપ રચે છે–જેમાં એવી અનેક સ્મૃતિઓ સચવાયેલી છે જે હંમેશા લખિત ઐતિહાસિક દસ્તાવેજોમાં જોવા મળતી નથી.

૧. મહા ગણેશ – પરિક્રમાની શરૂઆત

હરિ પર્વતની પૂર્વ બાજુ તળેટીમાં મહા ગણેશનું સ્થાન, જેને સ્થાનિક રીતે ગણેશબલ પણ કહેવામાં આવે છે, આવેલું છે.

પરંપરાગત રીતે તેને હરિ પર્વતની પરિક્રમા શરૂ કરવાનું સ્થળ માનવામાં આવે છે.

અહીં ભગવાન ગણેશ સાથે સંકળાયેલી એક પવિત્ર શિલા છે. પરંપરા મુજબ ભક્તો શિલા સમક્ષ બેસીને પ્રાર્થના કરતા, ફૂલ અને હાર અર્પણ કરતા, સિંદૂર ચઢાવતા, ધૂપ અને દીવા પ્રગટાવતા અને ભગવાન ગણેશના આશીર્વાદ મેળવી પરિક્રમા શરૂ કરતા. કાશ્મીરના ભૂતકાળના કેટલાક વર્ણનોમાં પણ ગણેશ પરંપરાનો ઉલ્લેખ જોવા મળે છે. જોનરાજાએ રાજતરંગિણીના પોતાના અનુસંધાનમાં ગણેશ પરંપરાને પ્રવરાસેન દ્વિતીય અને



**ચસ્મે બદૂર**

**કશ્મીર**

**ડો. રાધિકા ટીક્કુ, વલસાડ**

પ્રવરપુર નામની નગરીની સ્થાપના સાથે જોડેલી છે, જેને આજના શ્રીનગર સાથે ઓળખવામાં આવે છે.

આ સ્થાન સાથે જોડાયેલી કથાઓ સમય જતાં બદલાતી રહી હોઈ શકે છે, પરંતુ મહા ગણેશ પરંપરાગત પરિક્રમાના મહત્વપૂર્ણ પ્રારંભિક સ્થળ તરીકે સ્મરણમાં રહ્યું છે.

૨. સપ્તર્ષિ સ્થાપના – સતરેશ

પરિક્રમા આગળ સપ્તર્ષિ સ્થાપના, જેને સ્થાનિક રીતે સતરેશ તરીકે ઓળખવામાં આવે છે, તરફ આગળ વધતી હોવાનું જણાવાય છે.

આ સ્થાન સપ્તર્ષિઓ, એટલે કે સાત ઋષિઓ સાથે સંકળાયેલું માનવામાં આવે છે અને પરંપરાગત પવિત્ર પરિક્રમામાં તેનું સ્થાન હોવાનું સ્થાનિક સ્મૃતિમાં જોવા મળે છે.

આવી નાની સ્થાપનાઓ આજે કદાચ સાદી અથવા સામાન્ય દેખાય, પરંતુ તેમનું મહત્વ તેમની સાથે જોડાયેલી પરંપરાઓ, સ્મૃતિઓ અને ધાર્મિક રીતરિવાજોમાં રહેલું છે.

૩. મહાકાળી સ્થાપના

(અહીં ઉલ્લેખિત મહાકાળી સ્થાપના શું કિલ્લાની અંદર આવેલા કાળી મંદિર સાથેની જ જગ્યા છે, કે પરિક્રમા માર્ગમાં આ નામનું બીજું કોઈ સ્થાન હતું?)

પરંપરાગત માર્ગમાં આગળનું એક સ્થાન માતા મહાકાળી સાથે સંકળાયેલું હોવાનું જણાવાય છે.

હરિ પર્વતના પવિત્ર ભૂદૃશ્યમાં દેવીના વિવિધ સ્વરૂપોની ઉપાસના અને સ્મૃતિ સાથે આ સ્થાન પણ જોડાયેલું માનવામાં આવે છે.

આ સ્થાનની ચોક્કસ ઓળખ અને પરિક્રમા માર્ગમાં તેનું સ્થાન વધુ દસ્તાવેજીકરણ અને વડીલોની સ્મૃતિઓ દ્વારા સ્પષ્ટ થઈ શકે છે.

૪. દેવી આંગણ

(શું આ મંદિર તરફ જતી સીડીઓની શરૂઆત પાસેનું જાણીતું સ્થળ છે કે અન્ય કોઈ સ્થાન? શું આ જ સ્થાન ભૈરવ સાથે જોડાયેલું છે?)

પરંપરાગત માર્ગમાં આગળ દેવી આંગણ નામનું એક પવિત્ર સ્થાન હોવાનું જણાવાય છે.

સ્થાનિક પરંપરા અનુસાર, તેને દેવી સાથે જોડાયેલા પવિત્ર સ્થળ તરીકે માનવામાં આવે છે.

તેની ચોક્કસ ઓળખ અને સ્થાન અંગે વધુ માહિતીની જરૂર છે.

૫. હરિ સ્થાપના

પરિક્રમાના આગળના તબક્કામાં હરિ સ્થાપના આવતી હોવાનું જણાવાય છે. અહીં એક પવિત્ર શિલા સાથે આ સ્થાનની ઓળખ કરવામાં આવે છે.

પરંપરા અનુસાર ભક્તો અહીં રોકાઈને પ્રાર્થના કરતા અને પવિત્ર શિલાની પ્રતીકાત્મક પરિક્રમા કરતા.

હાલમાં તેની ચોક્કસ ઓળખ અને અન્ય સ્થાપનાઓ સાથેનો સંબંધ વધુ તપાસવા યોગ્ય છે.

૬. શ્રી અમર કૌલ મંદિર – બદામવારી

બદામવારી નજીક પરિક્રમા માર્ગ સાથે જોડાયેલું શ્રી અમર કૌલ મંદિર હોવાનું જણાવાય છે.

સ્થાનિક પરંપરા અનુસાર આ સ્થાન ભગવાન કૃષ્ણની ઉપાસના સાથે જોડાયેલું હતું અને શ્રીનગરના જૂના કૃષ્ણ મંદિરોમાં તેનું સ્થાન હોવાનું સ્મરણ મળે છે.

અહીં ભક્તો પૂજા અને ધ્યાન કરતા તથા આસપાસના કુદરતી વાતાવરણમાં થોડો સમય વિતાવતા હોવાનું કહેવાય છે.

આ મંદિરની ઓળખ અને ઐતિહાસિક વિગતો અંગે વધુ પ્રમાણભૂત માહિતી મેળવવી ઉપયોગી રહેશે.

૭. મહાલક્ષ્મી સ્થાપના

(શું મહાલક્ષ્મી સ્થાપના હરિ સ્થાપનાથી અલગ સ્થળ છે કે પરંપરાગત પરિક્રમામાં બંને એકબીજા સાથે જોડાયેલા છે?)

અમર કૌલ મંદિરની સામે સીડીઓનો એક માર્ગ છે, જે સરળતાથી નજરમાંથી ચૂકી જાય છે.

આ સીડીઓ એક ઓછી જાણીતી મહાલક્ષ્મી સ્થાપના તરફ લઈ જાય છે, જે પરંપરાગત હરિ પર્વત પરિક્રમા સાથે જોડાયેલી હોવાનું જણાવાય છે.

હાલમાં અહીં પહોંચવું મુશ્કેલ બન્યું છે. માર્ગ પર કાંટાળી ઝાડીઓ વધી ગઈ છે અને સ્થળ મોટાભાગે બંધ તથા ઉપેક્ષિત સ્થિતિમાં હોવાનું જણાવાય છે.

અહીં ફારસી ભાષામાં લખાણ ધરાવતી એક તકતી પણ જોવા મળે છે.

જો કોઈ વાચક ફારસી વાંચી શકે અને આ લખાણનો અનુવાદ અથવા ઐતિહાસિક સંદર્ભ આપી શકે તો તે આ સ્થળના ઈતિહાસને સમજવામાં ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે.

૮. વામદેવ સ્થાપના

(જૂની વામદેવ સ્થાપના ચોક્કસ ક્યાં આવેલી હતી? તેની સાથે જોડાયેલી પવિત્ર મૂર્તિ શું આજે પોખરીબલ મંદિર ખાતે સચવાયેલી મૂર્તિ જ છે?)

પરિક્રમા આગળ વામદેવ સ્થાપના તરફ આગળ વધતી હોવાનું જણાવાય છે.

હરિ પર્વતના પવિત્ર ભૂદૃશ્ય સાથે સંકળાયેલા અન્ય ઘણા સ્થાપનાસ્થળોની જેમ, તેની માહિતીનો મોટો ભાગ સ્થાનિક પરંપરા અને સ્મૃતિમાં જળવાયેલો છે.

તેનું ચોક્કસ સ્થાન અને અહીંથી સંબંધિત મૂર્તિ અથવા અન્ય પવિત્ર વસ્તુઓનું વર્તમાન સ્થાન વધુ સંશોધનની માંગ કરે છે.

૯. પોખરીબલ અને રાગ્ન્યા ભગવતી પરિક્રમા માર્ગનો સંબંધ પોખરીબલ સાથે પણ જોડાય છે, જે પરંપરાગત રીતે રાગ્ન્યા ભગવતી અને એક પવિત્ર ઝરણા સાથે સંકળાયેલું છે. આ સ્થળ અમૃત કુંડની પરંપરા સાથે પણ જોડાયેલું હોવાનું જણાવાય છે અને હરિ પર્વતની પવિત્ર ભૂગોળમાં આ એક વધુ મહત્વપૂર્ણ કડી છે.

૧૦. હનુમાન મંદિર – અંતિમ દર્શન

પરંપરાગત પરિક્રમાના અંતિમ ભાગમાં તળેટી નજીક એક નાનું હનુમાન મંદિર હોવાનું જણાવાય છે.

પરંપરા મુજબ, કાઠી દરવાજા તરફ આગળ વધતા પહેલાં ભક્તો અહીં અંતિમ દર્શન કરતા હતા.

દુર્ભાગ્યે, હાલમાં આ સ્થળ મોટાભાગે ઉપેક્ષિત સ્થિતિમાં હોવાનું જણાવાય છે.તાજેતરમાં અહીં હનુમાનજીની મૂર્તિ એક સાદા ધાતુના છાપરા નીચે સ્થાપિત કરવામાં આવી છે,

જેના કારણે આ ભૂલાઈ રહેલા સ્થળને ફરી એક ધાર્મિક હાજરી મળી છે. માત્ર એક ટેકરી નહીં – એક જીવંત સાંસ્કૃતિક વારસો

હરિ પર્વત માત્ર એક કિલ્લો, મંદિર અથવા એક જ ધાર્મિક સ્થળ નથી.

તેની પરંપરાગત પરિક્રમા અનેક પવિત્ર સ્થળોને એકબીજા સાથે જોડે છે

મહા ગણેશ ? સપ્તર્ષિ ? મહાકાળી ? દેવી આંગણ ? હરિ સ્થાપના ? અમર કૌલ ? મહાલક્ષ્મી ? વામદેવ ? પોખરીબલ ? હનુમાન ? કાઠી દરવાજા

આ પૈકી કેટલાક સ્થળો આજે સ્પષ્ટ રીતે જોવા મળે છે. કેટલાક શોધવા મુશ્કેલ છે. કેટલાક ઉપેક્ષિત છે અને કેટલાક મુખ્યત્વે એવા લોકોની સ્મૃતિમાં જીવંત છે, જેમણે તેમને પોતાના જીવનમાં જોયા હતા.

આ બધા મળીને જૂના શ્રીનગરનો એક અનોખો પવિત્ર સાંસ્કૃતિક નકશો રચે છે.

દરેક શિલા, સ્થાપના, ઝરણું અને નાનું મંદિર કાશ્મીરની સાંસ્કૃતિક સ્મૃતિનો એક ટુકડો સાચવી રાખે છે.

મારા મત મુજબ, આ નાનાં પવિત્ર સ્થળોનું પણ દસ્તાવેજીકરણ, સંરક્ષણ અને સ્મરણ થવું જરૂરી છે–માત્ર પૂજાનાં સ્થળો તરીકે નહીં, પરંતુ કાશ્મીરના જીવંત વારસાના મહત્વપૂર્ણ ભાગ તરીકે.

આપણી યુવા પેઢીના ઘણા લોકો આ સ્થળોને તેમના જૂના સ્વરૂપમાં જોઈ શક્યા નથી. આપણા વડીલોને કદાચ જૂના માર્ગો, સ્થાપનાઓ, તહેવારો, સ્થળોનાં નામો અને પરંપરાઓ વિશે એવી ઘણી માહિતી યાદ હશે,

જે આજે શોધવી મુશ્કેલ બની રહી છે.

જો તમે ભૂતકાળમાં હરિ પર્વતની પરિક્રમા કરી હોય, તો કૃપા કરીને તમારી સ્મૃતિઓ, જૂના ફોટોગ્રાફ્સ, સ્થળોના ચોક્કસ સ્થાન અને તમારી જાણ મુજબની માહિતી તથા સુધારા શેર કરો.

માહિતીનો એક નાનો ટુકડો પણ આપણા વારસાના કોઈ ભૂલાઈ રહેલા ભાગને ફરીથી સમજવામાં મદદરૂપ થઈ શકે છે.

હરિ પર્વત માત્ર એક ભૂતકાળની યાદ નથી; તે અનેક પેઢીઓની સ્મૃતિઓ, શ્રદ્ધાઓ અને સાંસ્કૃતિક પરંપરાઓને જોડતું એક જીવંત વારસાસ્થળ છે.

# કાગડું તેડું તેડું ને ઉડી જાય..!

અષાઢે મેઘો ભલે અને શ્રાવણમાં ભાવે શીરો

ભાદરવે કાગવાસ ભલો,ને દિવાળીમાં ઘૂઘરો

આ તો ભાદરવો આવ્યો એટલે 'શ્રાદ્ધ' નો ટાવર પકડાય ગયો. ને આમ પણ સ્વજન અને કાગડા સિવાય ઉકલી ગયેલા પૂર્વજોનો બેલી કોણ..? કાગડા તો કાગડા, વરસે દિવસે બિચારા સાથે સંબંધ તો અકબંધ રાખે ને..? બાપાની કાળજી તો રાખે ને .? એટલે જ લાડ-વાચક નામથી કાગડાને બદલે, 'કાગડું' નો શબ્દ-પ્રયોગ કર્યો છે. કાગડાકો કભી કમજોર મત સમજના..! હિંદુ ધર્મ ગ્રંથો અને પૌરાણિક માન્યતાઓ મુજબ, શનિદેવ મહારાજનું એ સૌથી મુખ્ય અને પ્રચલિત વાહન કહેવાય. શનિદેવ જો બગડયા તો ભીંગડા કાઢી નાંખે. એ બંને નો ડર લાગે મામૂ..! પૂર્વજોનો અને બીજો શનિદેવનો..! કુતરાના બચ્ચાને પણ લાડથી 'ગલુડિયું' જ કહીએ, એટલે લાડથી બોલાવવાની આ 'સ્ટાઈલ' પણ ખરી યાર...! બિચારા આદિકાળથી પૂર્વજોની શ્રાદ્ધ-સેવા સંભાળતા હોય, એને લાડ તો લડાવવા જ પડે ને..? માટે કોઈએ ઉધરસ કાઢવી નહિ કે, 'કાગડું' કેમ કહ્યું..! મારા પૂર્વજને કાગડું કહું કે કાગડો, એમાં બીજાને શું..? એ પણ ખરું ને..?

પૂર્વજો પણ કેવી આગોતરી વ્યવસ્થા કરી ગયેલા..? ભાદરવો બેસે એટલે, શુકલ પક્ષના ૧૫ દિવસો દેવોના, ને કૃષ્ણપક્ષનાં ૧૫ દિવસો પિતૃઓના..! દેવો આવીને બધું ચકાસી જાય, ને NOC આપે કે, બધું સબ સલામત છે, પછી જ પૂર્વજો પોતપોતાના ધાબાને 'હેલીપેડ' બનાવીને લેન્ડીંગ કરવા માંડે..! મુદ્દો આસ્થાનો છે. દેવોને તો સાચવી લેવાય, પણ પૂર્વજોને સાચવવાના એટલે, છોટલા સાથે અખરોટ ચાવવા બરાબર..! અઘરામાં અઘરી પરીક્ષા આવી હોય, તેવી તૈયારી કરવી પડે. ડર લાગે કે, જીવતા જીવતનો હિસાબ કાઢીને બેઠા તો..? જો કે, બધાના જ બાપા એવા હોય એવું નથી. અમુકને તો હેલ્મેટ પહેરીને પણ કાગવાસ નાંખવો પડે. કારણ કે, કાગડાની ચાંચ ચકલી જેવી કોમળ હોતી નથી. સાલું આ પણ કેવું હંઅઅઅ? શ્રાદ્ધનો મહિનો બેસે એટલે, ધાકમાં જીવવાનું, ને ભીંડાથી પેટ ભરવાનું..! ભાદરવામાં ભીંડા પણ એટલા નીકળે કે, આખા એક્સપ્રેસ હાઈવે' ઉપર ભીંડાના તોરણ ઝુલાવ્યા હોય તો હાઈ-વે ટૂંકો પડે, પણ ભીંડા નહિ ખૂંટે...! ભીંડાની જાત ભલે કોઈ બીજા શાક સાથે નહિ ભળે, પણ કાગડા ભળી જાય. છૂટાછવાયા મળે ત્યારે કાગડાની ઈજ્જત નહિ કરીએ, પણ ભાદરવાનું પ્રાગટ્ય થાય, એટલે કાગડાના અચ્છે દિન આવવા માંડે. ધાબે ધાબે કાગડાના મેળા ભરાય. એમાં આ વરસે તો કોઈએ કાળી મૂઠ મારી હોય એમ, કાગડા કરતા વાદળા વધારે દેખાય. ચિંતા એ વાતની થાય કે, બાપાને રાજી રાખવા, સારી-સારી વાનગીનાં તપેલા ચઢાવ્યા હોય, ને વરસાદના ત્રાસથી બાપાએ બહાર [illegible] માંડી વાળ્યુ તો..? મહેનત માથે પડે..! છત્રી અને રેઈનકોટના પણ વાસ મુકવા પડે..! શ્રાદ્ધની તિથીએ કંઈ ઓછી હલામણ હોય..? જે તિથીએ શ્રાદ્ધ આવતું હોય એ દિવસે, ઉપરી અધિકારીનું 'ઇન્સ્પેકશન' આવતું હોય એમ, ઘરનો માહોલ બદલાય જાય. રાંધણ બદલાય જાય. જીવતા જીવત ઠરવા ના દીધા હોય, એટલે રસોડામાં દીપડો ઘુસી ગયો હોય એટલો ડર લાગે. પૂર્વજો સંતુષ્ટ થયા તો ઠીક, જો નાપાસ થયા તો રસોઈ ને દિવાળી બેઉ બગાડે.! પગના તળીએથી માંડીને માથાની ટોચ સુધી 'બ્લડ-પ્રેસર' કુદકા મારતું થઇ જાય. એટલે તો અમારો ચમનીયો, કાગવાસ નાંખવાનો હોય તો, હેલ્મેટ પહેરીને કાગડાનાં 'ડ્રેસકોડ' માં જ કાગવાસ નાંખે. એ જયારે કાગવાસ નાંખવા જાય ત્યારે, કાગડું 'તેડે તેડે ને ઉડી જાય..!'

યે સબ પાવરકી કમાલ હૈ..! 'માણસને અમુક પાવર આવી જાય પછી ઝાયલા નહિ રહે એમ, શ્રાદ્ધ ટાણે કાગડું પણ ઝાયલું નહિ રહે. કાગવાસ લેવા ભાવભીના અવાજે કાલાવાલા ને ભાઈ-બાપા પણ કરવા પડે. જેમ મતદારોને રીઝવવા, ઉમેદવારનો પરસેવો નીકળી જાય, એવી હાલત થાય. એની જાતને જલ્દી Appointment પણ નહિ આપે..! પોતાની મરજી હોય તો જ કાગવાસ સગેવગે કરવા આવે..!. જે કહો તે, શ્રાદ્ધ-પક્ષમાં કાગડાનું એટીટ્યુડ (Attitude) એટલે નવાબ જેવું..! કોઈ ફાઈવ સ્ટાર હોટેલના ફૂડ ક્રિટિક (Food Critic) હોય એમ, પહેલા તો કાગવાસને ત્રાંસી આંખે જોશે કે, ખીરમાં શુદ્ધ કેસર નાંખ્યું છે કે પછી સાવ આર્ટિફિશિયલ કલર છે..?' બાપાણી ની પીઠ ઉપર ચઢીને ગમે એટલી વખત તબડક-તબડક કર્યું હોય, એ કામ નહિ આવે. બાપાનાં મગજમાં કાગડો એવો ચમચો હલાવે કે, જેમણે જીવતા જીવત માંગેલું પાણી આપ્યું ના હોય, ઘરમાં મોંઘીદાટ અગરબત્તીનો ધુમાડો કર્યો હોય, પણ તમારા ઓરડામાં મચ્છરની અગરબત્તી શુદ્ધા મૂકી ના હોય તો, મર્યા પછી બહુ [illegible] નહિ થવાનું. તેનો હિસાબ શ્રાદ્ધમાં જ કઢાય .!' બાપા ત્યારે પણ બગડે કે, એમને તીખા મરચાના ભજીયા ગાંઠિયા-પાપડી ભાવતા હોય, ને આપણે મુકીએ ખીર-પૂરી, એમાં બાપા વધારે છીંકી જાય. બરાડા તો નહિ પાડે, પણ વિચારે તો ખરા કે ૧૦ વરસથી ડાયાબીટીશ હોવાની ખબર હોવા છતાં, મારા રોયા વેર લેતા હોય એમ, બાસુદી-પૂરી શું કામ મુકતા હશે? મરેલાને શું કામ મારતા હશે..? બાપા ઔર બગડે..!

માયા બહુત બૂરી ચીજ હૈ લાલા..? માટે જીવતા જીવત જીવતાને જેટલું 'આઈ લવ યુ' કહેવાય એટલું કહી દેવાનું. ઉકલી ગયા પછી માયા બતાવવાના થયા તો, ઉધારી ચુકવતા હોય એવું લાગે. અનર્થ થાય. લાગણીના ઉભરા જોઇને બાપાને ય્ફૂદ્યશ્ઁ થવા ઉશ્કેરવા જ નહિ. બા ને પૂછી જોવાનું..! બાપા પણ વિચારતા હોય કે, 'જીવતા જીવત જો લાગણીના ફૂવ્વારા છોડયા હોત તો, મરવાની ઉતાવળ મને ક્યાં હતી..? સેંચુરી ઠોકી દીધી હોત..! તંઈઈઈઈ..? જોકે શ્રાદ્ધમાં આવે તો પણ બાપા, પોતાના ધાબે જ આવે. બીજાનાં ઘરનો વાસ ઝાપટવા ગયા હોય એવું સંભળાયું નથી. કાગડો મોભે બેસીને કાઉ-કાઉ કરે એટલે, પરિવારને હરખની હેડકી ઉપડવા માંડે કે, દાદા આવી ગયા..!

છોકરું ઘોડીયામાં ઊંઘતું હોય તો તેને પણ ઉઠાવી લાવીને બાપાને કહે કે,બાપા ..આ આપનો લેટેસ્ટ કુળદીપક..! 'દાદાને જયશ્રી કૃષ્ણ બોલ બેટા..!' ચમનીયો મને કહે, 'આપણા પૂર્વજોએ કેવાક કરમ કરેલા હશે કે, કાગડા સ્વરૂપે મળવા આવે..? કોઈનો પણ પૂર્વજ મોર થઈને 'મોરવાસ' લેવા કેમ આવતો નથી? સરાધિયાનું ખાવાની મોનોપોલી શું કાગડા પાસે જ હોય..? હવે ચમનીયાને તો તમે ઓળખો. ખાડી નાની પણ પુલ મોટો. (અક્કલ ઓછી ને ઉમેદ વધારે..!) મને કહે, 'રમેશિયા..! મને તો એ વાતની ચિંતા થાય કે, જે દિવસે કાગડાઓ ખૂટી જશે તે દિવસે શ્રાદ્ધની કુરિયર સેવાનું થશે શું .? સરકારે તો સરાધીયાનું પણ વેકેશન આપવું જોઈએ. જેથી સ્વજનો સાથે બેસીને મરનારની શાંતિ અને મોક્ષ માટે ભક્તિ-ધૂન કરી શકે. એમના આત્માને પરમ શાંતિ મળે બીજું શું..? સમૂહ 'શ્રાદ્ધ મહોત્સવ' પણ રખાય. જેથી દરેક પરીવારના પૂર્વજોના દર્શન થાય..! સરકારની પણ છાપ વધે, અને જ્યારે આપણું જવાનું થાય ત્યારે ઉપરવાળા લોકો પણ ઈજ્જત કરે. કાગડો જોઇને કાંકરીચાળો કરવા જેવો નહિ. કદાચ એ આપણો પૂર્વજ પણ હોય..!

સમય સમયના ખેલ છે મામૂ..! આવું બધું અમાસ સુધી જ ચાલે. શ્રાદ્ધ પક્ષ પત્યો એટલે તું તારે ધામ ને હું મારે ધામ..! કાગડાની વૈભવી લાઈફસ્ટાઈલ ઉપર બ્રેક લાગી જાય. કાગડો ધાબે બેસીને કાઉઉ..કાઉઉ કરે તો, દૂધપાકને બદલે સાવરણીનાં સોટા પણ ખાવા માંડે..!, અમલદાર જેવો અમલદાર નિવૃત થાય એટલે, કુતરા પણ 'ઓટલા-ત્યાગ' કરવા માંડે એમ શ્રાદ્ધકાળ પૂરો થાય પછી કાગડાની હાલત પણ ખુરશી ઉપરથી ઉતરી ગયેલા અમલદાર જેવી થાય. શું કહો છો ચમનીયા..?

લાસ્ટ બોલ

ચમનીયા કાઆઆઆ...કાઆઆઆ બોલીને થાકી ગયો પણ, કાગડો આવ્યો નહિ..! પાડોશીએ પૂછ્યું, 'કેમ કાગડા વાસ લેવા આવતા નથી કે શું..? ક્યાંથી આવે..? બાપા વાતોડિયા બહુ. જીવતા હતા ત્યારે આજુબાજુવાળા સાથે ઝઘડતા બહુ. હજી પણ શેરીમાં આવેલા કાગડાઓ સાથે ઝઘડી રહ્યા છે..! પાડોશી કહે, અમારી કાગડી પણ એ જ ટોળામાં લાગે છે..!. તારા કપાળમાં કાંદા ફોડું...!




# યુવાનોના આદર્શઃ સ્વામી વિવેકાનંદ

**અભિવ્યક્તિ**



**ડો. જે.એમ. નાયક** (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૨ ના વર્ષને યુવાશકિતવર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. સ્વામીજીના જન્મદિવસ ૧૨મી જાન્યુઆરીથી સમગ્ર દેશમાં સ્વામી વિવેકાનંદની એકસો પચાસમી જન્મ જયંતીની ઉજવણી થઈ રહી છે. દર વર્ષે ૧૨ મી જાન્યુઆરીનો દિવસ યુવા દિન તરીકે ઉજવાય છે. કારણ સ્વામી વિવેકાનંદ એ યુવાનોના પ્રતીક છે. સ્વામી વિવેકાનંદને દેશના યુવાનોમાં અખૂટ શ્રદ્ધા હતી તેમને પોતાના વિચારો અને કાર્યોના વહન માટે યુવાનો પર જ વિશ્વાસ હતો. ફક્ત ને ફક્ત ઓગણચાલીસ વર્ષના એમના ખૂબ જ ટૂંકા આયુષ્ય દરમ્યાન ભારત અને ભારતીયોના સામર્થ્યની વિશ્વ સમસ્તને ઓળખ આપનારા સ્વામી વિવેકાનંદ એ રાષ્ટ્રના પનોતા પુત્ર છે.

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જંયતીની ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં યોજાયેલા આજના આ વ્યાખ્યાનમાં મારે સ્વામીજીના કેટલાક ક્વોટેશન્સ વિવેકાનંદજીનાં પ્રવચનો કે તેમણે લખેલા પત્રોને આધારે જ મારે મારી વાત આપ સૌ સમક્ષ રજૂ કરવી છે સ્વામી વિવેકાનંદજીનું નામ લેતાં જ એમના અતિ પ્રચલિત અને લોકજીભે ચઢી ગયેલા ક્વોટેશનથી આપ સૌ પરિચિત છો જ. અને તે છે ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહોહ્ઞ આજનો કોઈપણ યુવાન આ ક્વોટેશનને આત્મસાત કરી લે તો દુનિયાની કોઈ તાકાત યુવાનની પ્રગતિને રોકી શકે નહી. અહીં ઊઠો એટલે બેઠેલાને ઉઠાડવાની વાત નથી અને જાગો એટલે ઉઘમાંથી જાગવાની વાત નથી વાત છે. અહીં વાત છે મોહનિદ્રામાંથી જાગવાનું યુવાનોને સ્વામીજી કહે છે. ધ્યેય પ્રાપ્તિ યાને ગોલ યાને લક્ષ્યાંક સર કરવા માટે ઊઠવાની અને જાગવાની વાત છે. સ્વામીજી સ્થૂળ શરીરને નહીં પરંતુ સૂતેલા આત્માને જગાડવાની વાત કરે છે. જો યુવાનોમાં મનમાં કોઈ સ્પષ્ટ ધ્યેય જ ન હશે તો ઊઠી અને જાગીને કરશે શું? ધ્યેય વિનાનું જીવન દિશાવિહીન છે. અને તેથી જ સૌ પ્રથમ તમારા જીવનનું ધ્યેય યાને લક્ષ્ય નકકી કરો અને તેની પ્રાપ્તિ માટે મંડી પડવાની વાત છે. એક લક્ષ્ય નકકી કરી એના જ વિચાર કરો, એનાં જ સ્વપ્નો જુઓ, એના આધારે જીવો. તમારા મગજ, સ્નાયુ, નાડી અને આખા શરીરમાં આ લક્ષ્યને ભરીદો.

સ્વામી વિવેકાનંદ યુવાનોને ઉદ્દેશીને કહે છે અરે ઓ યુવાનો પ્રચંડ ખંત અને દૃઢ ઈચ્છાશકિતથી તમે સફળતા મેળવી શકો છો. સ્વામીજી એક જ વાકયમાં સફળતાનની ગુરુચાવી યુવાનોને આપે છે. સફળતાના સોપાનો સર કરવા દોસ્તો ઢીલી ઢીલી વાત ચાલે નહીં, તમારામાં દૃઢ ઈચ્છાશક્તિ હોવી આવશ્યક છે. ખંતથી તમો કોઈપણ તમારું કામ કરશો તો સફળતા તમારા કદમો ચૂમશે. સ્વામીજી આ જ વાતને આગળ વધારતાં કહે છે કે ખંતીલો માણસ કહેશે કે હું સાગરને પી જઈશ અને મારી ઈચ્છા થતાં જ પર્વતો કડડભૂસ થઈને તૂટી પડશે. આટલા મજબૂત મનોબળ પ્રાપ્ત કરવા સ્વામી યુવાનોને હાકલ કરે છે. તમારી નિષ્ફળતા માટે બીજાને દોષિત ઠરાવો નહીં તમારા પ્રારબ્ધનું ઘડતર કરનાર તમો પોતે જ છો. દેશને મહાન બનાવવા અંગે સ્વામીજી જણાવે છે કે દેશને ખાતર ન્યોછાવર થનાર અને દેશને ખાતર પોતાની જાતને હોમી દેનારા માણસો જયારે જાગશે ત્યારે જ દેશ સર્વથા મહાન થાય છે. દેશને કોઈ મહાન બનાવતું હોય તો તે પ્રજા છે. રાજા અને નેતાઓ દેશને મહાન બનાવી શકે નહીં. પ્રજાની જાગ્રતતા જ દેશને મહાનતા તરફ દોરી જાય છે. નિર્માલ્ય પ્રજા દેશનું શું ભલું કરી શકે? રાષ્ટ્ર પરત્ત્વેનો પ્રજાનો પ્રેમ અને પ્રજાની કુરબાની જ દેશને પ્રગતિશીલ બનાવી શકે. સ્વામીજી રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રચેતનાના મશાલચી છે, જેના પ્રકાશથી પ્રજાનો દીનતારૂપી અંધકાર દૂર થાય છે, જેની ઉષ્માથી લોકોમાં ઉત્સાહ અને જોમનો સંચાર થાય છે.

જે પોતાની જાત પર વિજય મેળવી શકે છે તે જ દુનિયાને જીતી શકે છે. જે માણસ પોતાની જાતને આબાદ રીતે છુપાવી જાણે છે તે જ મહાન કાર્યો કરી શકે છે આ અંગે ઉદાહરણ આપતાં સ્વામીજી કહે છે ઈશ્વરે પોતાની જાતને છુપાવી રાખી છે તેથી જે એનું કાર્ય શ્રેષ્ઠ છે. આપણે આપણી જાત પર વિશ્વાસ રાખવો જોઈએ, પોતાના પર તિરસ્કાર ન કરવો જોઈએ. આ આપણું પ્રથમ કર્તવ્ય છે. પોતાના પર વિશ્વાસ રાખ્યા પછી ભગવાન પર શ્રદ્ધા રાખવી જોઈએ અને જેને પોતાનામાં આત્મવિશ્વાસ નથી તે ભગવાન પર શ્રદ્ધા રાખી શકે નહીં.સમસ્ત પ્રજાને ઉદ્દેશીને સ્વામીજી ભય, ડર કે મુશકેલીઓનો હિંમતથી સામનો કરવા માટે એમના જીવનમાં બનેલો એક પ્રસંગ વર્ણવે છે. સ્વામીજી વારાણસીમાં એક એવી જગ્યાએથી પસાર થઈ રહ્યા કે જયાં એક બાજુ પાણીનું તળાવ હતું તો બીજી બાજુ ઊંચી દિવાલ હતી. વચ્ચેના મેદાનમાં વાંદરાઓનું ટોળું હતું આ વાંદરાઓ સ્વામીજીની પાછળ પડીને સ્વામીજીને ઘેરીને પગે વળગીને ડાચિયાં કરવા માંડયા. સ્વામીજી વાંદરાથી બચવા ભાગ્યા તો વાંદરા એમની પાછળ પડીને બચકાં ભરવા માંડયા. બચવાનો કોઈ આરો જ ન દેખાયો ત્યારે વાંદરાઓનો સામનો કરી સામી છાતીએ પથ્થર ઉપાડીને વાંદરાઓને માર્યો એટલે વાંદરા પાછા હઠવા માંડયા અને છેવટે નાસી ગયા. જીવનની પાઠશાળામાં આખી જિંદગી યાદ રાખવા જેવો આ પાઠ છે. જયારે આપણા જીવનમાં મુશ્કેલીઓ આવે ત્યારે એનાથી ડરીને ભાગવાને બદલે સામનો કરીશું તો વાંદરાઓ ભાગ્યા તે રીતે મુશ્કેલીઓ ઓસરી જશે અને આપણામાં કહેવત છે ને જોડર ગયા સો મર ગયા સ્વામીજી પશ્ચિમના દેશોનું પ્રત્યક્ષ દર્શન કરીને પાછા ફર્યા પછી ભારતમાં જે વ્યાખ્યાનો આપ્યાં તે પૈકીના કેટલીક અંશ આપની સમક્ષ રજૂ કરીશ.સ્વામીજી જણાવે છે કે તમારી વર્તમાન હાલત માટે બબડાટ કરે નહીં અને તમે જે કાર્ય કરો છો તેને આનંદથી અપનાવો. જે યુવાન પોતાની નાની નાની મુશ્કેલીઓના રોદણાં રડયા કરશે તેનું જીવન દુઃખથી ભરાઈ જશે અને તેથી તેના દરેક કાર્યમાં નિષ્ફળતા જ સાંપડશે. કહેવત છે ને કે રડતો માણસ મૂએલાની ખબર લઈને આવે. તમારી ફરિયાદોની બીજાને શું પડી હોય, ભલા માણસ? દરેકને પોતાની મુશ્કેલીઓ હોય છે. તો તમારી ક્ષુલ્લક ફરિયાદ સાંભળવાનો એમને સમય ક્યાંથી હોય? જે કચકચિયો માણસ છે એને તો બધાં જ કામ અણગમતા લાગે છે અને એની સતત નાની નાની ફરિયાદોથી તો એનુંઆખુંજીવન એક નિષ્ફળતા બની રહે છે. સિકકાની બીજી બાજુ જોઈએ તો જે માણસ પોતાનું કાર્ય કે પોતાની ફરજ નિષ્ઠાથી બજાવતો આગળ વધે છે તે સ્વાશ્રયી બને છે અને તેનો પંથ પણ ઉજ્જવળ બને છે અને સાથે જ વધારે ને વધારે શ્રેષ્ઠતમ કાર્યો કરવા તે ભાગ્યશાળી બને છે મૂર્ખ માણસ પણ આનંદથી કાર્ય કરશે તો તે કાર્યને પાર પાડી શકશે અને ખરી વાત તો એ છે કે દરેકે કામને પોતાને મનગમતુંબનાવી લેવું જોઈએ.

(વધુ આવતા અંકે)

# વેન્ટિલેટર પર શ્વાસ લેતી ભારતીય લગ્નવ્યવસ્થા

ऋणानुबन्धरूपेण पशुपत्नी सुतालयाः ।
ऋणक्षये क्षयं यान्ति तत्र का परिदेवना ॥

ભારતીય સંસ્કૃતિમાં લગ્ન માત્ર બે વ્યક્તિઓનું મિલન નથી; એ બે પરિવારો, બે સંસ્કારો અને બે જીવન-વાહને જોડતું પવિત્ર બંધન છે. અગ્નિની સાક્ષીએ ચોરીના ચાર ફેરા ફરતી વખતે વર-વધૂ માત્ર એકબીનાના હાથ પકડતાં નથી, પરંતુ આખી જિંદગી એકબીજાની સાથે ઊભા રહેવાના સંકલ્પને સ્વીકારે છે.

પરંતુ આજે પ્રશ્ન એ છે—એ ચાર ફેરા હજી સંબંધને બાંધી રહ્યા છે કે માત્ર લગ્નના આલ્બમમાં ચાર સુંદર તસવીરો બનીને રહી ગયા છે?

એક સમય હતો જ્યારે લગ્નમાં સાદગી હતી, પણ સંબંધોમાં ઊંડાણ હતું. આજે લગ્નમાં ભવ્યતા છે, પરંતુ ઘણી વાર સંબંધોમાં ખાલીપો છે.

લાખો રૂપિયાનો મંડપ ઊભો થાય છે, પરંતુ બે દિલ વચ્ચે સંવાદનો પુલ ઊભો થતો નથી. ડિઝાઈનર કપડાં હોય છે, ડેસ્ટિનેશન વેડિંગ હોય છે, પ્રી-વેડિંગ શૂટ હોય છે, સોશિયલ મીડિયા પર હજારો 'લાઈક્સ' હોય છે—પણ લગ્ન પછીના એકાંતમાં એકબીજાને સાંભળવા માટેનો સમય ક્યાંક ખોવાઈ જાય છે.

આજના લગ્નમાં લોકો શું કહેશે? એ પ્રશ્ન ઘણી વાર આપણે ખરેખર ખુશ છીએ? કરતાં મોટો બની ગયો છે.

દહેજની અપેક્ષા, દેખાદેખી, ખોટી પ્રતિષ્ઠા, આર્થિક બોજ, અતિશય અપેક્ષાઓ અને સોશિયલ મીડિયાએ ઊભી કરેલી 'પરફેક્ટ કપલ'ની ભ્રમણા ઉપરથી માતાપિતાની જૂનીપુરાણીમાનસિકતા અને જિદ્દી સ્વભાવ, સંતાનોનાલગ્નજીવનમાં ટોકટોકી અને નાહકનો હસ્તક્ષેપ –આ બધું મળીને લગ્નના મૂળ સ્વરૂપને ધીમે ધીમે ઘસતું જાય છે.

લગ્ન હવે ક્યારેક બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ ઓછો અને બે પરિવારો વચ્ચેનો સામાજિક કરાર વધુ બની જાય છે.

જાણીતા શાયર બશીર બદ્રની પંક્તિ અહીં ખૂબ પ્રાસંગિક લાગે છે—

卐कुछ तो मजबूरियाँ रही होंगी, यूँ कोई बेवफ़ा नहीं होता।卐

દરેક તૂટેલા લગ્ન પાછળ માત્ર 'બેવફાઈ' શોધવી સરળ છે; પરંતુ સંબંધ કેમ તૂટ્યો તેની પાછળના મૌનને સમજવું મુશ્કેલ છે. ઘણી વખત સંબંધને કોઈ એક મોટો આઘાત નથી તોડતો; નાના-નાના અણગમતા શબ્દો, સતત અવગણના, દીકરાનું ખાલી માતાપિતાને પ્રાધાન્ય આપવું અને દીકરીઓનું વધારે પડતું સ્વછંદી વર્તન, એમાં સાસરિયાંઓનો અહંકાર, અવિશ્વાસ અને સંવાદનો અભાવ તેને અંદરથી ખોખલો બનાવે છે.




આપણે લગ્નમાં ચાર ફેરા તો ફરીએ છીએ, પરંતુ શું જીવનમાં પણ એ ચાર ફેરાની ભાવના જીવીએ છીએ?

સાથે ચાલવું, એકબીજાને સમજવું, સુખ-દુઃખમાં સાથ આપવો અને સંબંધને અંત સુધી સાચવવો—આ ચાર બાબતો વિના કોઈપણ લગ્નવિધિ અધૂરી છે.



સતરંગી શમણાં

-નીતા પી. જાદવ, રાજકોટ

વિચિત્રતા એ છે કે લગ્ન તૂટે ત્યારે સમાજ ઘણી વાર પૂછે છે—છૂટાછેડા કેમ લીધા? પરંતુ લગ્નજીવનમાં તિરાડ પડતી વખતે ભાગ્યે જ કોઈ પૂછે છે—તમે બંનેને એકબીજાની જરૂર છે કે નહીં?

લગ્ન બચાવવાનો અર્થ દરેક સંબંધને કોઈપણ કિંમતે ખેંચવો નથી. કારણ કે જ્યાં હિંસા, અપમાન કે ગંભીર અન્યાય હોય ત્યાં અલગ થવું પણ જરૂરી બની શકે છે. પરંતુ સામાન્ય મતભેદોને અહંકારની લડાઈમાં ફેરવતા પહેલાં એક વાર વાત કરવી, સાંભળવું અને સમજવાનો પ્રયત્ન કરવો—આજના સમયમાં કદાચ સૌથી મોટી વૈવાહિક સાધના છે.

આથી, ભારતીય લગ્નવ્યવસ્થા ખરેખર વેન્ટિલેટર પર છે કે નહીં, એનો નિર્ણય મંડપની ભવ્યતા કે છૂટાછેડાના આંકડા નહીં, પરંતુ આપણા વર્તનથી થશે.

લગ્નને બચાવવા માટે નવા મંત્રોની જરૂર નથી. જરૂર છે જૂના મૂલ્યોને નવી સમજ સાથે જીવવાની.

ચોરીના ચાર ફેરા ચાર ક્ષણોની વિધિ છે;
પરંતુ એ ચાર ફેરાની જવાબદારી આખી જિંદગીની છે.

મંડપમાં અગ્નિ સાક્ષી બને છે, સમાજ સાક્ષી બને છે, પરિવાર સાક્ષી બને છે—પણ લગ્નની સાચી કસોટી ત્યારે શરૂ થાય છે જ્યારે બધા મહેમાનો ચાલ્યા જાય છે, શરણાઈ બંધ થઈ જાય છે અને બે વ્યક્તિઓ ચાર દીવાલોની વચ્ચે પોતાના સંબંધ સાથે એકલા રહે છે. આપણે ત્યાં માતાપિતા અને ભાઈબહેનના કડવા સ્વભાવને દરેક સંતાનો સહન કરી લેતા હોય છે, ભલે ગમે તેટલા કંટાળી ગયા હોય, કારણકે, માતાપિતા કે ભાઈબેનને છૂટાછેડા આપવા કે છોડી દેવાની શિખામણ કોઈ આપતું નથી. ત્યાં એમ જ સમજાવાય કે, લોહીના સંબંધો સૌથી સવાયા તો પછી જે સ્ત્રી પોતાનું ઘર - પરિવાર, નામ - ઓળખ સર્વસ્વ છોડીને આવે એને છોડી દેવાની સલાહ સમાજમાં દોઢડાયા આપતા જોવા મળશે.

કારણકે, પત્ની તો બીજી પણ લાવી શકશો, માતાપિતા બીજા ના લવાય એટલે આવી કુંઠિત વિચારસરણીને કારણે પુરુષો અને એનો પરિવાર આવનારી લક્ષ્મીને હડધૂત કરી અપમાનિત કરતાં અને ક્યારેક તો યમલોક પહોંચાડી દેતાંપણ કાયદો અને શિક્ષણના કારણે આજની દીકરીઓ જાગૃત બની છે એટલે ખોટું અપમાન કે ત્રાસ સહન કરવાની ના પાડે, એટલે પુરુષો અને સાસરિયાંઓનો Ego અર્થાત ઘમંડ ઘવાય અને છૂટાછેડા આપી બીજે પરણવાની ધમકી આપે, જો સ્ત્રી મૂંગા મોં એ સહન કરે તો લગ્ન ટકે, બાકી જય સીતારામ !!! બીજી તરફ આબરૂ સાચવવા બળજબરીથી કરાવેલા લગ્નોમાં સાચી મીઠાસ હોતી નથી. સમાજમાં બહારથી ખુશ દેખાતા યુગલો અંદરખાને ખાલી જવાબદારી નિભાવતા હોય છે, એમના સંતાનો સાચા પ્રેમની નહિ, પણ સમાજની સામે બનાવટી ઈજ્જતની નિશાની હોય છે.... આજકાલ લગ્નવ્યવસ્થા એટલી હદે ભાંગી પડી છે કે, સ્ત્રી અને પુરુષો ડરી ગયા છે. કારણકે જીવનભરના સથવારાના સપના જોતા લોકો જ્યારે સમાજમાં આવા કિસ્સા જોવે ત્યારે ડર લાગવો પણ સ્વભાવિક છે. ટૂંકમાં આજના સમયમાં લગ્ન ટકાવવા હોય તો.... હાથમાં હાથ હોય, મનમાં વિશ્વાસ હોય અને શબ્દોમાં સંવાદ હોય–

તો લગ્નવ્યવસ્થાને વેન્ટિલેટરની જરૂર જ નહીં પડે !

# નહીં જોઈએ...!

હમણાં એક સમાચાર હતા કે જાપાનમાં મસ્જિદ નિર્માણ સામે ઉગ્ર વિરોધ થયો અને એ લોકોએ કહ્યું કે -એક પણ મસ્જિદ નહીં જોઈએ. કેમ ભાઈ...? માનવ ધર્મ કોઈ પણ પાળી શકે અને ધર્મનું સ્થાનક બનાવવામાં શો વાંધો હોઈ શકે?! એમ કહેવાની તાતી જરૂરિયાત છે કે આ ધરા ઉપર એક પણ પ્લાસ્ટિકનો કચરો નહીં જોઈએ કારણ કે પ્લાસ્ટિકનો કચરો જ્યાં ત્યાં જોવા મળે છે. આપણા સ્વાર્થી બિલ્ડરો એમ કહેશે કે આ જમીન પર એક પણ વૃક્ષ! નહીં જોઈએ. ફૂલો એમ કહેશે કે અત્તરની એક પણ ફેક્ટરી આ પૃથ્વી ઉપર નહીં જોઈએ. જંગલના -ાણીઓ એમ કહેશે કે એક પણ -ાણીસંગ્રહાલય નહીં જોઈએ.

એમ કેમ કહેતા નથી કે આ નગરોમાં એક પણ વૃદ્ધાશ્રમ નહીં જોઈએ. મહાનગરના નાગરિકો કહેશે કે રસ્તાઓમાં એક પણ ખાડો નહીં જોઈએ. ગાય ,ભેંસ ,બકરીઓ કહેશે કે આ ધરા પર એક પણ કતલખાના નહીં જોઈએ. રેશનાલિસ્ટો કહેશે કે આ ધરા ઉપર એક પણ મંદિર નહીં જોઈએ.

શબ્દથી શબ્દ સુધી

રમેશ પટેલ, સુરત

આપણે એવી પ્રગતિ કરવી જોઈએ કે... એક પણ રંક આ ધરા ઉપર નહીં જોઈએ. ખુરશીઓ એમ કહેશે કે અમારે એક પણ લુચ્ચા --પંચી- ભ્રષ્ટાચારી- સ્વાર્થી ...પ્રધાનો નહીં જોઈએ!

નાનાં ભૂલકાઓ કહેશે કે અમારે એક પણ બાળ મંદિર નહીં જોઈએ. ગુનેગારો એમ કહેશે કે અમારે એક પણ જેલ આ પૃથ્વી ઉપર નહીં જોઈએ.

ખેતરમાં ઊભેલો ચાડિયો એમ કહેશે કે મારે એક પણ પંખીઓ ખેતરમાં નહીં જોઈએ. મંદિરમાં બેઠેલો ઈશ્વર એમ કહેશે કે મારી સામે ભીખ માંગનાર ભિખારી પ્રભક્તો એક પણ નહીં જોઈએ.

જંગલમાં હરણાંઓ એમ કહેશે કે અમારે એક પણ સિંહ કે વાઘ નહીં જોઈએ. ઉંદરો એમ કહેશે કે અમારે એક પણ બિલાડી નહીં જોઈએ! ગુજરાતના દારૂ પીનારાઓ એમ કહેશે કે અમારે ગુજરાતમાં દારૂબંધી નહીં જોઈએ! કોર્ટમાં ન્યાયાધીશો એમ કહેશે કે અમારે એક પણ જૂઠું બોલનારા અને ખોટા કેસ કરનારા નહીં જોઈએ.

...નહીં જોઈએ ચાંચડ, માંકડ અને વંદાઓ.

ઔરંગઝેબો એમ કહેશે કે અમારે એક પણ સંગીતકાર આ ભારતમાં નહીં જોઈએ. દીવેલ પીધેલા એમ કહેશે કે અમારે એક પણ હાસ્યકાર આ સાહિત્યમાં નહીં જોઈએ.

જેઓ કવિતાના દુશ્મન છે તેઓ એમ કહેશે કે અમારે એક પણ કવિ..કવિતા આ ધરા ઉપર નહીં જોઈએ! ખેડૂતો એમ કહેશે કે કમોસમી વરસાદ નહીં જોઈએ!

ગધેડાઓ એમ કહેશે કે અમારે એક પણ કુંભાર.. પ્રજાપતિ નહીં જોઈએ. વૃક્ષો એમ કહેશે કે એક પણ કાગળ ફાડનારો બાળક નહીં જોઈએ! સાપ એમ કહેશે કે અમારે એક પણ સમડી(પંખી) નહીં જોઈએ. અંધારું એમ કહેશે કે અમારે એક પણ દીપક સળગતો નહીં જોઈએ!

હવે તમે એમ કહેશો કે આવું લખનારો નહીં જોઈએ!...આવજો!

# ફૂલ લૈને આવ સાથે, કામ તારું થઈ જશે



ગોખમાં અજવાસ એ મૂકી ગયા છે જ્યારથી, ઓરડો ડરતો નથી સ્હેજે હવે અંધારથી.
આગથી દાઝ્યો નથી એ સત્ય છે માનો તમે, આજ હું દાઝી ગયો છું ફૂલના અંગારથી.
સાવ નાના બાળ જેવો છે પવન માની જશે,
મ્હેક પાછી લાવશે સમજાવને તું પ્યારથી.
વીજના ઝબકાર માફક કોઈ આવે-જાય છે, આંખ અંજાયા કરે છે દિવ્યતમ આકારથી.
ફૂલ લૈને આવ સાથે, કામ તારું થઈ જશે,
જીતવો મુશ્કેલ છે આ 'શ્યામ'ને તલવારથી.
(દ્વાર ખખડાવે હવા ગઝલ સંગ્રહ માંથી)
-શ્યામ ઠાકોર

આ ગઝલનો આસ્વાદ તેની -તીકાત્મકતા, પ્રેમની કોમળતા અને આંતરિક પ્રકાશની અનુભૂતિને કેન્દ્રમાં રાખીને લખી શકાય.

પ્રસ્તુત ગઝલમાં કવિ 'શ્યામ'એ પ્રેમ, પ્રકાશ, સુગંધ, પવન, ફૂલ, વીજળી અને તલવાર જેવા પ્રતીકો દ્વારા માનવીય લાગણીઓની અત્યંત સંવેદનશીલ અભિવ્યક્તિ કરી છે. ગઝલના દરેક શેરમાં એક અલગ ભાવજગત ઊઘડે છે, પરંતુ સમગ્ર રચનાને એકસાથે વાંચીએ ત્યારે પ્રેમની એવી અનુભૂતિ થાય છે જે અંધકારને પ્રકાશમાં, કઠોરતાને કોમળતામાં અને હારને જીતમાં પરિવર્તિત કરવાની શક્તિ ધરાવે છે. કવિએ સરળ અને સહજ ભાષામાં ઊંડી વાત રજૂ કરી છે, એ આ ગઝલનું વિશેષ સૌંદર્ય છે.



સંવેદન

- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

ગોખમાં અજવાસ એ મૂકી ગયા છે જ્યારથી,
ઓરડો ડરતો નથી સ્હેજે હવે અંધારથી.

ગઝલના પ્રથમ શેરમાં જ કવિએ પ્રકાશ અને અંધકારનું સુંદર પ્રતીકાત્મક નિરૂપણ કર્યું છે. 'ગોખ' એટલે ઘરનો એક નાનો ભાગ, બારી કે ઝરૂખો. તેમાં કોઈએ 'અજવાસ' મૂકી દીધો ત્યારથી ઓરડો અંધારાથી ડરતો નથી. અહીં અજવાસ માત્ર ભૌતિક પ્રકાશ નથી; તે પ્રેમ, આશા, વિશ્વાસ અને આત્મીયતાનું પ્રતીક છે. જીવનમાં કોઈ પ્રિય વ્યક્તિનો પ્રવેશ થાય અને તે પોતાના પ્રેમથી હૃદયને પ્રકાશિત કરી દે, ત્યાર પછી જીવનના અંધકારો ભયજનક લાગતા નથી. બહારની પરિસ્થિતિ ભલે અંધારી હોય, પરંતુ અંદર આશાનો દીવો પ્રગટેલો હોય તો મનુષ્ય નિર્ભય બની શકે છે. 'ઓરડો' અહીં માનવહૃદયનું પ્રતીક બની જાય છે.બીજા શેરમાં કવિ પ્રેમની અસરને આગના રૂપક દ્વારા વ્યક્ત કરે છે—આગથી દાઝ્યો નથી એ સત્ય છે માનો તમે,
આજ હું દાઝી ગયો છું ફૂલના અંગારથી.

આ શેરમાં વિરોધાભાસનો સુંદર ઉપયોગ થયો છે. સામાન્ય આગથી દાઝ્યા નથી, પરંતુ 'ફૂલના અંગાર'થી દાઝી ગયા છે. ફૂલ સામાન્ય રીતે કોમળતા, સૌંદર્ય અને સુગંધનું પ્રતીક છે, જ્યારે અંગાર ઉષ્ણતા અને દાહનું. કવિએ બંનેને સાથે મૂકીને પ્રેમની તીવ્રતા વ્યક્ત કરી છે. પ્રેમ બહારથી ફૂલ જેવો કોમળ દેખાય છે, પરંતુ તેની અંદર એવી તીવ્રતા હોય છે કે તે હૃદયને દઝાડી શકે છે. પ્રિયજનનું સ્મિત, નજર, યાદ કે લાગણી ક્યારેક આગ કરતાં પણ વધારે અસરકારક બની જાય છે. અહીં 'ફૂલના અંગાર' એક અત્યંત સુંદર અને કલ્પનાશીલ રૂપક છે.

ત્રીજા શેરમાં પવનને બાળક સાથે સરખાવવામાં આવ્યો છે—
સાવ નાના બાળ જેવો છે પવન માની જશે,
મ્હેક પાછી લાવશે સમજાવને તું પ્યારથી.

અહીં કવિનું હૃદય ખૂબ જ કોમળ બની જાય છે. પવનને 'નાના બાળ' જેવો ગણાવવામાં આવ્યો છે. બાળકને પ્રેમથી સમજાવીએ તો તે માની જાય છે તેમ પવન પણ પ્રેમથી સમજાવવાથી માની જશે અને ફરી સુગંધ લઈને આવશે. 'મ્હેક' અહીં ફૂલની સુગંધ પૂરતી સીમિત નથી. તે સંબંધોની મીઠાશ, પ્રેમની ખુશ્બૂ અને જીવનની સુંદરતાનું પ્રતીક છે. જો જીવનમાં કોઈ સંબંધમાં ખટાશ આવી ગઈ હોય તો તેને કઠોરતા કે બળથી નહીં, પરંતુ પ્રેમથી સુધારી શકાય. આ શેર કવિની માનવતાવાદી દૃષ્ટિને પણ પ્રગટ કરે છે.

ચોથા શેરમાં અચાનક આવતી દિવ્ય અનુભૂતિનું ચિત્ર દોરાયું છે—
વીજના ઝબકાર માફક કોઈ આવે-જાય છે,
આંખ અંજાયા કરે છે દિવ્યતમ આકારથી.

અહીં પ્રિય વ્યક્તિનું આગમન વીજળીના ઝબકાર જેવું છે. વીજળી ક્ષણમાત્ર માટે ચમકે છે, પરંતુ તેની ચમક આંખોને અંજાવી દે છે. તેવી જ રીતે કોઈ દિવ્યતમ વ્યક્તિનું દર્શન ક્ષણિક હોવા છતાં મન પર ઊંડી અસર છોડી જાય છે. 'દિવ્યતમ આકાર'માં પ્રેમી વ્યક્તિનું સૌંદર્ય પણ હોઈ શકે અને કોઈ આધ્યાત્મિક અનુભૂતિ પણ. કવિએ ક્ષણિક મુલાકાતને અસાધારણ અનુભૂતિ સાથે સાંકળી છે. આ શેરમાં દૃશ્યાત્મકતા વિશેષ નોંધપાત્ર છે—વીજળીનો ઝબકાર, આંખનું અંજાવું અને દિવ્ય આકાર; ત્રણેય મળીને એક જીવંત ચિત્ર ઊભું કરે છે.

ગઝલનો અંતિમ શેર તેની ભાવયાત્રાને એક અનોખા મુકામે પહોંચાડે છે—
ફૂલ લૈને આવ સાથે, કામ તારું થઈ જશે,
જીતવો મુશ્કેલ છે આ 'શ્યામ'ને તલવારથી.

અહીં કવિએ 'તલવાર' અને 'ફૂલ' વચ્ચેનો વિરોધાભાસ ઊભો કર્યો છે. તલવાર શક્તિ, હિંસા અને કઠોરતાનું પ્રતીક છે, જ્યારે ફૂલ પ્રેમ, કોમળતા અને સૌંદર્યનું. કવિ કહે છે કે મને તલવારથી જીતવો મુશ્કેલ છે, પરંતુ ફૂલ લઈને આવશો તો કામ સરળ થઈ જશે. આ શેર સમગ્ર ગઝલનો ભાવસંદેશ બની જાય છે. પ્રેમ સામે બળની કોઈ અસર નથી. હૃદયને જીતવા માટે હથિયાર નહીં, પરંતુ પ્રેમ અને લાગણી જરૂરી છે.

આ ગઝલની ભાષા સરળ, પ્રવાહી અને ભાવસભર છે. કવિએ અઘરા શબ્દોનો બોજ મૂક્યા વગર રોજિંદા જીવનમાં જોવા મળતાં 'અજવાસ', 'અંધાર', 'આગ', 'ફૂલ', 'પવન', 'મ્હેક', 'વીજ', 'તલવાર' જેવા શબ્દોને પ્રતીકાત્મક અર્થ આપીને ગઝલને ઊંડાણ આપ્યું છે. 'થી' રદીફ અને 'અંધારથી', 'અંગારથી', 'પ્યારથી', 'આકારથી', 'તલવારથી' જેવા કાફિયાઓ ગઝલને લયબદ્ધતા આપે છે. દરેક શેર સ્વતંત્ર ભાવ ધરાવે છે અને છતાં બધા શેર પ્રેમની કેન્દ્રીય અનુભૂતિ સાથે જોડાયેલા રહે છે.

આ ગઝલનું સૌથી મોટું સૌંદર્ય એ છે કે કવિ પ્રેમને માત્ર રોમેન્ટિક લાગણી તરીકે રજૂ કરતા નથી. અહીં પ્રેમ પ્રકાશ છે, સુગંધ છે, પવનને સમજાવતી ભાષા છે, દિવ્ય દર્શન છે અને તલવાર સામે ફૂલની શક્તિ છે. એટલે પ્રેમ કવિ માટે નબળાઈ નહીં પરંતુ સૌથી મોટી આંતરિક શક્તિ છે. સમગ્ર ગઝલને અંતરમાં ઉતારીએ ત્યારે એક સુંદર સંદેશ પ્રાપ્ત થાય છે—જીવનના અંધકારને પ્રકાશથી, દાહને પ્રેમથી, ખટાશને મીઠાશથી અને કઠોરતાને કોમળતાથી જીતી શકાય છે. માણસને બળથી નહીં, લાગણીથી જીતી શકાય છે. કદાચ આ જ કારણે કવિ અંતે તલવાર સામે ફૂલને ઊભું કરે છે. આ ફૂલ માત્ર ફૂલ નથી; તે પ્રેમ, વિશ્વાસ, સૌંદર્ય, કરુણા અને માનવતાનું પ્રતીક છે. આ રીતે 'શ્યામ'ની આ ગઝલ કોમળ લાગણીઓની સાથે જીવનદર્શન પણ રજૂ કરે છે. શબ્દોની સાદગીમાં ભાવોની ઊંડાઈ, પ્રતીકોની સુંદરતામાં પ્રેમની તીવ્રતા અને દરેક શેરમાં માનવીય સંવેદનાનો સ્પર્શ—આ બધું મળીને ગઝલને હૃદયસ્પર્શી બનાવે છે. પ્રેમના અજવાળાથી જીવનના અંધકારને હરાવતી અને ફૂલની કોમળતાથી તલવારની કઠોરતાને પડકારતી આ રચના વાચકના મનમાં લાંબા સમય સુધી સુગંધ બનીને રહી જાય છે.

# શ્રાદ્ધ પક્ષઃ સ્મૃતિ, સંસ્કાર અને જીવંત સંબંધોની સાચી શ્રદ્ધાંજલિ

ભારત માત્ર ભૌતિક સમૃદ્ધિનો દેશ નથી; તે સંસ્કાર, સંબંધો, કૃતજ્ઞતા અને આધ્યાત્મિક ચિંતનની ધરતી છે. અહીં જીવનને માત્ર જીવવાનું નહીં, પરંતુ તેના અર્થને સમજવાનું પણ શીખવવામાં આવ્યું છે. આપણી અનેક પરંપરાઓમાં એવી ઊંડી જીવનદૃષ્ટિ છુપાયેલી છે, જે આપણને આપણા ભૂતકાળ સાથે જોડે છે અને વર્તમાન પ્રત્યેની જવાબદારીનું ભાન કરાવે છે. આવી જ એક અર્થસભર પરંપરા છે – શ્રાદ્ધ પક્ષ, જેને પિતૃ પક્ષ પણ કહેવામાં આવે છે.

હિંદુ પરંપરા મુજબ ભાદરવા માસના કૃષ્ણ પક્ષને પિતૃ પક્ષ તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે આ સમયગાળો સોળ દિવસનો હોય છે. આ દિવસોમાં પૂર્વજોના સ્મરણાર્થે તર્પણ, પિંડદાન, શ્રાદ્ધ અને દાન જેવા ધાર્મિક કાર્યો કરવામાં આવે છે. 'શ્રાદ્ધ' શબ્દનો મૂળ ભાવ શ્રદ્ધા સાથે જોડાયેલો છે. એટલે કે, પોતાના પિતૃઓ અને પૂર્વજો પ્રત્યે કૃતજ્ઞતા, સન્માન અને સ્મરણ વ્યક્ત કરવું.

આ પરંપરાનો સૌથી સુંદર સંદેશ કદાચ એ છે કે આપણે જે છીએ, તેમાં આપણી અગાઉની પેઢીઓનો મોટો ફાળો છે. આપણા અસ્તિત્વ પાછળ માતા-પિતા, દાદા-દાદી અને અનેક અજાણી પેઢીઓના સંઘર્ષ, ત્યાગ અને સંસ્કારો રહેલા છે. તેથી શ્રાદ્ધ માત્ર એક ધાર્મિક વિધિ નથી; તે ભૂતકાળ પ્રત્યે કૃતજ્ઞ થવાનો એક અવસર પણ છે.

આપણી પરંપરા આપણને એક ખૂબ જ મહત્વપૂર્ણ વાત શીખવે છે – મૃત પૂર્વજોને યાદ કરવા જેટલું જ નહીં, પરંતુ જીવતાં માતા-પિતાની સેવા કરવી પણ આપણું કર્તવ્ય છે. ઘણી વખત આપણે ધાર્મિક વિધિઓ, દાન અને ભોજનમાં ઘણો ઉત્સાહ બતાવીએ છીએ, પરંતુ આપણા જ ઘરમાં રહેલા વૃદ્ધ માતા-પિતા માટે સમય કાઢવાનું ભૂલી જઈએ છીએ. આવી સ્થિતિમાં શ્રાદ્ધની ભાવના



અધૂરી રહી જાય છે. માતા-પિતાના ચહેરા પર સ્મિત લાવવું, તેમની વાત સાંભળવી, તેમની જરૂરિયાત સમજવી, તેમની સાથે થોડો સમય વિતાવવો અને વૃદ્ધાવસ્થામાં તેમને સન્માનપૂર્વક સાથ આપવો – આ પણ પિતૃ તર્પણનું જ જીવંત સ્વરૂપ છે. જીવતાં પિતાને પાણી ન આપવું અને મૃત્યુ પછી વિધિ કરવી, એ આપણા અંતરાત્માને પ્રશ્ન તો પૂછે જ છે.



પ્રીતનું ઝરણું

જ્યોતિ ઉત્પલ પંડયા, અતુલ

આથી એક વાત ચોક્કસપણે કહી શકાયૈં

મૃત પિતૃઓને શ્રદ્ધાંજલિ આપવી મહત્વપૂર્ણ છે, પરંતુ જીવતાં માતા-પિતાની સેવા કરવી એ માનવધર્મનું પ્રથમ કર્તવ્ય છે. શ્રાદ્ધની પરંપરામાં કાગડા, ગાય, કૂતરા તથા અન્ય જીવોને ભોજન કરાવવાની પ્રથા પણ જોવા મળે છે. પરંપરાગત માન્યતામાં કાગડાને પિતૃઓનો સંદેશવાહક માનવામાં આવે છે. બીજી તરફ, પ્રકૃતિની દૃષ્ટિએ કાગડા જેવા પક્ષીઓ પર્યાવરણમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેઓ વિવિધ પ્રકારનું ખોરાક લે છે અને કુદરતી સફાઈની પ્રક્રિયામાં પણ યોગદાન આપે છે. અહીંથી આપણે એક સુંદર માનવીય સંદેશ લઈ શકીએ છીએ – ધાર્મિક ભાવના સાથે જીવમાત્ર -ત્યે કરુણા અને પ્રકૃતિ પ્રત્યે જવાબદારી પણ જળવાઈ રહેવી જોઈએ. પીપળો અને વડ જેવા વૃક્ષો ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન સમયથી પૂજનીય રહ્યા છે. તેઓ પર્યાવરણ અને જૈવવિવિધતાની દૃષ્ટિએ પણ મહત્વ ધરાવે છે. પક્ષીઓ અને વૃક્ષો વચ્ચેના કુદરતી સંબંધો પર્યાવરણની પરસ્પર નિર્ભરતાને સમજાવે છે. તેથી શ્રાદ્ધની પરંપરાને માત્ર વિધિ તરીકે નહીં, પરંતુ જીવમાત્ર પ્રત્યે દયા અને કુદરત પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક તરીકે પણ જોઈ શકાય. આપણી પરંપરાઓને સમજતી વખતે બે અતિરેકથી બચવું જરૂરી છે

– એક તરફ દરેક બાબતને આંખ બંધ કરીને સ્વીકારી લેવી અને બીજી તરફ દરેક પરંપરાને અંધશ્રદ્ધા કહીને નકારી દેવી. પરંપરાનો મૂળ ભાવ, તેનો સામાજિક સંદેશ અને તેની પાછળ રહેલી માનવીય સંવેદનાને સમજવાનો પ્રયત્ન કરવો વધુ યોગ્ય છે. ઋષિ-મુનિઓની દરેક પ્રથા પાછળ ચોક્કસ આધુનિક વૈજ્ઞાનિક કારણ હતું એવું સાબિત કરવું જરૂરી નથી. પરંતુ ઘણી પરંપરાઓમાં કરુણા, દાન, સંયમ, -પ્રકૃતિસંરક્ષણ, સામાજિક સહકાર અને કૃતજ્ઞતા જેવા મૂલ્યો જોવા મળે છે – અને આ મૂલ્યો આજે પણ એટલા જ પ્રાસંગિક છે. આજના ઝડપી જીવનમાં માણસ પાસે ટેક્નોલોજી માટે સમય છે, કામ માટે સમય છે, પરંતુ ઘણીવાર પોતાના પરિવાર સાથે બેસવા માટે સમય નથી.

આવા સમયમાં શ્રાદ્ધ પક્ષ આપણને થોભવાનું કહે છે. હું મારા પૂર્વજોને કેટલું જાણું છું? તેમના જીવનના સંઘર્ષો વિશે મેં ક્યારેય પરિવારના વડીલો પાસેથી પૂછ્યું છે?

મારા જીવતાં માતા-પિતા માટે હું કેટલો સમય કાઢું છું? મારી આગામી પેઢીને હું મારા પરિવારના સંસ્કારો અને મૂલ્યો વિશે શું આપી રહ્યો છું? મારા પૂર્વજોની યાદને હું માત્ર એક દિવસની વિધિ સુધી સીમિત રાખું છું કે મારા જીવનના વર્તનમાં પણ ઉતારું છું? આ પ્રશ્નોના જવાબોમાં જ શ્રાદ્ધની સાચી ભાવના છુપાયેલી છે. યુવાનો માટે શ્રાદ્ધનો સંદેશ આજની પેઢી પરંપરાઓને પ્રશ્ન કરે છે – અને પ્રશ્ન કરવો ખરાબ નથી. પરંતુ પરંપરાને સમજ્યા વિના તેને નકારી દેવી પણ યોગ્ય નથી. શ્રાદ્ધ આપણને કહે છે કે આપણે એકલા નથી. આપણી પાછળ એક આખી પેઢી છે અને આપણી આગળ આવનારી પેઢીઓ પણ છે. પૂર્વજોને યાદ કરવાનો અર્થ માત્ર ભૂતકાળમાં જીવવું નથી. તેનો અર્થ છે – ભૂતકાળમાંથી સારા મૂલ્યો લઈને વર્તમાનને વધુ માનવીય બનાવવું અને ભવિષ્યને વધુ સુંદર બનાવવું. પિતૃદોષ નિવારણ, કુટુંબની શાંતિ, પૂર્વજોના આશીર્વાદ અને આત્મશાંતિ જેવી ધાર્મિક માન્યતાઓ શ્રાદ્ધ સાથે જોડાયેલી છે. પરંતુ તેની સાથે એક વધુ સરળ અને સર્વમાન્ય અર્થ પણ છે – કૃતજ્ઞતા. જે લોકો હવે આપણી વચ્ચે નથી, તેમની યાદને સન્માન આપવું. અને જે લોકો આજે આપણી વચ્ચે છે, તેમને પ્રેમ અને સન્માન આપવું. આ બંને વચ્ચેનો સંતુલન જ કદાચ શ્રાદ્ધનો સૌથી સુંદર સંદેશ છે. એવું ન બને કે શ્રાદ્ધ પક્ષમાં આપણે પિતૃઓ માટે ભોજન બનાવીએ, દાન કરીએ, વિધિ કરીએ, પરંતુ આપણા જ ઘરના વૃદ્ધ માતા-પિતાની અવગણના કરીએ.

# પિતૃપક્ષ : પૂર્વજોના સ્મરણ અને કૃતજ્ઞતાનો પર્વ

ભારતીય સંસ્કૃતિમાં પિતૃપક્ષનું વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ છે. ભાદરવા વદ પક્ષ દરમિયાન આવતો આ સમય પૂર્વજોનું સ્મરણ, તર્પણ અને શ્રાદ્ધવિધિ માટે પવિત્ર માનવામાં આવે છે. માન્યતા મુજબ, આ દિવસોમાં પરિવારજનો પોતાના દિવંગત પિતૃઓ પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે.

પિતૃપક્ષ દરમિયાન પોતાના પૂર્વજોની તિથિ પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે છે. તિથિ જાણીતી ન હોય તો સર્વપિતૃ અમાસના દિવસે શ્રાદ્ધ કરવાની પરંપરા છે. તર્પણ, પિંડદાન, બ્રાહ્મણ ભોજન તેમજ જરૂરિયાતમંદોને અન્ન-વસ્ત્રનું દાન જેવી ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

અનેક પરિવારો આ સમય દરમિયાન ગાય, કૂતરા, કાગડા અને અન્ય જીવોને અન્ન અર્પણ કરવાની પરંપરા પણ નિભાવે છે.

પિતૃપક્ષનો અર્થ માત્ર ધાર્મિક વિધિઓ પૂરતો મર્યાદિત નથી. તે આપણને પોતાના મૂળ અને પરિવારના વડીલો સાથેના સંબંધને યાદ કરાવતો પ્રસંગ પણ છે. આજે બદલાતી જીવનશૈલીમાં નવી પેઢી પોતાના પરિવારના ઈતિહાસ, પૂર્વજોના સંઘર્ષ અને તેમના જીવનમૂલ્યો વિશે જાણે તે પણ આ પર્વનો એક મહત્વનો સંદેશ છે. શ્રાદ્ધનો મૂળ ભાવ 'શ્રદ્ધા' સાથે જોડાયેલો છે.

એટલે કે, પૂર્વજો પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને સ્મરણ. તેમણે પરિવાર માટે કરેલા ત્યાગ અને સંઘર્ષને યાદ કરીને તેમના સારા સંસ્કારોને જીવનમાં ઉતારવા એ પણ પિતૃસ્મરણનું એક સ્વરૂપ છે. માત્ર વિધિ કરવી જ નહીં, પરંતુ પરિવારના વડીલોનું સન્માન કરવું, જરૂરિયાતમંદોની મદદ કરવી અને સમાજ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવવી પણ આ ભાવનાને આગળ વધારે છે.

આ રીતે પિતૃપક્ષ આપણને જીવનની એક મહત્વપૂર્ણ વાત શીખવે છે—આપણે જ્યાં પહોંચ્યા છીએ તેની પાછળ અનેક પેઢીઓનું યોગદાન રહેલું છે.

પૂર્વજોના સ્મરણ સાથે તેમની પાસેથી મળેલા સંસ્કાર અને મૂલ્યોને જાળવી રાખવા તથા આગામી પેઢી સુધી પહોંચાડવાનો સંકલ્પ કરીએ તો પિતૃપક્ષની ભાવના વધુ સાર્થક બની શકે.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Saturday 03, October 2026

## સ્ત્રી સુરક્ષા અને સુપ્રીમની કરડાકી

દિલ્હી-એનસીઆરમાં છેલ્લા થોડા સમય દરમિયાન સામે આવેલી દુષ્કર્મની ઘટનાઓ તથા ખાસ તો પાર્કમાં ૧૭ વર્ષની સગીરા સાથે ગેંગરેપની ઘટનાની સુઓમોટો નોંધ લેતાં સર્વોચ્ચ અદાલતે કાયદાની અમલબજાવણી તથા જનતાની સુરક્ષાની ખાતરીમાં તંત્રની નિષ્ફળતા છે, એવા કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. ૨૦૧૨માં નિર્ભયા કાંડની પીડાદાયક યાદો અને સમાનતાઓને યાદ કરાવતી ઘટનાઓ વિશે જસ્ટિસ જે. બી. પારડીવાલાએ સવાલ કરતાં કહ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં કાનૂન-વ્યવસ્થા લાગુ કરવાના તંત્રમાં કોઈ ખરેખર સાર્થક સુધારો થયો છે ખરો? એકાદ મહિનાથી ઓછા ગાળામાં દિલ્હીમાં જાતીય સતામણીના ઓછામાં ઓછા ૧૩ કેસ સામે આવ્યા છે, જેમાં ગ્રેટર નોયડાથી દિલ્હી જઈ રહેલી ચાલુ સ્લીપર બસમાં ૧૬ વર્ષની સગીરા પર કથિત સામૂહિક બળાત્કાર તથા કોલેજ પાર્ક પાસે પોલીસ અધિકારી હોવાનો દાવો કરી અન્ય એક કિશોરી પર થયેલા બળાત્કારના મામલાનો તેમાં સમાવેશ થાય છે. આ ઘટનાઓ ભલે અલગ-અલગ હોય, પણ આ બધામાં તંત્રની ખામીઓ તથા સ્ત્રીઓને સુરક્ષિત વાતાવરણ આપવાની નિષ્ફળતા ધ્યાન ખેંચનારી બાબત છે. અદાલતે આ બાબતની નોંધ લીધા બાદ દિલ્હીમાં વિદ્યાર્થીઓએ વ્યાપક દેખાવો કર્યા અને સ્ત્રી સલામતી બાબતે તાકીદે અને આકરાં પગલાં લેવાની માંગ કરી. દિલ્હી સરકારનાં સીએમ રેખા ગુપ્તાએ પણ તંત્રની ખામીઓ-ક્ષતિઓનો સ્વીકાર કરી સુરક્ષા વધુ કડક બનાવવાની બાંયધરી આપી છે અને તેનાં પગલે પોલીસે પણ વ્યવસ્થા કડક બનાવી છે. સવાલ થાય કે, સર્વોચ્ચ અદાલતે આની નોંધ લીધી અને ટકોર કરી એ પછી આવેલી સક્રિયતા પહેલેથી જ હોવી જોઈતી હતી. નિર્ભયા કાંડ પછી સ્ત્રીઓ સામેના ગુનાઓને લઈને વિવિધ રાજ્યોમાં તથા કેન્દ્ર સરકારે પણ ફાસ્ટ કોર્ટ તથા કડક સજા અને સમયસર કેસનો નિવેડો આવે એવી વ્યવસ્થા કરી છે. જો કે, આમ છતાં છેલ્લા એક મહિનામાં દિલ્હીમાં જાતીય સતામણીના ૧૩ જેટલા કેસ નોંધાયા છે. આ શ્રેણીબદ્ધ ઘટનાઓને પગલે સર્વોચ્ચ અદાલતની જે. બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે ગુસ્સો તથા અસંતોષ વ્યક્ત કરતાં કહ્યું કે, બગીચાઓ, મેટ્રો સ્ટેશન, રસ્તા, બસો, સબવે અને ફૂટબ્રિજ જેવી સાર્વજનિક જગ્યાઓ જોખમી બનતી જાય છે. સ્ત્રીઓની જાતીય સતામણી થાય એ પછી તેમની પડખે ઊભા રહેવું એ આ સામાજિક દૂષણનો ઉકેલ નથી, નજરે ચડે એવાં પગલાં તથા ગુનાખોરી રોકવાની તથા ચોક્કસ વર્ગના લોકોનું રક્ષણ કરવાની જવાબદારી જેમની છે એવા અધિકારીઓને ઉત્તરદાયી બનાવવા એ સમયની માંગ છે. સુપ્રીમ કોર્ટે માત્ર ઝાટકણી કાઢી સંતોષ ન માનતાં હંગામી પગલાં તરીકે ચાર અઠવાડિયાંમાં દિલ્હી પોલીસ કમિશનરને દરેક વિસ્તારમાં ડેપ્યૂટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ દરજ્જાના અધિકારીના વડપણ હેઠળ સમર્પિત પોલીસ ટીમ બનાવવાના નિર્દેશ આપ્યા છે. આ ટીમે તાકીદે બગીચા, બજારો, ટ્રાન્સપોર્ટ હબ, શૈક્ષણિક સંસ્થાઓ તથા અવાવરુ જગ્યાઓનું સર્વેક્ષણ કરી સ્થાનિક લોકોની મદદ તથા ભૂતકાળની ફરિયાદોના આધારે એવાં સ્થળોને શોધી કાઢી ત્યાં પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ. સર્વોચ્ચ અદાલતે આ મોરચે જે હિદાયતો આપી છે, તેનું હવે પૂરતું પાલન થશે જ, પણ સમય આવી ગયો છે કે, કાયમી ધોરણે આ નિર્દેશો પર અમલ થાય.

## દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

### શ્રીજીકૃપા પ્રોજેક્ટે ૫૦૦ કરોડના IPOમાટે DRHP ફાઈલ કર્યું

સુરત, તા. ૦૨: ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલરમેન્ટ કંપની શ્રીજીકૃપા પ્રોજેક્ટ લિમિટેડએ કુલ ૫૦૦ કરોડના એના IPO (ઈનિશિયલ પબ્લિક ઓફર) માટે SEBIમાં એનું DRHP ફાઈલ કર્યું છે. સૂચિત IPOમાં ૪૧૦ કરોડના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને હાલના વિક્રેતા શેરધારકો દ્વારા ૯૦ કરોડ સુધીની વેચાણની ઓફર (OFS) શામેલ છે. ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ (BRLMs) આનંદ રાઠી એડવાઈઝર્સ લિમિટેડ અને ઈન્ટેન્સિવ ફિસ્કલ પ્રાઈવેટ લિમિટેડ છે. ૩૦ જૂન, ૨૦૨૬ સુધી શ્રીજીકૃપાના પોર્ટફોલિયોમાં ૨૨૮ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ હતા, જે ૧૧ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા હતા.હાલ એના પ્રોજેક્ટ ગુજરાત, છત્તિસગઢ, ઓડિશા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, અસમ, બિહાર, દિલ્હી, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, રાજસ્થાન અને ઉત્તર-દેશમાં ચાલુ છે. ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ કંપનીની ઓર્ડર બુક ૩,૭૦૦.૮૦ કરોડની હતી.

### કેટાલાઈને આઈપીઓ માટે ડીઆરએચપી ફાઈલ કર્યું

સુરત,તા.૦૨ :કેટાલાઈન લિમિટેડે, નાગપુર સ્થિત ઈન્ટિગ્રેટેડ ટ્રાફિક સેફ્ટી સોલ્યુશન્સ પૂરી પાડતી સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું છે. ઈન્ક્રેડ કેપિટલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ અને આશિકા કેપિટલ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

આ ઈશ્યૂમાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ ૪૩,૦૦,૦૦૦ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને પ્રમોટર શેરધારકો અમિત અરવિંદ થટ્ટે અને કેતકી અમિત થટ્ટે દ્વારા વધુમાં વધુ ૪૩,૦૦,૦૦૦ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે. લાગુ કાયદાને આધીન રહીને કંપની વધુમાં વધુ ૬,૭૦,૦૦૦ ઈક્વિટી શેરનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પણ કરી શકે છે. કેટાલાઈન લિમિટેડે કંપની રોડ માર્કિંગ પેઈન્ટના ઉત્પાદક તરીકે શરૂ થઈ હતી, કંપનીએ ભારતમાં ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગ્રાહકોને સેવાઓ પૂરી પાડી છે. કેટાલાઈન ચાર કેટેગરીમાં રોડ સેફ્ટી માર્કિંગ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે.

## ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં સ્વચ્છતા અને જાગૃતિના કાર્યક્રમો યોજાયા

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



સ્વચ્છતા હી સેવા ૨૦૨૬ અભિયાન અંતર્ગત સ્વચ્છતા મેં સહભાગ; સ્વચ્છ ભારત, વિકસિત ભારત થીમ હેઠળ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ (NCSM), સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારની એકમ) દ્વારા વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર, બામટી ગ્રામ પંચાયત તથા ધરમપુર નગરપાલિકાના સહયોગથી વિવિધ સ્વચ્છતા અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુરના આચાર્ય ડો. કે. એમ. પટેલ, પ્રોગ્રામ ઓફિસરો ડો. એસ. સી. રાઠોડ, પ્રાધ્યાપક જીમી મિસ્ત્રી, પ્રાધ્યાપક પન્ના ગાવીત, પ્રાધ્યાપક રવિન્દ્ર ગાયકવાડ, પ્રાધ્યાપક યોગેશ થોરાટ, NSS લીડર્સ, બામટી ગ્રામ પંચાયતના સરપંચ વિજયભાઈ પાનેરીયા, જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી. રાઠોડ, શિક્ષણ સહાયક કૃણાલ આર. ચૌધરી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના સ્ટાફ તથા વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના NSSના વિદ્યાર્થીઓની સહભાગિતાથી સ્વચ્છતા રેલી યોજવામાં આવી હતી. રેલીના માધ્યમથી સ્વચ્છતા જાળવવા, કચરાનો યોગ્ય નિકાલ કરવા તથા પર્યાવરણ સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી. રાઠોડ દ્વારા ઉપસ્થિત NSSના વિદ્યાર્થીઓ તથા અન્ય સહભાગીઓને સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવી હતી. ઉપરાંત, તેમણે સાત-પગલાની હાથ ધોવાની યોગ્ય પદ્ધતિ અંગે માહિતી તથા નિદર્શન આપ્યું હતું. વ્યક્તિગત સ્વચ્છતા અને સ્વાસ્થ્ય માટે યોગ્ય રીતે હાથ ધોવાના મહત્વ અંગે પણ સમજ આપવામાં આવી હતી.

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત MSE (Mobile Science Exhibition) Bus – Hygiene & Sanitation દ્વારા પણ સ્વચ્છતા અને આરોગ્ય અંગે જાગૃતિ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. મોબાઈલ સાયન્સ એક્ઝિબિશન બસમાં રહેલા ઈન્ટરેક્ટિવ મોડેલ્સ અને વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા સ્વચ્છતા, સ્વચ્છ પાણી, વ્યક્તિગત સ્વચ્છતા, હાઈજીન તથા સેનિટેશન અંગે વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને રસપ્રદ રીતે માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, બામટી રિવરફ્રન્ટ ખાતે પણ સ્વચ્છતા અને જાગૃતિ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. NSSના વિદ્યાર્થીઓ તથા અન્ય સહભાગીઓ દ્વારા રિવરફ્રન્ટ અને તેની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. ગણેશ વિસર્જન દરમિયાન એકત્રિત થયેલા ઓર્ગેનિક તથા પ્લાસ્ટિક કચરામાંથી અંદાજે ૩ ટન કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા તથા કચરાનો યોગ્ય નિકાલ કરવા અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ તથા સ્થાનિક સમુદાયમાં સ્વચ્છતા, વ્યક્તિગત હાઈજીન, પર્યાવરણ સંરક્ષણ અને જાહેર સ્થળોની સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો હતો. સમગ્ર કાર્યક્રમમાં ૮૫ કરતાં વધુ લોકોએ, જેમાં વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના NSSના વિદ્યાર્થીઓ, બામટી ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, સ્થાનિક સમુદાય તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના કર્મચારીઓનો સમાવેશ થાય છે, ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્વચ્છતા હી સેવા ૨૦૨૬ અંતર્ગત આયોજિત આ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સ્વચ્છતા અને સ્વસ્થ જીવનશૈલીને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવા તથા સ્વચ્છ અને સ્વસ્થ સમાજના નિર્માણમાં સૌની સહભાગિતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## ધરમપુરમાં હિન્દી પખવાડાની ઉજવણી સંપન્ન

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**




જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ (NCSM), સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તારીખ ૧૪ થી ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન હિન્દી પખવાડાનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર, રાજભાષા હિન્દીના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ અધિકારીઓ અને કર્મચારીઓમાં હિન્દી ભાષા પ્રત્યે જાગૃતિ અને રસ કેળવવાના હેતુથી હિન્દી પખવાડિયા દરમિયાન વિવિધ શૈક્ષણિક અને રસ-દ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દી પખવાડિયાના સમાપન પ્રસંગે તારીખ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ડોક્ટર ઉત્તમભાઈ પટેલ પૂર્વ પ્રિન્સિપાલ, વનરાજ વાણિજ્ય મહાવિદ્યાલય, ધરમપુર તથા અધ્યક્ષ હિન્દી વિભાગનું લોકપ્રિય વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિજેતાઓને ડોક્ટર ઉત્તમભાઈ પટેલ અને જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી રાઠોડ ના હસ્તે પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર આયોજન દ્વારા કાર્યાલયના દૈનિક કાર્યમાં હિન્દી ભાષાના વધુમાં વધુ ઉપયોગને પ્રોત્સાહન આપવા સાથે રાજભાષા હિન્દી પ્રત્યે જાગૃતિ, રસ અને સક્રિય ભાગીદારી વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## જામનગરમાં 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ-૨૦૨૬' ભવ્ય સંપન્ન



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત સરકારના GUJCOST-ગાંધીનગર માન્ય અને શ્રી એમ.ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રોલ સંચાલિત શ્રી એમ.ડી. મહેતા ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટર - ધ્રોલ (જામનગર) દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષનો મુખ્ય વિષય (Focal Theme) "Science & Innovation for Sustainability" રાખવામાં આવ્યો હતો, જેમાં વિજ્ઞાન અને નવીનતા દ્વારા ટકાઉ વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો શુભારંભ ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન વિધિમાં ચીફ ગેસ્ટ તરીકે એમ.ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ ધ્રોલના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મેનેજિંગ કમિટીના મેમ્બર્સ મીનાબેન શેઠ, પાર્થભાઈ પંડ્યા તેમજ સરોજબેન ડેર, ડિસ્ટ્રિક્ટ એકેડેમિક કો-ઓર્ડિનેટર ડો. સુધીરભાઈ જોશી અને ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર ડો. સંજય પંડ્યા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધામાં આવેલ વિવિધ સબ-થીમ (Sub-Themes) અંતર્ગત ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર જામનગર જિલ્લાના કુલ ૧૦ પ્રોજેક્ટ્સની રાજ્યકક્ષા માટે પસંદગી કરવામાં આવી છે કાર્યક્રમના અંતે ઉત્સાહવર્ધક સન્માન સમારોહ યોજાયો હતો. જે શાળાઓ પાંચેય સબ-થીમમાં સક્રિયપણે સામેલ થઈ હતી તેમને સક્રિય શાળા એવોર્ડ (Active School Award) એનાયત કરવામાં આવ્યો હતો. સાથે જ, સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળ વૈજ્ઞાનિકો અને એસ્કોર્ટ શિક્ષકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા, તેમજ જિલ્લાના શ્રેષ્ઠ ૧૦ પ્રોજેક્ટ્સને બેસ્ટ પ્રોજેક્ટ વર્કનો એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આયોજકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી, જેને ઉપસ્થિત સહુએ બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેન્દ્રના ડો સંજય પંડ્યાએ કરેલ. સમગ્ર કાર્યક્રમ સફળતા બદલ એમ ડી મહેતા એજ્યુ. ટ્રસ્ટ ધ્રોલના ચેરમેન ધર્મેશભાઈ મહેતાએ તમામને શુભેચ્છા પાઠવ્યા હતાં.

## મોરબીમાં રાષ્ટ્રીય વિજ્ઞાન નાટ્ય મહોત્સવ યોજાયો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત રાજ્ય સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગુજરાત સરકાર નાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર પ્રેરીત આર્યભટ્ટ **લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી** દ્વારાં તા. ૩૦/ ૯/ ૨૦૨૬ નાં રોજ જીલ્લા કક્ષા ની રાષ્ટ્રીય વિજ્ઞાન નાટ્ય મહોત્સવ ૨૬ નુ આયોજન કરવા માં આવેલ છે.

રાષ્ટ્રીય સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ ૨૬ માં મોરબી જીલ્લા ની આઠ સ્કૂલોએ હાગ લીધો હતો તેમાં પ્રથમ નંબર: ;- યુનિક ઈ.મી.સ્કૂલ મોરબી. દ્વિતિય નંબરે - નાલંદા વિધાલય વિરપર તથા તૃતિય નંબર: - ડી. જે. પટેલ કન્યા વિધાલય મોરબી નો નંબર આવેલ આ રાષ્ટ્રીય વિજ્ઞાન નાટ્ય મહોત્સવ માં બેસ્ટ ડાયરેકટ છાયાંબેન કાટડે તથા બેસ્ટ રાઈટ માહિન મઘોડીયા ને પસંદ કરવા માં આવેલ. નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ ૨૬ નું દિપ પ્રગટ્ય જીલ્લા શિક્ષણા ધિકારી કમલેશભાઈ મોતા સાહેબ સાથે આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી ના સંચાલક એલ. એમ. ભટ્ટ ઉપસ્થિત રહીને દરેક સ્કૂલનાં માર્ગદર્શક શિક્ષકો તથા વિજેતાઓને સિલ્ડ તથા પ્રમાણપત્ર આપવામાં આવેલ.

આ સમગ્ર નાટ્ય મહોત્સવ ના સફળ આયોજન દિપેન ભાઈ ભટ્ટ તથા આઈ. પી. ઓફીસર પાર્થભાઈ સોલંકી તથા સમગ્ર સ્ટાફનો ખુબ ખુબ આભાર સહ ધન્યવાદ.

## ગુજરાતમાં UCC લાગુ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨ : ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરવામાં આવેલા સમાન નાગરિક સંહિતા (UCC) વિધેયકને રાષ્ટ્રપતિ તરફથી મંજૂરી મળી ગઈ છે. રાષ્ટ્રપતિની મંજૂરી મળતાં જ રાજ્ય સરકાર દ્વારા આ અંગેનું ગેજેટ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભામાં ૨૪ માર્ચ ૨૦૨૬ના રોજ આ મહત્વકાંક્ષી UCC વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. આ નવા કાયદા હેઠળ રાજ્યમાં લગ્ન અને છૂટાછેડા માટે સમાન કાયદાકીય જોગવાઈઓ અમલી બનશે, જ્યારે આદિવાસી સમુદાયને આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ કાયદાથી સંપત્તિ અને ઉત્તરાધિકારના અધિકારોમાં મહિલાઓને પુરુષો સમાન હક મળશે. મિલકતમાં પુત્ર અને પુત્રી બંનેને સમાન વારસાગત અધિકાર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, રાજ્યમાં લિવ-ઈન રિલેશનશિપ માટે નોંધણી કરાવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે અને લિવ-ઈન સંબંધોથી જન્મેલા બાળકોને પણ પિતાની મિલકતમાં કાયદાકીય હક પ્રાપ્ત થશે.

તમને જણાવી દઈએ કે, ૨૪ માર્ચ ૨૦૨૬ ના રોજ ગુજરાત વિધાનસભામાં UCC બિલ ૨૦૨૬ પસાર થયું હતું. ઉત્તરાખંડ બાદ ગુજરાત સમાન નાગરિક સંહિતા બિલ પસાર કરનારું દેશનું બીજું રાજ્ય બની ગયું હતું. જોકે, તે સમયે વિપક્ષ કોંગ્રેસે આ બિલનો સખત વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના નેતા શૈલેષ પરમારે બિલના પ્રથમ વાંચન બાદ તેને વધુ વિચારણા માટે પ્રવર સમિતિ ને મોકલવાની માંગણી કરી હતી. પરંતુ, આ માંગણીનો અસ્વીકાર થતાં ગૃહમાં હાજર કોંગ્રેસના ત્રણેય ધારાસભ્યોએ વોકઆઉટ કર્યું હતું. બિલ પસાર થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભામાં નિવેદન આપતા જણાવ્યું હતું કે આ કાયદો રાજ્યની દીકરીઓ અને મહિલાઓના રક્ષણ માટે અત્યંત જરૂરી છે અને આ દિવસ ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

UCC વિધેયક પરની ચર્ચાના અંતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યંત ભાવનાત્મક રીતે ગૃહને સંબોધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, "મને બધા દાદા-દાદા કહીને બોલાવે છે. ત્યારે મારા રાજ્યની તમામ દીકરીઓ, બહેનો અને માતાઓની કાળજી રાખવી એ મારી નૈતિક ફરજ છે. તમામ દીકરીઓ અને માતાઓના રક્ષણ માટે મારે કાયદાનો ડંડો ઉગામવો જ પડે, અને મેં એ જ કર્યું." તેમણે સ્પષ્ટ કર્યું કે આ બિલ તુષ્ટિકરણની રાજનીતિ માટે નથી, પરંતુ સમાજમાં સમાનતા લાવવા માટે છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ગુજરાત સમાન અધિકાર સંહિતાનો ઉદ્દેશ્ય કોઈના અધિકારો છીનવવાનો કે કોઈની ધાર્મિક સ્વતંત્રતા પર તરાપ મારવાનો જરાય નથી. આ કાયદો માત્ર કાનૂની ભેદભાવ દૂર કરવા માટે છે. તેમણે સ્પષ્ટતા કરી કે આ બિલ કોઈ પણ રીતે બંધારણની વિરુદ્ધ નથી, પરંતુ તે બંધારણનું પૂરક છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરી કે આ બિલ લિવ-ઈન રિલેશનશિપને પ્રોત્સાહિત કરતું નથી, પરંતુ બદલાતા સમયમાં 'શ્રદ્ધા વાલકર' જેવી ભયાનક ઘટનાઓથી દીકરીઓને બચાવવા માટે લિવ-ઈનનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ કાનૂની સુરક્ષા માટે છે. એવી જ રીતે, લગ્નની નોંધણી પણ ફરજિયાત કરવામાં આવી છે, જેથી ઓળખ છુપાવીને કે છેતરપિંડી કરીને લગ્ન કરનારાઓ પર લગામ કસી શકાય.

### ચીનને હરાવી ૪૪ વર્ષ બાદ જીત્યો ગોલ્ડ

## ભારતીય મહિલા હોકી ટીમે એશિયાડમાં ગોલ્ડ મેડલ જીત્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨



એશિયન ગેમ્સ ૨૦૨૬ નો આજે ૨ ઓક્ટોબરના રોજ ૧૩મો દિવસ છે. ભારતીય વુમન્સ હોકી ટીમે એશિયન ગેમ્સમાં ૪૪ વર્ષ પછી ગોલ્ડ મેડલ જીતી લીધો છે. ટીમે ફાઈનલમાં ચીનને ૧-૦ થી હરાવ્યું છે. ભારત માટે એકમાત્ર ગોલ લાલરેમસિયામીએ કર્યો. આ પહેલાં ભારતે ૧૯૮૨માં સાઉથ કોરિયાને હરાવીને ગોલ્ડ જીત્યો હતો. આજની જીત સાથે જ ભારતીય વુમન્સ હોકી ટીમ ઓલિમ્પિક ૨૦૨૮ માટે ડાયરેક્ટ ક્વોલિફાય થઈ ગઈ છે. આજે ભારતીય ખેલાડીઓ બોક્સિંગ, તીરંદાજી, વોલીબોલ, સેલિંગ, કેનો સ્લેલમ, હોકી, કુશ્તી, સેપક ટકરા, રગ્બી સેવન્સ, ગોલ્ફ, તાએકવૉન્ડો અને સાયકલિંગની સ્પર્ધાઓમાં પોતાનું દમખમ બતાવી રહ્યા છે.

એશિયન ગેમ્સના ૧૩મા દિવસે ભારત માટે બોક્સિંગ, હોકી, આર્ચરી અને કુશ્તીમાં મેડલ્સનો વરસાદ થઈ રહ્યો છે. ભારતે શાનદાર પ્રદર્શન કરીને મેડલ ટેલીમાં આગળ વધવાનો પ્રયાસ કર્યો છે.

આ અગાઉ એશિયન ગેમ્સના ૧૨મા દિવસે એટલે કે ૧ ઓક્ટોબરે ભારતના ખાતામાં ૬ મેડલ આવ્યા હતા, જેમાં બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ સામેલ હતા. રેસલર નિતેશ સિવાચે મેન્સ ૮૭ કિલોગ્રામ ગ્રીકો-રોમન કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જ્યારે પ્રિન્સ નોબલ અને મનુ ફ્રાન્સિસની જોડીએ સેલિંગ (સ્કિફ ઈવેન્ટ)માં રજત પદક મેળવ્યો હતો. સ્ક્વોશમાં ભારતની મહિલા અને પુરુષ ટીમોએ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. આ સિવાય મહિલા સેલિંગ અને તીરંદાજીની કમ્પાઉન્ડ ઈન્ડિવિજ્યુઅલ સ્પર્ધામાં પણ એક-એક બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.

મહિલા હોકીમાં ભારતે ઈતિહાસ રચી દીધો છે. ફાઈનલમાં ૪ વખતની ચેમ્પિયન ચીનને ૧-૦ થી હરાવીને ભારતે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ જીતની સાથે જ ભારતે લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે પણ ક્વોલિફાય કરી લીધું છે. હાફ ટાઈમ સુધી ભારત ૧-૦ થી આગળ: લાલરેમસિયામીના ગોલની મદદથી ભારતીય મહિલા હોકી ટીમે ફાઈનલના પહેલા હાફમાં ૧-૦ ની લીડ જાળવી રાખી હતી.

બીજા ક્વાર્ટરમાં ચીનને પેનલ્ટી સ્ટ્રોક મળ્યો હતો, પરંતુ ગોલકીપર સવિતા પુનિયાએ શાનદાર સેવ કરીને ભારતની લીડ બચાવી લીધી હતી.

## ચીની બોક્સરને હંફાવી જીત્યો લવલીનાએ ગોલ્ડ મેડલ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨ : આસામની લવલીનાએ આજે ભારતનું ગૌરવ વધારી દીધું છે. તેણે પોતાના જન્મદિવસે જ ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો છે. જાપાનમાં રમાયેલી એશિયન ગેમ્સ ૨૦૨૬ની ૭૫ કિલો કેટેગરીની બોક્સિંગની ફાઈનલ મેચમાં તેણે ચીનની બાઓ ઝિયીને હંફાવી દીધી, તેણે ચીની બોક્સરને ૫-૦થી હરાવી ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. ૨ ઓક્ટોબર ૧૯૯૭ના રોજ જન્મેલી લવલીનાએ પોતાના ૨૯મા જન્મદિવસે આ જીત મેળવી છે.



આ ગોલ્ડ મેડલની સાથે જ ભારતની મહિલા બોક્સિંગમાં ૧૨ વર્ષથી જોવાઈ રહેલી રાહ પૂરી થઈ છે. આ પહેલાં ૨૦૧૪ની ઈન્ચિયોન એશિયન ગેમ્સમાં મેરી કોમે ૫૧ કિલો ફ્લાયવેટમાં ગોલ્ડ જીત્યો હતો. લવલીના હવે એશિયન ગેમ્સ બોક્સિંગમાં ગોલ્ડ મેડલ જીતનારી મેરી કોમ પછીની બીજી ભારતીય મહિલા બોક્સર બની ગઈ છે. આપને જણાવી દઈએ કે, લવલીનાએ ગત એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ગઈ વખતે ફાઈનલમાં તેને ચીની બોક્સર લી કિયાન સામે હારનો સામનો કરવો પડ્યો હતો.લવલીના બોર્ગોહેન કોણ છે? - લવલીના બોર્ગોહેનનો જન્મ ૨ ઓક્ટોબર ૧૯૯૭ના રોજ આસામના ગોલાઘાટ જિલ્લાના બારો મુખિયા ગામમાં થયો હતો. ખેડૂત પરિવારમાંથી આવતી લવલીનાએ પોતાની મહેનતના દમ પર ભારતીય બોક્સિંગમાં ખાસ ઓળખ બનાવી છે. તે ગુવાહાટીના NCOEમાં ટ્રેનિંગ લે છે અને ૭૫ કિલો કેટેગરીમાં રમે છે.

## યુક્રેન યુદ્ધ રોકવા માટે તેમની પાસે સારા વિચારો છે : પુતિન

(સંપૂર્ણ સમાચાર સેવા) મોસ્કો, તા.૨ : રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગુરુવારે (સ્થાનિક સમય અનુસાર) યુક્રેન સાથેનો સંઘર્ષ સમાપ્ત કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે PM મોદી પાસે શાંતિપૂર્ણ ઉકેલ માટે 'સારા વિચારો' છે. લોકોને સંબોધિત કરતાં પુતિને કહ્યું કે, "વડાપ્રધાન નરેન્દ્ર મોદી એવા વૈશ્વિક નેતાઓમાંના એક છે, જેઓ અમારી વચ્ચેના ખૂબ સારા અને મૈત્રીપૂર્ણ સંબંધો તેમજ અંગત રીતે સારા સંબંધો હોવા છતાં સતત યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાનો મુદ્દો ઉઠાવે છે અને આ અંગે સવાલો પૂછે છે."પુતિને વધુમાં કહ્યું કે, વડાપ્રધાન મોદી પરસ્પર સહમતીથી ઉકેલ શોધવા માટે સક્રિય પ્રયાસો કરી રહ્યા છે. પુતિને કહ્યું કે, "તેમને આ મામલે ઊંડો રસ છે અને પરસ્પર સહમતીથી ઉકેલ શોધવા માટે તેમની પાસે ઘણા સારા વિચારો છે. આ દૃષ્ટિએ વડાપ્રધાન સ્વાભાવિક રીતે નિષ્પક્ષ વલણ અપનાવે છે, પરંતુ તેઓ સંઘર્ષનો અંત લાવવામાં રસ ધરાવે છે. મને લાગે છે કે આ વાત સીધી રીતે કહેવી મારી ફરજ છે. વડાપ્રધાનના વિચારો માટે અમે તેમના આભારી છીએ."તમને જણાવી દઈએ કે વડાપ્રધાન મોદીએ વારંવાર શાંતિની અપીલ કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે ભારતે રશિયા-યુક્રેન સંઘર્ષ અંગે સૈદ્ધાંતિક અને માનવીય અભિગમ અપનાવ્યો છે. ઓગસ્ટમાં જાપાનની મુલાકાત દરમિયાન એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે, "ભારતે આ સંઘર્ષ અંગે સૈદ્ધાંતિક અને માનવીય વલણ અપનાવ્યું છે, જેની રાષ્ટ્રપતિ પુતિન અને રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી બંને પ્રશંસા કરે છે. આ જ ક્રમમાં, બંને નેતાઓએ સંઘર્ષ સાથે જોડાયેલી ઘટનાઓ અંગે પોતાના વિચારો રજૂ કરવા માટે મારી સાથે વાત કરી હતી. મેં ભારતના સૈદ્ધાંતિક અને સતત વલણનો પુનરોચ્ચાર કર્યો હતો અને સંઘર્ષનો ઉકેલ લાવવા માટે વાતચીત તથા રાજદ્વારી પ્રયાસોને પ્રોત્સાહન આપ્યું હતું."બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપવાના પ્રયાસોમાં ભારતની શું ભૂમિકા હોઈ શકે છે, તેવા સવાલના જવાબમાં PM મોદીએ કહ્યું હતું કે, "મેં અગાઉ જ સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે થઈ રહેલા સાર્થક પ્રયાસોને સમર્થન આપવાની ભારતની ઈચ્છા વ્યક્ત કરી છે. બંને પક્ષો સાથેના અમારા સારા સંબંધોને કારણે અમે યુક્રેનમાં વહેલી તકે અને કાયમી શાંતિ સ્થાપવાના પ્રયાસોને મજબૂત બનાવી શકીએ છીએ, એવું મારું માનવું છે."

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## હનમતમાળ ગ્રામસભામાં અધિકારીઓની ગેરહાજરીથી ગ્રામજનોમાં નારાજગી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૨ :** ધરમપુર તાલુકાના હનમતમાળ ખાતે તા. ૨ ઓક્ટોબરનાં રોજ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાત્મા ગાંધીજીની જન્મજયંતીના દિવસે યોજાયેલી ગ્રામસભા પૂર્વે ગાંધીજીની પ્રતિમા સમક્ષ પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

ગ્રામસભામાં ગામના વિવિધ સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જોકે, સંબંધિત વિભાગોના કર્મચારીઓ અને અધિકારીઓ હાજર ન રહેતાં ગ્રામજનોમાં નારાજગી જોવા મળી હતી. ગ્રામજનોના જણાવ્યા મુજબ તલાટી સિવાય અન્ય વિભાગના કર્મચારીઓ હાજર ન હોવાથી વીજળી, ખેતી, રસ્તા સહિતના પ્રશ્નોની સીધી રજૂઆત સંબંધિત અધિકારીઓ સમક્ષ થઈ શકી નહોતી.

આ અંગે પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય ઝીણાભાઈ પવાર સહિત આગેવાનોએ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગ્રામસભામાં ગામના વિવિધ પ્રશ્નોની રજૂઆત માટે સંબંધિત વિભાગના અધિકારીઓની હાજરી જરૂરી છે. આગામી ગ્રામસભામાં પણ આવી સ્થિતિ સર્જાશે તો ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવામાં આવશે.

ગામના સામાજિક કાર્યકર વિજયભાઈ મહાલાએ પણ અધિકારીઓની ગેરહાજરી અંગે નારાજગી વ્યક્ત કરી હતી. ગ્રામસભામાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતા ખેતીને અસર થતી હોવાનો પ્રશ્નો ઉઠાવી નિયમિત વીજ પુરવઠો મળી રહે તેવી માંગ કરવામાં આવી હતી.

ઉપરાંત ગામના માર્ગો પરથી પૂરઝડપે વાહનો પસાર થતાં અકસ્માતની શક્યતા અંગે ચિંતા વ્યક્ત કરી બેરિકેટ મૂકવાની માંગ કરવામાં આવી હતી. આગામી નવરાત્રિ દરમિયાન ગામમાં જરૂરી વ્યવસ્થા અને આયોજન અંગે યુવાનો સાથે ચર્ચા કરવાની બાબત પણ રજૂ થઈ હતી.

ગ્રામસભામાં તાલુકા પંચાયતના સભ્ય રમણભાઈ, ગામના સરપંચ રાસલી બેન મહાલા, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય ઝીણાભાઈ પવાર સહિત આગેવાનો, હોદ્દેદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીમાં હાઈવે સર્વિસ રોડ પર પેચવર્કનું કામ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૨ :** ચોમાસા બાદ ખખડધજ બનેલા માર્ગોના સમારકામ માટે વાપીમાં હાઈવે ઓથોરિટી દ્વારા સર્વિસ રોડ પર પેચવર્કનું કામ શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી વાપી-વલસાડ હાઈવેના બંને તરફના સર્વિસ રોડ પર ખાડા પૂરવાની કામગીરી ચાલી રહી છે, જેનાથી વાહનચાલકોને રાહત મળી છે.

જોકે, શહેરના આંતરિક માર્ગોની હાલત હજુ પણ દયનીય છે. વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં અનેક મુખ્ય અને આંતરિક રસ્તાઓ ઉખડી ગયા છે, મોટા ખાડા પડ્યા છે, પરંતુ મનપા દ્વારા હજુ પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી નથી. વરસાદ બંધ થયાને અઠવાડિયા વીત્યા છતાં પાલિકા તંત્ર મુહૂર્તની રાહ જોઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે ખાડાઓને કારણે અકસ્માતનો ભય રહે છે અને વાહનોને નુકસાન થાય છે. તંત્ર તાત્કાલિક પેચવર્ક શરૂ કરે તેવી માંગ ઉઠી છે.

## દમણમાં ૧૦ હજાર યુવા મતદારોને યાદીમાં ઉમેરવા ખાસ ઝુંબેશ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૨ :** દમણ અને દમણ-દીવમાં ૧૮ વર્ષના થયેલા આશરે ૧૦,૦૦૦ જનરલ-ઝેડ યુવાનોની નોંધણી માટે ચૂંટણી પંચ એક ખાસ ઝુંબેશ શરૂ કરશે, એમ કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી અરુણ ટી.એ શુક્રવારે સચિવાલયમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

તેમણે માહિતી આપી હતી કે કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારાની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રક્રિયા હેઠળ, ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરી ચૂકેલા યુવાનોને મતદાર યાદીમાં ઉમેરવા પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ માટે, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ખાસ શિબિરોનું આયોજન કરવામાં આવશે જેથી યુવાનોને મતદાર યાદીમાં તેમના નામ ઉમેરવાની પ્રક્રિયા વિશે શિક્ષિત કરી શકાય.

મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે ઝુંબેશ સાથે જોડાવા માટે જનરલ-ઝેડ યુવાનોને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશની મતદાર યાદીમાં મોટી સંખ્યામાં બિન-નિવાસી નાગરિકો છે. લ્ત્ય દરમિયાન, લાંબા સમયથી ગેરહાજર રહેલા મતદારોના નામ યાદીમાંથી દૂર કરી શકાય છે.

તેમણે સ્પષ્ટતા કરી કે જો કોઈ નાગરિકનું નામ કોઈપણ કારણોસર મતદાર યાદીમાંથી દૂર થઈ જાય, તો તેઓ માન્ય દસ્તાવેજો સાથે ફોર્મ ૬ સબમિટ કરીને મતદાર યાદીમાં પોતાનું નામ ફરીથી સામેલ કરી શકે છે. મતદાર યાદી એક ચાલુ -ક્રિયા છે, તેથી પાત્ર નાગરિકો તેમના નામ ઉમેરવાનું ચાલુ રાખી શકે છે.

અરુણ ટી. એ જણાવ્યું હતું કે ચૂંટણી પંચ સંપૂર્ણ પારદર્શિતા સાથે પ્રક્રિયાનું સંચાલન કરી રહ્યું છે. પત્રાકાર પરિષદમાં ચૂંટણી અધિકારીઓ આશિષ મોહન, આરતી અગ્રવાલ અને અમિત કુમાર પણ હાજર હતાં.

## કચીગામ ગાર્ડનને સામાન્ય લોકો માટે તાત્કાલિક ખોલવાની માંગ

**દમણ, તા.૦૨ :** દમણ અને દીવની પ્રદેશ કોંગ્રેસ સમિતિએ કચીગામ ગાર્ડનને તાત્કાલિક જાહેર જનતા માટે ફરીથી ખોલવાની માંગ કરી છે. પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હર્ષ દુબે દ્વારા જારી કરાયેલી એક પ્રેસ રિલીઝમાં બગીચા અંગે વહીવટીતંત્ર સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે.

કોંગ્રેસ સમિતિએ જણાવ્યું હતું કે જાહેર ભંડોળથી વિકસાવવામાં આવેલ આ જાહેર ઉદ્યાન વર્ષોથી જનતાને પ્રવેશ અને ઉપયોગથી વંચિત રાખવામાં આવ્યું છે. પક્ષના જણાવ્યા મુજબ, વહીવટીતંત્રે કચીગામ ગાર્ડનને જાહેર પર્યટન અને મનોરંજન સ્થળ તરીકે વિકસાવ્યું હતું. તેમ છતાં, ઘણા વર્ષોથી જનતાને નિયમિત પ્રવેશનો ઈનકાર કરવામાં આવ્યો છે. હાલમાં ખાનગી કંપની દ્વારા આ પરિસરમાં એક રિસોર્ટ ચલાવવામાં આવી રહ્યો છે.

પ્રદેશ કોંગ્રેસે વહીવટીતંત્ર પાસેથી માંગણી કરી છે કે બગીચા સંકુલના કેટલા વિસ્તારને લાઈસન્સ આપવામાં આવ્યું છે. લાઈસન્સની અવધિ અને શરતો શું છે અને સામાન્ય લોકોના પ્રવેશ સંબંધિત જોગવાઈઓ શું છે તેની માહિતી જાહેર કરવામાં આવે.

કોંગ્રેસે જણાવ્યું હતું કે જાહેર ભંડોળથી બનેલા પાર્કમાંથી જનતાને બાકાત રાખી શકાય નહીં. પર્યટન વિકાસનું સ્વાગત કરતી વખતે, પાર્ટીએ જણાવ્યું હતું કે પર્યટનના નામે જનતાને જાહેર મનોરંજન સ્થળોથી વંચિત ન રાખવી જોઈએ.

કોંગ્રેસ સમિતિએ વહીવટીતંત્ર સમક્ષ ચાર મુખ્ય માંગણીઓ મૂકી છે. કચીગામ ગાર્ડનને જાહેર જનતા માટે તાત્કાલિક ખોલવું, જાહેર પ્રવેશ સમય અને નિયમો સ્પષ્ટપણે સૂચિત કરવા, પરિસર સંબંધિત લાઈસન્સ અથવા છૂટની શરતો જાહેર કરવી અને ખાતરી કરવી કે સ્થાનિક નાગરિકો વાણિજ્યિક પ્રવાસન પ્રવૃત્તિઓને કારણે જાહેર મનોરંજન ક્ષેત્રોથી સંપૂર્ણપણે વંચિત ન રહે. કોંગ્રેસે જણાવ્યું હતું કે તે જવાબદાર પ્રવાસન વિકાસ અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીને સમર્થન આપે છે, પરંતુ જાહેર સંસાધનો અને જાહેર જગ્યાઓનો ઉપયોગ જાહેર હિતમાં થવો જોઈએ. પક્ષે કાચીગાંવ ગાર્ડનમાં જાહેર પ્રવેશ પુનઃસ્થાપિત કરવા માટે વહીવટીતંત્ર પાસેથી તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી હતી.

## ચીખલીના વાણીયાવાડમાં પરણીતાએ ફાંસો ખાતા મોત

**ચીખલી, તા.૦૨ :** ચીખલી વાણીયાવાડ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી એક પરણિત યુવતીએ લગ્નના ટૂંકા ગાળા દરમિયાન ફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા ચીખલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલીના વાણિયાવાડ વિસ્તારમાં જોગેશ્વરી માતા મંદિર પાસે મુન્ના ગાંધીના મકાનમાં ભાડેથી રહેતા અને કલરકામ તેમજ ફૂલનો વ્યવસાય કરતા મૂળ બિહારી પરિવારની રબીના સંદીપ ચૌધરી ઉ.વ. ૧૮ તેણીના લગ્ન તારીખ ૮. ૭. ૨૬ ના રોજ સંદીપ ચૌધરી સાથે થયા હતા. દરમિયાન તા. ૧-૧૦-૨૬ના રોજ રબીના ચૌધરીએ કોઈ અગમ્ય કારણોસર સાંજના સુમારે પંખા ઉપર સાડી વડે ગળેફાંસો ખાઈ લેતા સદર ઘટનાની જાણ ચીખલી પોલીસને થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે જોકે લગ્નના ત્રણ માસના ટૂંકા ગાળામાં જ રબીનાએ આત્મહત્યા કરતા તેણીના પરિવારના આવ્યા બાદ સાચી હકીકત બહાર આવશે.

### CHANGE OF NAME

I have changed Old Name FROM **GUPTA KHUSHBOO SHIVSHANKAR** TO New Name **KHUSHBOO SHIVSHANKAR GUPTA** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD : KHUSHBOO SHIVSHANKAR GUPTA**
ADDRESS : - 244-A, Anand Nagar, Gandhiwadi, Umbergaon, Po.: Umargam, Dist. Valsad, Gujarat - 396170

### CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM HARSHAD SHETH TO HARSHAD SURESHCHANDRA SHETH AS PER DOCUMENT ADDRESS : G-21 PRAMUKH DARSHAN-2,NAROLI ROAD,OPP MICROWAVE TOWER, SILVASSA - 396230

### CHANGE OF NAME

I HAVE CHANGED M Y NAME FROM OLD NAME : RIMPALBEN TO NEW NAME : DIMPALBEN KIRITBHAI HALPATI, RESIDENT OF 732, DHUYA, BHANDARWAD, MOHANGAM, MOHAN, BHILAD, UMBERGAON, VALSAD, GUJARAT - 396105.

### CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM SOHIL M. JIVANI TO SOHILKUMAR MAHAMADALI JIWANI ADDRESS:- FLAT NO. 304, A-WING, ROYAL RESIDENCY, MASHAL CHOK, OPP. RAJ PLACE HOTEL, KHARIWAD, NANI DAMAN -396210

### નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **રિમ્પલબેન** હતું જે બદલીને મારૂ નવું નામ **ડિમ્પલબેન કિરીટભાઈ હળપતિ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **ડિમ્પલબેન કિરીટભાઈ હળપતિ**
સરનામું :૭૩૨, ધૂયા ભંડારવાડ, મોહનગામ, ભીલાડ, ઉમરગામ, વલસાડ, ૩૯૬૧૦૫ - ગુજરાત

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૨૧૩/૨૦૨૬

અરજદાર : શ્રી અશ્વિનભાઈ બાબરભાઈ માછી, ઉ.આ.વ.૫૧, ધંધો-નોકરી
રહે. ટેંભી, આંબાવાડી ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. બી.આર. ટંડેલ)

વિરુધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ટેંભી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અશ્વિનભાઈ બાબરભાઈ માછી** રહે. ટેંભી, આંબાવાડી ફળિયું, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદા **લખ્યા સાતમ માછીનું** મરણ તા.૧૮-૦૪-૧૯૮૧ના રોજ મોજે - ટેંભી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૧/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૨૧૩/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

### -:: જાહેર નોટીશ ::-

**મે.ચીખલીના એડીશનલ સિનીયર સિવીલ જજ તથા એડીશનલ ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ચીખલી**

ફોજદારી પરચુરણ અરજી નંબર :૨૮૦/૨૦૨૬
ઠરાવ તારીખ : ૧૭/૧૦/૨૦૨૬

અરજદાર : રૂપેશભાઈ શૈલેષભાઈ હળપતિ
રહે. સરૈયા ઝભડા ફળિયા તા.ચીખલી, જી.નવસારી
અરજદાર વિ.વ.શ્રી : આર. ડી. પટેલ

વિરુધ્ધ

સામાવાળા : (૧) આચાર્યશ્રી સાર્વજનિક હાઈસ્કૂલ કાંગવઈ, તા.ચીખલી, જી.નવસારી
(૨) જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી નવસારી
મુ.પો. જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી નવસારી તા.જી.નવસારી

આથી હિત ધરાવતા પક્ષકારોને આ નોટીશથી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કામે અરજદારે તેમના સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટમાં અરજદારના નામમાં કોલમ નં.૧માં નામનો સાચો અને ખરો સુધારો સદર કામનાં સામાવાળાઓ કરી આપે તે માટેની અરજી ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન એક્ટ - ૧૯૭૪ તથા ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન એક્ટની કલમ - ૧૨(ક) (૪) મુજબ અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

| ક્રમ | સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટના કોલમ નં.૧માં જણાવેલ નામ | સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટના કોલમ નં.૧માં સુધારો કરવાનું નામ |
|---|---|---|
| ૧ | હળપતિ રૂપેશભાઈ સુરેશભાઈ | હળપતિ રૂપેશભાઈ શૈલેષભાઈ |

જેની સામે કોઈને વાંધો રજૂ કરવા હોય તેમણે મુદત તારીખ ૧૭/૧૦/૨૦૨૬ના રોજ અગર તે પહેલા અત્રેની કોર્ટમાં વાંધા રજુ કરવા. અગર જો કોઈ વાંધા રજુ ન થાય તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની જાહેર જનતાને નોંધ લેવી.

આજ તારીખ ૨૫મી માહે : સપ્ટેમ્બર સને : ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા.

સહી/-
આસીસ્ટન્ટ
એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ
ચીખલી

સહી/-
સુપ્રિન્ટન્ડન્ટ
એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ
ચીખલી

(કોર્ટનો સિક્કો)

સહી/-
રજીસ્ટ્રાર
એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ
ચીખલી

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૨૨૬/૨૦૨૬

અરજદાર : અશોકકુમાર રવજી દહેરીકર, ઉ.આ.વ.૫૧, ધંધો - નોકરી
રહે. દહેરી
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. બી.આર. ટંડેલ)

વિરુધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, દહેરી
ગ્રામ પંચાયત કચેરી, દહેરી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અશોકકુમાર રવજી દહેરીકર** રહે. દહેરી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા નામે **રવજી ધનજી દહેરીકરનો** જન્મ/મરણ તા.૦૪-૦૮-૧૯૮૧ના રોજ મોજે - દહેરી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૧/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૨૨૬/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

### TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૧૦:૦૦ થી બપોરના ૦૬:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| સોમવાર ૦૫/૧૦/૨૦૨૬ | વાઘધારા | (૬૬ કેવી ૨૦ એમવીએ ટીઆર-૩) | સ્ટરલાઈટ ગલી, વાઘધારા એસ.એસ. રોડ વિસ્તાર, પ્રિન્સ પાઈપ ગલી વિસ્તાર, પોલારિસ એપાર્ટમેન્ટ્સ, ગોકુલધામ, કૃષ્ણ પેટ્રોલ પંપ વિસ્તાર, લે રોયલે હોટેલ વિસ્તાર, સર્વોત્તમ ઈન્ડસ્ટ્રિયલ વિસ્તાર, એચએમટી ઓર્ગેનિક્સ વિસ્તાર,સરલા ઈન્ડસ્ટ્રીઝ તિઘરા વિસ્તાર પાસે , સુમારિયા ઈન્ડસ્ટ્રીઝ, એ.કે. એન્ટરપ્રાઈઝ, એલુપેક, કેનાલ નજીકનો વિસ્તાર, પરશુરામ પુરિયા રોડ, પાર્થ ઈન્ફ્રા. ૧૧ કેવી એક્સપ્રેસ ફીડરઃ સેજલ ગ્લાસ, ઈન્ફિલૂમ, વૈભવ લક્ષ્મી એક્સપ્રેસ ફીડર, |
| | રખોલી | (૬૬ કેવી ૨૦ એમવીએ ટીઆર-૫) | ૧૧ કેવી એક્સપ્રેસ ફીડર્સઃ આર.આર. કાબેલ - ૨, કેઈઆઈ (રખોલી), આઈપીપીએલ (રખોલી), જેએસકે ઈન્ડસ્ટ્રીઝ -૨ (રખોલી), પ્રેસ્ટ્રેસ સ્ટીલ એલએલપી, ઓરેકલ પોલીપ્લાસ્ટ, આર.આર. કાબેલ-યુનિટ ૩, ડાબર |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે
આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**No.MAM/KNVL/RBD-DNH/138/2026/1194** **Dated: 26/09/2026**

**APPLICANT - SHRI SADU SAVJI PARDHI**
**R/o. Fatherpada, Sindoni**
**Mob.: 7359567844/7203041501**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Sindoni.**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Sadu Savji Pardhi, R/o. Fatherpada, Sindoni, DNH has submitted an application dated 05/02/2026, 14/07/2026 & 19/08/2026 seeking registration of date of death of his grandfather namely Kam Mahdu Pardhi, S/o. Yemni Mahdu Pardhi, who died on 03/11/2006 at Fadarpada, Sindoni, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Sindoni.

Therefore, the applicant has requested to issue an order to register the death of Kam Mahdu Pardhi, S/o. Yemni Mahdu Pardhi.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**















દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Saturday 03, October 2026

# દમણગંગા ટાઇમ્સ




# વલસાડમાં સ્માર્ટ મીટર લગાવતી ટીમ પર હુમલો : બે સામે ફરિયાદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ પૂર્વ સબ ડિવિઝન કચેરીના નાયબ ઈજનેર વિરલકુમાર બળવંતરાય પટેલ પોતાની ટીમ સાથે કેન્દ્ર સરકારની આર.ડી.એસ.એસ. યોજના હેઠળ સ્માર્ટ મીટર લગાવવાની કામગીરીમાં હતા. બપોરે ૩ કલાકે તેઓ ધરમપુર ચોકડી પાસે આવેલી ક્રિષ્ના હોટલની બાજુમાં આવેલ દાસમણી કોમ્પ્લેક્ષની દુકાન નં. ૨૨ માં ગ્રાહક મહમદ શાકીબ અઝીઝભાઈ છીપાની દુકાને મીટર બદલવા ગયા હતા.

આ દરમિયાન ગ્રાહક મહમદ શાકીબ સ્થળ પર આવીને ઉશ્કેરાઈ ગયા હતા અને કર્મચારીઓ સાથે ગાળાગાળી કરવા લાગ્યા હતા. ત્યારબાદ મહમદ શાકીબ ગેસ કટરના નોઝલવાળા પાઈપ વડે હુમલો કરવા દોડ્યા હતા. આ દરમિયાન વચ્ચે બચાવવા જતાં તેમની સાથે રહેલા તેમના ભત્રીજા મહમદ ઉબેઈ આરીફભાઈ છીપાએ વીજ ટીમના જુનિયર એન્જિનિયર પ્રતિક ગામીત પર હુમલાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ નાયબ ઈજનેરનો કોલર પકડી શર્ટનું બટન તોડી નાખ્યું હતું અને જો તમે સ્માર્ટ મીટર લગાવશો તો તમને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. ઘટના દરમિયાન કર્મચારીઓએ જનરક્ષક ૧૧૨ પર પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. આ બનાવ સંદર્ભે નાયબ ઈજનેર વિરલકુમાર પટેલે સરકારી ફરજમાં રુકાવટ, ઝપાઝપી, ગાળાગાળી અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની વલસાડ સીટી પોલીસ માં ફરિયાદ નોંધાવી છે.

# વાપીમાં ગાંધી અને શાસ્ત્રી જયંતિએ વિવિધ કાર્યક્રમ યોજાયા





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વાપી શહેરમાં વિવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે વાપીને સ્વચ્છ, સુંદર અને હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

પર્યાવરણના જતન અને વાપીને વધુ હરિયાળું બનાવવા માટે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત મંત્રીશ્રીના હસ્તે વાપીની સંકલ્પ સોસાયટી અને ગોકુળ વિહાર સોસાયટીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધી બાપુને પ્રિય એવા ખાદીના વસ્ત્રોની મંત્રી સહિતના પદાધિકારીઓએ ઉત્સાહભેર ખરીદી કરી આત્મનિર્ભર ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ, ખાદી અને આત્મનિર્ભરતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર સંગઠન પ્રભારી ભરતભાઈ જાધવ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનિષભાઈ દેસાઈ, વાપી નોટીફાઈડ ચેરમેન મગનભાઈ સાવલિયા, હેમંતભાઈ પટેલ, અમન ત્રિવેદી, જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતીના પ્રમુખ મેહુલ પટેલ, વાપી VIA એડવાઈઝરી કમિટીના મેમ્બર યોગેશભાઈ કાબરીયા, દમણગંગા દૈનિક અખબારના નિવાસી તંત્રી વિકાસભાઈ ઉપાધ્યાય, તંત્રી મંજુલાબેન ઉકાણી સહિત મહિલા મોરચા અને યુવા મોરચાના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# વલસાડમાં ગાંધી જયંતી નિમિત્તે સાંસદે પુષ્પાંજલિ અર્પણ કરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૨ :** દેશના રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મ જયંતી નિમિત્તે વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન જે.પટેલ અને વલસાડ-ડાંગના સાંસદ તેમજ લોકસભાના દંડક ધવલભાઈ પટેલે વલસાડ શહેરમાં આવેલી ગાંધી લાઈબ્રેરી ખાતે પૂ. બાપુની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી સાદર નમન કર્યા હતા. આ સાથે જ બાપુના સત્ય, અહિંસા, પ્રેમ, કરૂણા અને સાદગીના વિચારોને વંદન પણ કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# વાપી ટાઉન પોલીસે દાગીના ઉતારતી ગેંગના બે ઈસમને નાસિકથી ઝડપ્યા







**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** વાપી ટાઉનમાં ગત ૨૧ ઓગસ્ટના રોજ હનુમાન મંદિર સામેની ગલીમાં એક વૃદ્ધાને ત્રણ ઈસમોએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી. આગળ પોલીસ છે, ચોરી બહુ થાય છે, દાગીના ઉતારી થેલીમાં મૂકો એમ કહી વૃદ્ધા પાસેથી દાગીના ઉતરાવી, થેલીમાં મૂકવાના બહાને નજર ચૂકવી ૧૧ તોલા સોનાના દાગીના તફડાવી ફરાર થઈ ગયા હતા.

ઘટનાની ફરિયાદ નોંધાતા પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ એનાલિસિસ અને ઘટના સમયે વિસ્તારના મોબાઈલ ટાવર પરના હજારો કોલ ડિટેલની તપાસ હાથ ધરી હતી. શંકાસ્પદ નંબરોના આધારે આરોપીઓની ઓળખ થતા વાપી ડિવિઝન ડીવાયએસપી બી. એન. દવે અને ટાઉન પીઆઈ કે.બી. ઝાલાના માર્ગદર્શનમાં એએસઆઈ પ્રદીપસિંહ, એચ.ઓ. ગુલાબભાઈ, કોન્સ્ટેબલ અલ્પેશ, શૈલેષ, જેવીસિંહ સહિતની બે ટીમોએ ૧૫ દિવસથી વધુ મહેનત બાદ ઈરાની ગેંગના મહંમદ રફીક મહંમદ યુસુફ શેખ (૫૫), નાસિર અલી આમિર અલી (૪૮) અને મોહસીન રઝાક ગુલામ (ત્રણેય રહે. નાગપુર) ને નાસિકથી ઝડપી પાડ્યા હતા.

કોર્ટમાં રજૂ કરતા ત્રણેયના ત્રણ દિવસના રિમાન્ડ મેળવાયા છે. પૂછપરછમાં તફડાવેલા દાગીના ગેંગના યુસુફ અને પિંકી નામની મહિલાને આપ્યા હોવાનું કબૂલ્યું હતું, જે સોનીને વેચી દે છે. પોલીસે બંનેને ભાગેડુ જાહેર કર્યા છે.

સૂત્રો મુજબ આ ગેંગ ટ્રાવેલિંગ બસમાં બાઈક ચઢાવી અલગ-અલગ શહેરોમાં આવી રેકી કરી વૃદ્ધોને નિશાન બનાવે છે. પકડાયેલાઓ સામે મહારાષ્ટ્રના વિવિધ પોલીસ સ્ટેશનોમાં અનેક ગુના નોંધાયેલા છે.

# વાપીમાં કોંગ્રેસે ગાંધીજી અને શાસ્ત્રીજીની જયંતિ ઉજવાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.** વાપી શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે ગાંધી જયંતી અને લાલ બહાદુર શાસ્ત્રી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ વોર્ડમાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યકરોને સંબોધતા શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશ શાહે જણાવ્યું હતું કે, આપણે બાપુએ ચીંધેલા સત્ય અને અહિંસાના માર્ગે આગળ વધી વોર્ડના દરેક વ્યક્તિના કામો કરી લોકોનો વિશ્વાસ જીતવાનો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હાલ ભાજપમાં ચૂંટાયેલા કોર્પોરેટરોના માત્ર હાઈકમાન્ડના ઈશારે જ કામો થાય છે અને તેઓ અંદરોઅંદર ગૂંગળાઈ રહ્યા છે. તેમના કેટલાક લોકો અમારી પાસે આવે છે, જેમના કામો પણ અમે કરી આપીએ છીએ. ન્યાત, જાત કે ધર્મ જોયા વિના લોકોના કામ કરી વિશ્વાસ જીતવાથી જ કોંગ્રેસ મજબૂત થશે. આ કાર્યક્રમમાં આપ પાર્ટીના પ્રમુખ બિપિન તોમર, મનોજ સોલંકી સહિત ૯ કાર્યકરો તેમજ વોર્ડ નં. ૬ ના ભાજપ લઘુમતી સેલના શકીનાબેન વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા હતા. આ પ્રસંગે વાપી મનપાના વિરોધ પક્ષના નેતા પીરમહમદ મકરાણી, વરુણસિંહ ઠાકુર સહિત કોંગ્રેસ કાર્યકરો, કાઉન્સિલરો, આગેવાનો હાજર રહ્યાં હતાં.

# કકવાડીમાં ટ્રેક્ટર પલટી જતાં ઘવાયેલા શ્રમિકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૨ :** વલસાડના કકવાડી રોડ પર ટ્રેક્ટર પલટી મારી જતાં ટ્રોલીમાં બેસેલા એક યુવાન શ્રમિકનું ગંભીર ઈજાઓ થવાથી સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે. આ બનાવ અંગે ટ્રેક્ટર ચાલક સામે બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

મૂળ ઓડિશાના સુંદરગઢ જિલ્લાના વતની અને હાલ કકવાડ ખાતે ખેત મજૂરી કરતા સનિયા ભીરસા ટોપનોએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ અને અન્ય શ્રમિક જેથુ કામેશ્વર સીંગ (ઉ.વ. ૨૮) કકવાડી ના શીરીષભાઈ ઈશ્વરભાઈ પટેલના ઝીંગાના તળાવ પર મજૂરી કામ કરતા હતા.

ગત તારીખ ૩૦ સપ્ટેમ્બરના રોજ સાંજના ૪:૪૫ કલાકે ઝીંગા તળાવ પરથી સામાન ઘરે મૂકીને ટ્રેક્ટર નંબર GJ 15 CN 5460 લઈને પરત ફરી રહ્યા હતા. તે સમયે ટ્રેક્ટર શીરીષભાઈ ચલાવી રહ્યા હતા અને બંને શ્રમિકો ટ્રેક્ટરની ટ્રોલીમાં બેઠા હતા. કકવાડી રોડ પરથી પસાર થતી વખતે ટ્રેક્ટર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારાતાં, ટ્રોલીનું એક ટાયર રોડની સાઈડમાં ઉતરી ગયું હતું અને ટ્રેક્ટર-ટ્રોલી પલટી ખાઈ ગયા હતા.

# ધરમપુરમાં જિલ્લા કોંગ્રેસે ગાંધી જયંતિની ઉજવણી કરી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નાનાપોંઢા, તા.૦૨ :** ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ધરમપુર ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહાત્મા ગાંધીજીના જીવન, વિચારો અને સત્ય તથા અહિંસાના સિદ્ધાંતોને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશનભાઈ પટેલ, ઉપપ્રમુખ વસંતભાઈ પટેલ, ધરમપુર કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેશભાઈ પટેલ, નાનાપોંઢા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હરેશભાઈ પટેલ, કપરાડા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઈશ્વરભાઈ તુમડાં, ધરમપુર તાલુકા પંચાયતના માજી પ્રમુખ રમેશભાઈ પાડવી, જિલ્લા એસટી સેલના પ્રમુખ રાહુલભાઈ સહિત કોંગ્રેસના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપીમાં બોગસ એગ્રીમેન્ટથી કરોડોની મિલકત હડપવાના કેસમાં ગુનો દાખલ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** જીઆઈડીસી ખાતે આવેલી હોટલની કિંમતી મિલકત અંગે ખોટો અને બનાવટી એગ્રીમેન્ટ તૈયાર કરી છેતરપિંડી આચર્યાની ગંભીર ફરિયાદ સામે આવી છે. હોટલ સુપ્રિમના સંચાલક મોહમ્મદ અલી ગુલામહુસેન અધારીયા (ઉં.૪૮, રહે. જીઆઈડીસી, વાપી) એ અવિનાશ સંજીવ ઘોડા (ઉં.૩૫, રહે. ૩૦૬, નારાયણ ચેમ્બર્સ, સર્વોદય હોટલ સામે, ગુંજન, વાપી) વિરુદ્ધ ઈ.પી.કો. કલમ ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબ તા.૦૨/૧૦/૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ આરોપીએ તા.૩૦/૦૬/૨૦૧૮ ના રોજનો એક એગ્રીમેન્ટ બનાવ્યો હતો, જેમાં ફરિયાદીને પ્રથમ પાર્ટી અને આરોપીના પિતા સંજીવ ઘોડાને બીજી પાર્ટી દર્શાવ્યા હતા. તેમાં હોટલ સુપ્રિમ પ્રા.લી.ની મિલકત રૂ.૧,૫૧,૦૦,૦૦૦ માં ખરીદ કરવાનું, બાના પેટે રૂ.૧૧ લાખ રોકડા આપ્યાનું અને બાકીના રૂ.૧,૪૦,૦૦,૦૦૦ કન્વેયન્સ ડીડ વખતે આપવાનું દર્શાવ્યું હતું. આ એગ્રીમેન્ટમાં ફરિયાદીની સહી, ફોટો, આધારકાર્ડ અને પાનકાર્ડનો ઉપયોગ કરાયો હતો.

ફરિયાદીનું કહેવું છે કે આવો કોઈ એગ્રીમેન્ટ તેમણે ક્યારેય કર્યો નથી, તેઓ કોઈ નોટરી કે એડવોકેટની ઓફિસે ગયા નથી અને નોટરીના રજિસ્ટરમાં સહી પણ કરી નથી. એગ્રીમેન્ટ જોતાં જ સહીની કોપી કરેલી હોવાનું સ્પષ્ટ જણાયું હતું. આધુનિક ટેકનિકથી ફોટો, આધારકાર્ડ સરળતાથી મેળવી શકાય છે.

વધુમાં ફરિયાદીએ પોતાની સહીના નમૂના હસ્તાક્ષર નિષ્ણાતને આપતા તા.૧૪/૦૨/૨૦૨૪ ના રોજ અભિપ્રાય મળ્યો હતો કે એગ્રીમેન્ટમાં કરેલી સહી ખોટી છે. નોંધનીય છે કે એગ્રીમેન્ટમાં દર્શાવેલ ખરીદનાર વ્યક્તિનું તા.૩૧/૧૦/૨૦૨૩ ના રોજ અવસાન થયું હતું. જીવિત હતા ત્યારે પાંચ વર્ષ સુધી કોઈ કાર્યવાહી ન કરી અને અવસાનના બે માસ બાદ આશ્ચર્યજનક રીતે દાવો કરાયો હતો, જેથી ફરિયાદી પાસેથી નાણા પડાવવાનું ગુનાહિત કાવતરું હોવાની શંકા વ્યક્ત કરાઈ છે. આરોપીએ આ બોગસ દસ્તાવેજને ખરા તરીકે ઉપયોગ કરી વાપીના સિનિયર સિવિલ જજની કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૦૨/૨૦૨૪ થી દાવો દાખલ કર્યો હતો. આ અંગે ફરિયાદીએ તા.૧૩/૦૨/૨૦૨૪ ના રોજ વાપી ટાઉન પોલીસમાં લેખિત ફરિયાદ આપી હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં સ્ટેટ ઓફ યુ.પી.ના ચુકાદાના આધારે નામદાર કોર્ટમાં ફરિયાદ કરવાની ફરજ પડી હોવાનું જણાવ્યું છે.

# ધરમપુરમાં ૩ ભેંસોને લઈ જતો ટેમ્પો ઝડપાયો

**ધરમપુર, તા.૦૨ :** બિલપુડી સડક ફળિયા નજીક આવધાથી ધરમપુર તરફ આવતા રોડ પરથી પોલીસે રૂા.૬ લાખની કિંમતનો આઈસર ટેમ્પો અને ૩ ભેંસો મળી કુલ રૂ. ૬.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી કરી હોવાની માહિતી મળી છે. તા. ૧ ઓક્ટોબરની રાત્રે આઈસર ટેમ્પો નંબર DD-01-H-9645માં ત્રણ ભેંસોને પૂરતી હલનચલનની જગ્યા વિના તથા દોરડાથી કથિત રીતે કુરતાપૂર્વક બાંધીને લઈ જવામાં આવતી હતી. આ મામલે પોલીસે ટેમ્પો ચાલક ધરમપુરના કાનજી ફળિયામાં રહેતા લિયાકત ગુલહસન આલીસર (ઉં.વ. ૩૩) સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# છીરીમાં જૂની અદાવતમાં યુવક પર ચપ્પુ વડે હુમલો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** વાપીના છીરી, રામનગર વિસ્તારમાં જૂની બોલાચાલીની અદાવત રાખી એક યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરાયો હોની ઘટના બની છે. આ અંગે વાપી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી જિતેન્દ્રકુમાર બબલુ શાહ રહે. રામનગર, છીરીએ જણાવ્યું હતું કે, તે વાપી જીઆઈડીસીની એન.આર. અગ્રવાલ પેપર કંપનીમાં હેલ્પર તરીકે નોકરી કરે છે. તેમની સાથે કંપનીમાં સુપરવાઈઝર તરીકે ઉમેશકુમાર મહાદેવ યાદવ પણ નોકરી કરે છે. ગત તા.૦૧/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે તે રૂમ બહાર નીકળ્યો ત્યારે બાજુમાં રહેતો બ્રિજેશ મહેન્દ્ર દિવાકર અગાઉની બોલાચાલીની અદાવત રાખી ઉમેશકુમાર સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. સમજાવીને મોકલ્યા બાદ સાંજે છ વાગ્યે બ્રિજેશ ચપ્પુ લઈને આવ્યો હતો અને ઉમેશ તુ મેરે સાથ ઝગડા કરતા હે, મે તેરે કો આજ માર હી દું એમ કહી પેટ અને છાતીના ભાગે ૫-૬ ઘા માર્યા હતા. ગંભીર ઈજા થતા લોહી નીકળવા લાગતા ૧૦૮ ન આવતા પેસેન્જર રીક્ષામાં ઉમેશકુમારને વાપી હરિયા હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં તેની હાલત ગંભીર છે. પોલીસે આરોપી બ્રિજેશ વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા

# સુરત-ઉદયપુર વંદે ભારત અને વલસાડ-સુરત મેમુને લીલી ઝંડી અપાઈ



**વાપી, તા.૦૨ :** જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે આજે સુરતમાં આયોજિત એક સમારોહમાં સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપી હતી.

સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસનું લોન્ચિંગ ભારતીય રેલ્વેના આધુનિક, અર્ધ-હાઈ-સ્પીડ, સલામત અને આરામદાયક મુસાફરી પૂરી પાડવાના સતત પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. શ્રેષ્ઠ મુસાફરોની સુવિધાઓ, અદ્યતન સલામતી સુવિધાઓ અને હાઈ-સ્પીડ -વેગકથી સજ્જ આ સ્વદેશી રીતે ડિઝાઈન કરાયેલ અત્યાધુનિક ટ્રેનસેટ, બે મુખ્ય શહેરો વચ્ચે મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટાડશે, વિશ્વ કક્ષાનો મુસાફરી અનુભવ પ્રદાન કરશે અને મુસાફરો માટે સરળ મુસાફરી સુનિશ્ચિત કરશે. આ બે નવી ટ્રેન સેવાઓનું લોન્ચિંગ પશ્ચિમ રેલ્વેની મુસાફરોની સુવિધાઓને વિસ્તૃત કરવા અને રેલ કનેક્ટિવિટી વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ ગુજરાત અને રાજસ્થાન વચ્ચે આધુનિક અને ઝડપી રેલ મુસાફરીનો વિકલ્પ પૂરો પાડશે, જ્યારે વલસાડ-સુરત દૈનિક મેમુ ટ્રેન દક્ષિણ ગુજરાતના મુખ્ય સ્ટેશનો વચ્ચે દૈનિક મુસાફરોની સુવિધામાં વધારો કરશે.

# વલસાડમાં બંધ રેલવે ક્વાર્ટરમાંથી ચાંદીના દાગીના સહિત રૂા.૧૫,૪૮૦ની મત્તા ચોરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ ઈસ્ટ રેલવે યાર્ડ ક્વાર્ટરમાં રહેતા રેલવે કર્મચારીના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો રોકડ, ચાંદીની પાયલ અને પિત્તળની મૂર્તિઓ મળી કુલ ૧૫,૪૮૦ની ચોરી કરી નાસી છૂટ્યા હોવાનો બનાવ સામે આવ્યો છે.

વલસાડ ઈસ્ટ રેલવે યાર્ડ ક્વાર્ટર નં. ૨૭૭/બી ખાતે રહેતા અને પશ્ચિમ રેલવેમાં ટ્રેકમેન તરીકે ફરજ બજાવતા રામચંદ્ર બાલકૃષ્ણ રાઉત પરિવાર સાથે વતન પેંડુરવાડી તા. સાવંતવાડી, જિ. સિંધુદુર્ગ માં ગણેશોત્સવ મનાવવા ગયા હતા. પરિવાર ગત તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ ઘર બંધ કરીને વતન ગયો હતો. દરમિયાન, પરિવાર તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે પરત ફર્યો ત્યારે ઘરના પાછળના દરવાજાનું તાળું નકુચા સાથે તૂટેલું જણાયું હતું. ઘરમાં તપાસ કરતાં બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરીનો દરવાજો તોડી અંદરથી રોકડા ૮,૦૦૦, પૂજાના મંદિરમાં રાખેલા ગલ્લામાંથી રોકડા ૮૦૦, તેમજ દીકરીના સ્કૂલ બેગમાંથી રોકડા ૩,૬૩૦ ગાયબ હતા. આ ઉપરાંત, પૂજાના મંદિરમાંથી મહાલક્ષ્મીજી અને ગણેશજીની પિત્તળની મૂર્તિઓ કિંમત આશરે ૧,૦૦૦ તથા બીજા કબાટમાંથી ચાંદીની પાયલ કિંમત ૨,૦૫૦ મળી કુલ ૧૫,૪૮૦ની મતા ચોરાઈ ગઈ હતી.

આ અંગે આસપાસ તપાસ કર્યા બાદ કોઈ ભાળ ન મળતાં રામચંદ્ર રાઉતે અજાણ્યા ચોર ઈસમ સામે કાયદેસરની વલસાડ રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## માનવ ઉત્થાન સેવા સમિતિ દ્વારા

# વલસાડમાં ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન યોજાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૨ :** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭ મી જન્મજયંતી નિમિત્તે, માનવ ઉત્થાન સેવા સમિતિ, વલસાડ શાખા દ્વારા તારીખ ૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વલસાડ ગાંધી લાઈબ્રેરી તેમજ મધ્યસ્થ બસ સ્ટેશન વલસાડ પરિસરમાં સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

સમિતિના પ્રભારી પૂજ્ય મહાત્મા અદ્વૈતાનંદજીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વલસાડ માનવધર્મ આશ્રમના સંતો પૂજ્ય મહાત્મા ટીકાનંદજી, પૂજ્ય બંદગીબાઈજી તથા પૂજ્ય મહાદેવીબાઈજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, વલસાડ ડેપો તરફથી ડેપો મેનેજર અનિલભાઈ અટારા, એટીએસ. કેસી. પટેલ તેમજ અશોકભાઈ, પ્રવીણભાઈ નવીનભાઈ ખાસ હાજર રહ્યા હતા.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**